પરદેશમાં દેશની મહેંક એટલે

સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

ભારતમાં બિનજરૂરી પ્રવાસ કરવાનું ટાળો : ઈયુ

વાંચો પેજ નં. ૧૮

FRIDAY, 14 MAY, 2021 Vol. 18, No. 20 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

ઈઝરાયેલ આક્રમક : ૧૧ કમાન્ડર સહિત ૮૯નો ખાત્મો

હમાસ ઉગ્રવાદીઓ દ્વારા ૧૬૦૦ રોકેટ છોડાતાં વળતા પ્રહારો શરૂ

- ઈઝરાયેલી સેનાએ સરહદોએ જમાવડો શરૂ કરી, સૈન્યએ અનેક યુદ્ધ ટેન્કો ખડકી દીધી

તેલ અવીવ : ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે હવે ખરાખરીના જંગમાં વિશ્વના અન્ય દેશો પણ જોડાઈ રહ્યા છે. તાજેતરમાં એવી સ્થિતિ આવી છે કે, ઈઝરાયેલ હવે હમાસ ઉગ્રવાદીઓનો ખાતમો બોલાવવા મરણીયું થયું છે. બુધવારે રાત્રે હમાસ ઉગ્રવાદીઓ દ્વારા ૧૬૦૦થી વધારે રોકેટ ઈઝરાયેલ ઉપર છોડવામાં આવ્યા હતા. પોતાની ડિફેન્સ સિસ્ટમના જોરે ઈઝરાયેલે વ્યાપક નુકસાન ખાળ્યું હતું છતાં આ હુમલામાં ૬ લોકોનાં મોત થતાં ઈઝરાયેલે બમણા જોરથી વળતો હુમલો કર્યો હતો. ઈઝરાયેલાના આ હુમલામાં પેલેસ્ટાઈનના ૮૯ લોકોના મોત થયા હતા. આ હુમલામાં હમાસના ૧૧ ટોચના કમાન્ડરોનો પણ ખાતમો બોલી ગયા હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે પોતાના ટોચના કમાન્ડરોના મોત થયા બાદ ગુરુવારે હમાસ દ્વારા યુદ્ધ વિરામની અપીલ કરવામાં આવી હતી. તેણે શસ્ત્રો મ્યાન કરવાની રજૂઆત કરી હતી જેને ઈઝરાયેલે ફગાવી દીધી હતી. હમાસના હુમલા બાદ બેન્જામીન નેતન્યાહૂ વધુ આકરા પાણીએ થયા છે અને હમાસનો ખાતમો બોલાવવા મરણીયા થયા છે. તેમણે હમાસની યુદ્ધ વિરામની અપલી ફગાવી દીધી છે અને ખરાખરીના જંગના મંડાણ કર્યા છે. તેમના આદેશ બાદ ઈઝરાયેલી સેનાએ પેલેસ્ટાઈનની સરહદોએ જમાવડો શરૂ કરી દીધો છે. મોટી સંખ્યામાં સૈન્ય જવાનો અને યુદ્ધ ટેન્કોની ખડકલો કરી દેવાયો છે. હવાઈ હુમલા બાદ હવે જમીન ઉપર વાસ્તવિક યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. આ બધા વચ્ચે વિશ્વના દેશો બે ભાગમાં વહેંચાઈ ગયા છે. ઈસ્લામિક દેશો દ્વારા ઈઝરાયેલનો વિરોધ કરાઈ રહ્યો છે જ્યારે અમેરિકા સહિત વિશ્વની કેટલીક મહાસત્તાઓ પેલેસ્ટાનને ખોટો ઠેરવી રહી છે.

ઈઝરાયેલને પાઠ ભણાવાની જરૂર છે : તુર્કીના પ્રમુખ

તુર્કીના પ્રમુખ એર્ડોગને જણાવ્યું હતું કે, ઈઝરાયેલ દ્વારા ખોટો ભયનો માહોલ ઊભો કરાવવામાં આવી રહ્યો છે. વૈશ્વિક સમુદાયો આગળ આવવું જોઈએ અને આ દિશામાં નક્કર પગલાં લેવા જોઈએ. ઈઝરાયેલને હવે પાઠ ભણાવવાની જરૂર હોવાની પણ ચિમકી તેમણે ઉચ્ચારી હતી. બીજી તરફ તેમણે રશિયાના પ્રમુખ પુતિનને વિનંતી કરી હતી કે, તેઓ આ મુદ્દે મધ્યસ્થી કરે અને યુદ્ધની સ્થિતિનો અંત લાવે. તેમણે આ ઉપરાંત યુએન સમક્ષ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ઈઝરાયેલ સામે પગલાં લેવા માગ કરી હતી. બીજી તરફ પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાન ખાને બુધવારે ટ્વીટ કરીને તેઓ પેલેસ્ટાઇન સાથે હોવાનું જાહેર કર્યું હતું.

ઈઝરાયેલને પોતાની સુરક્ષાનો અધિકાર છે : બાઈડેન

રાષ્ટ્રપતિ જો બાઇડેને ઇઝરાયેલનો પક્ષ લેતા કહ્યું કે તેમને પોતાની સુરક્ષા કરવાનો હક છે. આ રીતે અમેરિકાએ સાફ શબ્દોમાં કહી દીધું છે કે તે કોના પક્ષે છે. આ પહેલા તુર્કીએ પેલેસ્ટાઇનના સમર્થનમાં નિવેદન આપ્યું હતુ. તો રશિયાએ પણ આ મડાગાંઠ ઉકેલવા મધ્યસ્થોની બેઠક બોલાવવાનું સુચન કર્યું છે. આ અંગે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઇ લાવરોવે કહ્યું કે તાત્કાલિક બેઠક બોલાવવામાં આવે જેમાં અમેરિકા, યુરોપીય સંઘ, રશિયા અને યુએન સામેલ થાય.

ભારતમાં ૨૪ કલાકમાં વધુ ૩.૬૨ લાખ કેસ, ૩.૫૨ લાખ સાજા થયા

નવી દિલ્હી : આરોગ્ય મંત્રાલયનાં જણાવ્યા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩,૬૨,૭૨૭ કેસ નોંધાયા હતા જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૩,૫૨,૧૮૧ દર્દીઓ સાજા થયા હતા. દેશમાં કોરોનાથી રિકવરી રેટ ૮૩ ટકાથી વધુ હતો. એક દિવસમાં દેશમાં કોરોનાના કારણે ૪૧૨૦ લોકોનાં મોત થયા હતા. કડવી વાસ્તવિકતા એ છે કે આખી દુનિયામાં રોજનાં ૫૦ ટકા નવા કેસ ભારતમાં નોંધાઈ રહ્યા છે. મૃત્યુદર ૧.૦૯ ટકા નોધાયો હતો. એક્ટિવ કેસ વધીને ૧૬ ટકા થયા હતા. એક્ટિવ કેસનાં મામલે ભારત વિશ્વમાં બીજા ક્રમે છે જ્યારે સૌથી વધુ મોતનાં મામલે અમેરિકા અને બ્રાઝિલ પછી ત્રીજા ક્રમે છે.ભારતમાં રશિયાએ બનાવેલી કોરોના વેક્સિન સ્પુતનિક -ફ ને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવ્યા પછી આવતા અઠવાડિયે માર્કેટમાં તે મળવા લાગશે. નીતિ આયોગનાં સભ્ય ડો. વી. કે. પૌલ દ્વારા આ જાહેરાત કરાઈ હતી. આ વેક્સિનનું જુલાઈથી ભારતમાં ઉત્પાદન કરવામાં આવશે. તેમણે કહ્યું કે રશિયન વેક્સિન સ્પુતનિક – ફ નો સ્ટોક ભારતમાં પહોંચી ગયો છે. દેશમાં ઓગસ્ટથી ડિસેમ્બર સુધીમાં જુદી જુદી વેક્સિનના ૨૧૬ કરોડ ડોઝ ઉપલબ્ધ થશે.

૧૮ રાજ્યોમાં કોરોનાના કેસ ઘટ્યા, જ્યારે ૧૧ પ્રદેશમાં વધ્યા

વાંચો પેજ નંબર. ૧૬

નટરાજ યુથ કલચરલ ઓર્ગેનાઈઝેશન તેમજ અર્પણ ફાઉન્ડેશન દ્વારા સમાજ ઉપયોગી ૩ પ્રોજેક્ટ અમલમાં

કોરોના કાળમાં જરૂરિયાતમંદોને ભોજન, અને અશુભ પ્રસંગે ખોરાક પહોંચાડવા આયોજન

ઓન્ટેરિયો: ''નટરાજ યુથ કલચરલ ઓર્ગેનાઈઝેશન અને અર્પણ ફાઉંડેશન'' દ્વારા સમાજને ઉપયોગી એવી ત્રણ યોજનાઓ એક સાથે રજુ કરવામાં આવી છે.

1. FoodSeva for Covid-19
2. FoodSeva for Funeral day
3. Anand and Anubhuti

NYCO તો ઘણા વર્ષોથી સમાજ સેવા કરે જ છે અને ત્યારબાદ અર્પણ ફાઉનડેશનની સ્થાપના ૨૦૧૯ની સાલમાં સરકાર માન્ય રીતે મફત ભોજન અર્પણ કરવા માટે કરવામાં આવી હતી.

જેમાં વિના મૂલ્યે ભોજન આપી શકાય તેવા જ ઉદ્દેશ માત્રથી તેની નોંધણી કોરોના કાળ શરૂ થયા પહેલાંથી કરાયેલી છે. તે કઈ રીતે લોકોની મદદથી જ જરૂરીયાતમંદોને મદદ કરશે, તેની ચર્ચા ઘણા બધા ઓર્ગેનાઈઝેશન લીડર સાથે કરવામાં આવી હતી. મૂળ વાતમાંથી પ્રેરણા લઈ આજે ઘણા બધા ઓર્ગેનાઈઝેશન લોકોની મદદ માટે આગળ આવ્યા છે. મુળ મુદ્દો આવા મુશ્કેલીના સમયમાં જરૂરિયાતમંદોને ભોજન સહાય મળી રહે તેવી સુવિધા ગોઠવવાનો છે. અત્યાર સુધી જે કોઈ એવા સેવાભાવથી મદદ કરવા આગળ આવ્યા છે, તે સંસ્થાએ આભાર માન્યો છે.

નટરાજ યુથ કલચરલ ઘણાં સમયથી ધંધાકીય લોકોની સહાય અને અનામી વોલેનટીયર્સની મદદથી જ આવા કાર્ય સફળતા અને સરળતાપૂર્વક પાર પાડી રહ્યું છે. અર્પણ ફાઉનડેશનના Founder અજીત પટેલ અને સંસ્થાના અન્ય હોદેદારો ચિંતન ભાવસાર, કેતન ગાંધી અને નિમેષ સોન્દરવા, અન્ય સભ્યો અને તમામ સ્વયંસેવકો અને food sponsorsનો પણ સંગઠને હૃદયપૂર્વક આભાર માન્યો છે.

Food Seva for Covid-19

અર્પણ ફાઉન્ડેશન

કોરોના કાળમાં જે લોકો કોરોનાથી સંક્રમિત હોય તેમને કોવોરોન્ટાઈન દરમ્યાન તેમના ઘર સુધી, શુદ્ધ શાકાહારી ભોજન વિના મૂલ્યે પુરું પાડવામાં આવ્યું છે. આ માટે અર્પણ ફાઉન્ડેશન હજુ પણ યોજના ચાલુ રાખવા પ્રયત્નશીલ છે.

Food Seva for funeral

અર્પણ ફાઉનડેશન

આવા કપરાકાળમાં જેઓએ પોતાનું સ્વજન ગુમાવ્યું હોય તેવા પરિવારને તેમના આપ્તજનની અંતિમવિધી (funeral day)ના દિવસે અમારી સંસ્થા તરફથી વિના મૂલ્યે સાદું અને સાત્વિક શાકાહારી ભોજન પુરું પાડવાનો નિર્ણય કરાયો છે.



Anand and Anubhuti

ગંભીર પરિસ્થિતિમાં જ્યારે લોકોનું મનોબળ નબળું પડતું જાય છે, ત્યારે મનને કેવી રીતે મજબૂત બનાવી અને આધ્યાત્મિકતા તરફ વાળીએ કે જેથી મનને શાંતિ મળે તેવો પ્રોગ્રામ રજુ કરી રહ્યા છીએ. જેમાં કેનેડા તથા ભારતના બે મહાનુભાવો પોતાના જ્ઞાનનો લાભ આપી રહ્યા છે. NYCO દ્વારા virtual zoom મીટીંગથી આ કાર્ય થઈ રહ્યું છે.

વિશ્વભરની ટોચની ૧૦૦ યુનિવર્સિટીના રેન્કિંગમાં કેનેડાના ૪ સંસ્થાનોને સ્થાન

સેન્ટર ફોર વર્લ્ડ યુનિવર્સિટી રેન્કીંગ માટે ૧૯૭૮૮ સંસ્થાના નામાંકન

ઓન્ટોરિયો : વર્ષ ૨૦૨૧-૨૨ માટેની વિશ્વની ટોચની ૧૦૦ યુનિવર્સિટીઓના રેન્કીંગમાં કેનેડાની ચાર યુનિવર્સિટીઓએ સ્થાન મેળવ્યું હતું. સેન્ટર ફોર વર્લ્ડ યુનિવર્સિટી રેન્કીંગ દ્વારા આ વર્ષે વિશ્વની ૧૦૦ યુનિવર્સિટીઓ માટે ૧૯૭૮૮ સંસ્થાઓના નામાંકનો મેળવાયા હતા. જે પૈકી કેનેડાની ચાર યુનિવર્સિટીઓ ટોપ ૧૦૦ યાદીમાં સ્થાન મેળવી શકી હતી. ટોપ ૨૦૦૦ રેન્કીંગ માટે સેન્ટરે કેટલાક ધારાધોરણો નક્કી કર્યા હતા. જેમાં શિક્ષણની ગુણવત્તા, એલ્યુમની એમ્પ્લોયમેન્ટ, રીસર્ચ કામગીરીનો દેખાવ અને ફેકલ્ટીની કવોલીટીનો સમાવેશ થાય છે. ટોચની ૨૦૦૦ની યાદીમાં પણ કેનેડાની ૪૨ સંસ્થાઓને સ્થાન મળ્યું છે. જયારે ટોચની ૧૦૦ની યાદીમાં ચાર યુનિવર્સિટીઓને સ્થાન મળ્યું હતું. હાર્વર્ડ યુનિવર્સિટી, સ્ટેનફોર્ડ યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ કેમ્બ્રીજ જેવી સંસ્થાઓની હરોળમાં ટોચની ૨૫ યુનિવર્સિટીઓની યાદીમાં યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેને ૧૦૦ પૈકી ૮૭.૫ ટકા મળ્યા હતા. મેકગિલ યુનિવર્સિટીએ પણ ૮૭ પોઈન્ટસ સાથે ૨૭મું સ્થાન મેળવ્યું હતું. યુનિવર્સિટી ઓફ બ્રિટીશ કોલંબિયા અને યુનિવર્સિટી ઓફ અલ્બેર્ટાએ પણ ૪૮મું અને ૮૧મું સ્થાન મેળવ્યું હતું. બંનેને યુનિવર્સિટીને રેન્કીંગમાં ૮૨ પોઈન્ટસ મળ્યા હતા. ટોરોન્ટો, મેકગીલ અને યુબીસીએ ટોપ ૧૦૦ યુનિવર્સિટીમાં સ્થાન મેળવ્યું હતું.

કેનેડામાં ૧૯ વર્ષના ભાણેજની હત્યા

મહિલાને માર મારવા દરમિયાન ભાણો શિકાર બન્યોઃ પોલીસે આરોપીને ઝડપ્યો

ટોરેન્ટોઃ કેનેડામાં એક ૪૩ વર્ષીય વ્યક્તિ પર પોતાના ૧૯ વર્ષીય ભાણાની ગોળી મારીને હત્યા કરવાનો અને પોતાની પત્ની હત્યાનો પ્રયત્ન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. એડમોંટનમાં પોતાના ભાણા હરમનજોત સિંહ ભટ્ટલને ગોળી મારનારા તેમજ પોતાની પત્ની સતવીર કૌર બરાડને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરનારા ગમદુર સિંહ બરાડ પર ફર્સ્ટ-ડિગ્રી હત્યા અને હત્યાના પ્રયાસનો આરોપ લગાવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે હરમનજોત સિંહ ભટ્ટલ ડિસેમ્બર, ૨૦૧૮માં પંજાબના બરનાલા જિલ્લાના ભટ્ટલ ગામથી સ્ટડી વિઝા પર કેનેડા આવ્યો હતો. તે પોતાના માતા-પિતાનો એકમાત્ર દીકરો હતો. કેનેડામાં તે અલ્બર્ટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં ભણતો હતો અને પોતાના મામા સાથે રહેતો હતો. રિપોર્ટ્સ અનુસાર, આરોપીની પોતાની પત્ની સાથે લડાઈ થઈ અને તેણે વાહનમાં આગ લગાવી દીધી, જેમાં તેની પત્ની ભટ્ટલ સાથે મુસાફરી કરી રહી હતી. ભટ્ટલ અને સતવીરને ઈજાગ્રસ્ત કર્યા પછી ગમદુર ઘટનાસ્થળથી ભાગી ગયો હતો. આ ઘટના શુક્રવારે સવારે ૬.૩૦ વાગ્યે એડમોન્ટનના શેરવુડ પાર્ક વિસ્તારમાં બની હતી. અહીં તાત્કાલિક રોયલ કેનેડિટન માઉન્ટેડ પોલીસના અધિકારી પહોંચ્યા હતા. ભટ્ટલનો જીવ જતો રહ્યો હતો, પરંતુ મહિલાનો હોસ્પિટલ લઈ જવામાં આવી, જ્યાં તેની સ્થિતિ ગંભીર છે. વાસ્તવમાં આરોપી મહિલાને મારવા માંગતો હતો પરંતુ ૧૯ વર્ષીય ભાણો શિકાર બની ગયો હતો. પોલીસે પછીથી આરોપીની ધરપકડ કરી અને તેને અદાલતમાં હાજર કરવામાં આવ્યો હતો. કેસની સુનાવણી ૧૨ જૂનના રોજ થશે. આરોપીને જામીન આપવામાં નથી આવ્યા. આ દરમિયાન ભટ્ટલના પાર્થિવ શરીરને ભારત મોકલવા માટે પૈસા એકત્રિત કરવા માટે ગોફંડમી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

ઈસ્ટ જેરૂસલામની હિંસામાં પેલેસ્ટાઈની ઈજા થતા ટોરોન્ટોમાં ઈઝરાયેલી દૂતાવાસ સામે દેખાવો

ટોરોન્ટો : ટોરોન્ટો સ્થિત ઈઝરાયેલી દૂતાવાસ સમક્ષ હજારો દેખાવકારોએ એકત્ર થઈને ઈસ્ટ જેરૂસલામમાં થયેલી હિંસામાં ઈજા પામેલા હજારો પેલેસ્ટાઈનીઓ માટે દેખાવો કર્યા હતા. આ હિંસાની ઘટના ત્યારે બની હતી જયારે જયુઈશ શરણાર્થીઓએ પેલેસ્ટીનીઓને તેમના ઘરો અને જમીન ખાલી કરાવી હતી. આ ઘટના ઈસ્ટ જેરૂસલામની બાજુમાં આવેલા શેખ જરાહ ખાતે બની હતી. ટોરોન્ટોમાં દેખાવકારોએ કહ્યું હતું કે, તેઓ જેરૂસલામમાં બનેલી હિંસાનો અને બળજબરી પૂર્વક પેલેસ્ટીનીઓને જગ્યા ખાલી કરાવવાની ઘટનાનો વિરોધ કરે છે. આવી ઘટનાઓને યુનાઈટેડ નેશન્સના માનવઅધિકાર કાર્યાલયે પણ યુધ્ધ જેવો ગુનો ગણાવ્યો હતો. ઈસ્ટ જેરૂસલામ નજીકના શેખ જરાહમાં જયુઈશો પોતાનું વર્ચસ્વ જમાવવા ત્યાં રહેનારા પેલેસ્ટીનીઓને હાંકી કાઢવાના પ્રયાસો કરે છે. ઈઝરાયેલી અધિકાર ગૃપ બી ત્સેલેમ અને ન્યૂયોર્ક સ્થિત હયુમન રાઈટસ વોચ બંનેએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલ કયારેય આવી બાબતોને સમર્થન આપતું નથી અને શેખ જરાહ જયાં આ ઘટના બની હતી, એ ખાનગી રીયલ એસ્ટેટના વિવાદની જગ્યા હોવાથી ત્યાં તણાવ ઉભો થયો હતો. આ હિંસક ઘટનામાં ૩૦૫થી વધુ પેલેસ્ટીનીઓને ઈજા પહોંચી હોવાના

અહેવાલ છે. જે પૈકીના ૨૨૮ને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. પવિત્ર રમઝાન માસ દરમિયાન આવા વિરોધ પ્રદર્શનને કારણે હિંસા ફાટી નિકળતા ઈઝરાયેલી પોલીસદળના ૨૧ અધિકારીઓને પણ ઈજા પહોંચી હતી. ટોરોન્ટોમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં કોઈ અપ્રિય ઘટના બની ન હોતી. અને દેખાવો શાંતિપૂર્ણ રહ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. વળી, દેખાવો દરમિયાન આરોગ્ય વિભાગની માર્ગદર્શિકાનો પણ બરાબર અમલ થયો હતો. બપોરે ૩.૦૦ વાગ્યે આ દેખાવો ડાઉનટાઉન સ્થિત ઈઝરાયેલી દૂતાવાસ સમક્ષ યોજાયા હતા. કેનેડાના વિદેશી બાબતોના મંત્રી માર્ક ગાર્નેઉએ શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કેનેડા પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહયું છે.

કેનેડામાં કોરોનાથી ૪૩ મોત, નવા ૪૪૯૮ કેસ

૨૪ કલાકમાં ૩૪૩૫ દર્દી સાજા થયાઃ કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૭૬૦૭૦ ઉપર પહોંચીઃ ૧૩૨૭ દર્દીઓની હાલત ગંભીર

ઓન્ટેરિયો : કેનેડામાં કોરોના સંક્રમણની સ્થિતિમાં ઝાઝો ફેર પડતો ન હોય તેમ ગુરુવારે પણ દેશમાં ૪૪૯૮ નાગરિકો વાયરસથી ગ્રસ્ત થયાની પૃષ્ટિ થઈ હતી. જયારે દિવસ દરમિયાન ૪૩ દર્દીઓ મોતને ભેટ્યા હતા.

દુનિયામાં તરખાટ મચાવી રહેલા કોરોનાએ કેનેડામાં પણ તેનો કેર ચાલુ રાખ્યો હતો. ગુરુવારે ઓન્ટેરિયોમાં નવા ૨૭૫૯ દર્દી મળવા સાથે ૩૧ લોકોના મોત આરોગ્ય ખાતાએ નોંધ્યા હતા. ઓન્ટેરિયોમાં ગુરુવારે ૩૪૫૫ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. જયારે ક્યૂબેકમાં કોરોનાના ૭૮૧ દર્દી નોંધાયા હતા. ક્યૂબેકમાં ગુરુવારે પાંચ દર્દી મોતને ભેટ્યા હતા.

જયારે મોનીટોબામાં નવા ૫૬૦ દર્દી મળવા ઉપરાંત ૩ દર્દીના મોત થઅને નોવા સ્કોસિયામાં નવા ૧૧૦ દર્દી મળવા સાથે ૧૫૫ દર્દી સાજા થયાનું નોંધાયું હતુ.

આ ઉપરાંત સાસ્કેચવાનમાં નવા ૨૨૩ નાગરિકો કોરોના પોઝિટિવ મળ્યા હતા. સાસ્કેચવાનમાં ગુરુવારે ૫ લોકોના મોત થયા હતા. જયારે ન્યુ ફાઉન્ડલેન્ડ લાબ્રાડોર વિસ્તારમાં નવા ૭ તથા ન્યુ બ્રુન્સવીકમાં ૧૬ લોકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા.

ગુરુવારે સાંજે આખા દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૭૬૦૭૦ ઉપર પહોંચી હતી. જે પૈકી ૧૩૨૭ દર્દીઓની હાલત અત્યંત નાજૂક બની ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

ઓન્ટેરિયોમાં કોવિડની સંભવિત ચોથી લહેરને રોકવા સ્ટે એટ હોમનો અમલ હજી લંબાવાશે

ટોરોન્ટો : ઓન્ટેરિયોમાં કોવિડના ચોથા તબક્કાની સંભાવના છે. જેથી આ લહેરને ટાળવા માટે સ્ટે એટ હોમના આદેશની મુદત જુન સુધી લંબાવવામાં આવે એવી શકયતા છે. આરોગ્યમંત્રી ક્રિસ્ટીન એલિયટે એ વિશે સંકેત આપતાં જણાવ્યું હતું કે, ત્રીજા તબક્કાની ટોચ એપ્રિલમાં જોવા મળી હતી. જેના પગલે સત્તાવાળાઓએ સાવચેતીના પગલાઓ વધુ સમય માટે લેવા પડશે. હાલમાં સ્ટે એટ હોમનો અમલ થઈ રહ્યો છે. એટલે હોસ્પિટલોમાં આઈસીયુમાં દર્દીઓની સંખ્યામાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. આ ઘટાડો નોંધપાત્ર ન બને ત્યાં સુધી પ્રતિબંધો હટાવી શકાય નહીં. સોમવારે કિવન્સ પાર્કમાં પત્રકારો સાથેની વાતચીતમાં આરોગ્ય મંત્રીએ આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને જે પ્રતિબંધો લાદવામાં આવ્યા છે એનો અમલ લંબાવવો જરૂરી બને છે. છેલ્લા બે અઠવાડિયાના ઘટાડાને જોતાં તત્કાળ પ્રતિબંધો હળવા કરી ન શકાય. આવનારા અઠવાડિયાઓમાં સ્થિતીની સમીક્ષાા કર્યા બાદ જ કોઈ નિર્ણય લઈ શકાશે એમ પણ તેમણે કહ્યું હતું. પ્રિમીયર ફોર્ડના પ્રવકતાએ સોમવારે કહ્યું હતું કે, હાલમાં સ્ટે એટ હોમની મુદત ૨૦મી મે સુધીની હતી. જે હજું બીજી જુન સુધી લંબાવવામાં આવશે. ચીફ મેડિકલ ઓફિસર ફોર હેલ્થ ડો. ડેવિડ વિલિયમ્સે કહ્યું હતુ કે, કોવિડ-૧૯ના કેસોમાં હજુ ઘટાડો ન જોવા મળે ત્યાં સુધી પ્રતિબંધો હળવા નહીં કરી શકાય. ચોથા તબક્કાને ટાળવા પ્રતિબંધો જરૂરી છે. કેસોની સંખ્યા ૧૦૦૦થી ઓછી ન થાય ત્યાં સુધી પ્રતિબંધો યથાવત રાખવા પડશે.

કેનેડામાં દરેક નાગરિકોને વેક્સીન આપી શકાય એટલો જથ્થો ઉપલબ્ધ

ઓટાવા : વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ મંગળવારે કહ્યું હતુ કે, કેનેડા પાસે કોવિડ-૧૯ની વેક્સીનનો એટલો જથ્થો છે કે, દરેક લાયક કેનેડીયનને પહેલો ડોઝ આ ઉનાળામાં આપી શકાય અને સપ્ટેમ્બર સુધીમાં દરેકને વેક્સીન અપાઈ જશે. તેમણે કહ્યું હતુ કે, જો પહેલો ડોઝ ઉનાળામાં અપાઈ જશે તો બીજો ડોઝ પણ પાનખર સુધીમાં અપાઈ શકશે. જેથી શાળાઓ ફરીથી ખોલી શકાશે અને લોકો પણ પોતાના કામે જઈ શકશે. જો કે, ફેડરલ સરકારે કઈ સેવાઓ કયારથી શરૂ થઈ શકશે એની માર્ગદર્શિકા હજુ જાહેર કરી નથી અને વેક્સીન લીધી હોય એવા લોકો કઈ પ્રવૃત્તિ કયારથી કરી શકશે એ પણ સ્પષ્ટ કર્યું નથી. જો કે, જી-૨૦ રાષ્ટ્રોમાં વેક્સીનેશનના પ્રમાણને જોવા જઈએ તો કેનેડા ઘણું પાછળ છે. કુલ વેક્સીનેશનનો દર ઘણો ઓછો છે. હજુ પણ પહેલો ડોઝ માત્ર ૫૦ ટકા લોકોને જ અપાયો છે અને કોવિડ-૧૯ સામેનું યુધ્ધ હજુ જારી છે, એમ પણ તેમણે કહયું હતું. આમ છતાં આપણે આશા રાખવાની છે કે, ઉનાળો થોડો સારો નિવડે. ૭૫ ટકા લોકોનું વેક્સીનેશન થઈ જાય ત્યાં સુધી પ્રતિબંધો રહેશે. ત્યારબાદ સ્થિતિની સમીક્ષા કરીને જ પ્રતિબંધો હળવા કરવા વિશે વિચારી શકાશે. લોકોના જીવને જોખમમાં મુકીને અમે પ્રતિબંધો હટાવી શકીએ નહીં. ચીફ પબ્લિક હેલ્થ ઓફિસર ડો.થેરેસા ટેમના જણાવ્યા મુજબ કેસોનું પ્રમાણ ધીમે ધીમે ઘટી રહયું છે. આમ છતાં ત્રીજા વેવની સંભાવના પણ છે. એટલે વેક્સીનના બંને ડોઝ અપાઈ ન જાય ત્યાં સુધી કોઈ જોખમ લઈ શકાય નહીં.

હોટસ્પોટ વિસ્તારમાં હવે ફાઈઝર અને મોર્ડેનાની વેકસીનનો જથ્થો પુરો પડાશે

ટોરોન્ટો : ઓન્ટેરિયોની સરકાર હવે વેકસીનના વધારાનો જથ્થો ખરીદીને ૧૨ વર્ષથી વધુ વય જુથના લોકો માટે વેકસીનેશનને વેગ આપશે. ઓન્ટેરિયોમાં એસ્ટ્રાઝેન્કા વેકસીનનો જથ્થો ઓછો થતાં સરકારે મોર્ડેના અને ફાઈઝર વેકસીનનો જથ્થો ખરીદી લીધો છે. જે પૈકી ટોરોન્ટો અને પીલ રીજિયનના ૭૮ ફાર્મસી કેન્દ્રોને ફાઈઝર વેકસીન અને યોર્ક રીજિયન, ડરહામ રીજિયન, હેમિલ્ટન, વિન્ડસર એકસેકસ અને ઓટાવાના ૬૦ કેન્દ્રોને મોર્ડેના વેકસીનનો જથ્થો પહોંચાડવામાં આવ્યો હતો. વેકસીન સેન્ટરો અહીંથી ઓનલાઈન વેકસીનનો જથ્થો મેળવી શકશે. ઓન્ટેરિયો ફાર્માસિસ્ટ એસોસિયેશનના જસ્ટીન બેટેસે કહ્યું હતું કે, સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોને ધ્યાનમાં રાખીને વેકસીનેશનની ગતિ વધારવામાં આવશે તો વધુને વધુ લોકોને એનો લાભ મળી શકશે.

આવશ્યક સેવાના કામદાર રેમન લોરેન્સે કહ્યું હતું કે, તેણે વેકસીન મેળવવા માટે પ્રાંતીય સેવાનો ઓનલાઈન સંપર્ક કરી જોયો હતો. પણ ઘણાં પ્રયાસો બાદ રૂબરૂ જઈને શનિવારે એને ટોરોન્ટોના પશ્ચિમે આવેલા વેસ્ટોન ખાતેના ફેન્ડલી કેર વેસ્ટ કિંગ ફાર્મસીમાં એપોઈન્ટમેન્ટ મળી હતી. વેકસીન લીધા બાદ એણે પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે, આ બધાનો જલદી અંત આવી જાય તો સારૂં. એ ફાર્મસીને ફાઈઝરના ૧૪૪ ડોઝ શુક્રવારે જ મળ્યા હતા. ઓનલાઈન અને વોક ઈન એપોઈન્ટમેન્ટ શનિવાર સુધીમાં પુરી થઈ જશે. ફાર્મસીના માલિક મીના મહેશ કહે છે કે, તેઓ સાદા ફ્રિજમાં પણ આ વેકસીનને પાંચ દિવસ સુધી રાખી શકે છે.

ગંગામાં તરતી માનવલાશો, કોરોના કાળમાં ભારતની ભયાવહ તસવીર

તંત્રી સ્થાનેથી

તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે મંગળવારે દેશનાં ૧૮ રાજ્યોમાં કોરોનાના કેસો ઘટી રહ્યાના દોવા કર્યા બાદ ગુરુવારે ફરી ૧૧ રાજ્યોના અનેક જિલ્લામાં કોરનાની સ્થિતિ વણસી ચુકી હોવાનું સ્વીકાર્યું હતુ.

આ સાથે જ ભારતમાં કોરોનાને કારણે સર્જાયેલી સ્થિતિ હજુ પણ કાબૂમા નથી તે વાત સ્પષ્ટ થઈ છે. કોરોનાને રોકવાની ભરપૂર મથામણો છતાં સરકાર અને તેના વહિવટી તંત્રનો પનો ટૂંકો પડી રહ્યો છે. હવે યુપી અને બિહારમાં ઘાતક પુરવાર થઈ રહી છે. અહીં દરરોજ હજારો લોકો કોરોનોની ચપેટમાં આવવા સાથે અનેકના મોત પણ નોંધાઈ રહ્યા છે. સોમવારે બિહારના બક્સર પાસે ગંગા નદીના પાણીમાં લગભગ ૧૩૦ જેટલા મૃતદેહ તરતા દેખાતાં ખળભળાટ મચી ગયો હતો.

આ પહેલા ગત અઠવાડિયે યુપીની બે નદીઓમાં પણ માનવ લાશ તરતી દેખાઈ હતી. બિહારના બક્સર જિલ્લાના યુપી-બિહાર સરહદે આવેલા ચૌસા શહેરમાં આ ઢગલાબંધ મૃતદેહો તરતા દેખાયા કે તરત તંત્રને જાણ કરાઈ હતી. અધિકારીઓ પણ સ્થાનિકોએ રજૂ કરેલી માહીતી સાંભળીને ચોંકી ઉઠ્યા હતા. આ વાતની ચર્ચા હજી ચાલુ જ હતી ત્યાં બીજી તરફ ઉત્તર પ્રદેશમાં ગાઝીપુરમાં ગંગા નદીના કિનારે તણાઈને આવેલા મૃતદેહો મળ્યા છે. ગાઝીપુરમાં કેટલા મૃતદેહ મળ્યા તેનો ફોડ પડાયો નથી પણ તેની સંખ્યા પણ ૧૦૦ની આસપાસ હોવાનું કહેવાય છે.

બિહારના બક્સરમાં મળેલા મૃતદેહોના કારણે લોકોમાં ભારે ફફડાટ હતો. આ મૃતદેહો કોના છે. મૃતક કોરોનાગ્રસ્ત હતો કે કેમ, તેવા સવાલો હતા. વળી જો કોરોનાગ્રસ્ત લોકોના મૃતદેહને આ પ્રકારે નદીમાં વહેતા કરી દેવાય તો અન્યોને ચેપ લાગવાનો પણ ભય ઉભો થયો હતો. મૃતદેહોને ગંગા નદીમાં પધરાવીને સ્વજનો છૂ થઈ જતા હોવાનો તર્ક પણ થઈ રહ્યો છે. ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર છે અને બિહાર સરકારમાં ભાજપ ભાગીદાર છે. પણ પાપની જવાબદારી લેવાની વાત આવે ત્યારે કોઈ ભાગીદાર બનવા તૈયાર થતું નથી. તેથી બિહાર તથા ઉત્તર પ્રદેશ સામસામે આવી ગયાં છે. બિહાર સરકારે સોમવારે જ આ મુદ્દે હાથ ખંખેરી નાંખીને ઉત્તર પ્રદેશ પર દોષનો ટોપલો ઢોળી દીધો હતો. બિહાર સરકારનું કહેવું છે કે, બિહારમાં મૃતદેહોને નદીમાં પધરાવી દેવાની પ્રથા નથી. તેથી અમારા રાજ્યમાં કોઈપણ નદીઓમાં મૃતદેહોને પધરાવી રહ્યા નથી. આ પ્રથા ઉત્તર પ્રદેશનાં લોકોમાં છે તેથી ઉત્તર પ્રદેશથી આ મૃતદેહો પાણીના પ્રવાહમાં તણાઈને આવ્યા હશે.

જયારે બીજી તરફ ઉત્તર પ્રદેશ સરકારે દાવો કર્યો છે કે, મૃતદેહો આટલા દિવસથી પાણીમાં પડ્યા હોય અને તણાતા તણાતા છેક બિહાર સુધી પહોંચી જાય છતાં કોઈને ખબર ના પડે એ શક્ય નથી. એટલી બિહાર સરકારે દોષનો ટોપલો યુપી ઉપર ઢોળવો ન જોઈએ. મોદી સરકારના જળ સંશાદન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે રાંડ્યા પછીનું ડહાપણ બતાવીને ગંગા નદીમાં લાશો તરતી મળી તેની તપાસ કરાવવાનું એલાન કર્યું છે. શેખાવતે આ ઘટનાને કમનસીબ અને અનપેક્ષિત ગણાવી છે. સાથે સાથે ગંગા મૈયા'ને પવિત્ર અને સ્વચ્છ રાખવા માટે મોદી સરકાર પ્રતિબધ્ધ હોવાનું વાજું વગાડ્યું છે. કોંગ્રેસ પણ મોકો જોઈને આ દંગલમાં કૂદી છે અને યોગી સરકાર સામે આક્ષેપો શરૂ કરી દીધા છે.

યોગી આદિત્યનાથની સરકાર ઉત્તર પ્રદેશમાં થઈ રહેલાં કોરોનાનાં મોત છૂપાવી રહી હતી. પણ ગંગા મૈયાએ યોગીના પાપને આખી દુનિયા સામે ઉઘાડું પાડી દીધું હોવાનો કોંગ્રેસનો દાવો છે. ભારતમાં રાજકારણીઓ લોકોની સમસ્યાનો ઉકેલ શોધવાના બદલે તેમાંથી રાજકીય ફાયદો કઈ રીતે મેળવી શકાય એ જ વિચારતા હોય છે. આ મામલામાં પણ એવું જ થઈ રહ્યું છે એ કમનસીબી છે. ગંગા નદીમાં મૃતદેહો તરતા રહે તેના કારણે કરોડો લોકોના જીવને જોખમ છે. ગયા મહિને જેના કારણે ભારે કકળાટ મચેલો એ કુંભ મેળા વખતે જ આ ચેતવણી અપાઈ હતી. કુંભમાં સાધુઓએ ગંગા નદીમાં શાહી સ્નાન કર્યું તેના કારણે કરોડો લોકો કોરોનાની લપેટમાં આવી જાય અને લાખો લોકોના જીવને ખતરો હોવાની ચેતવણી સાયન્સ અને ટેકનોલોજીના સંશોધકો અને મેડિકલ નિષ્ણાતોએ આપી હતી. આ સંજોગોમાં મોટો મુદ્દો આ ખતરાને કઈ રીતે ટાળવો તેનો છે. ગંગા નદી હિમાલયમાંથી નિકળે છે અને ઉત્તરાખંડમાંથી પસાર થઈને ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં જાય છે. આ ચાર રાજ્યોમા તેનો મુખ્ય પ્રવાહ છે પણ મુખ્ય પ્રવાહ અને નહેરો મારફતે ગંગા નદીનાં પાણી કુલ ૧૧ રાજ્યોમાં જાય છે. આ પૈકી ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ એ બે રાજ્યો સૌથી પહેલાં આવે છે તેથી ત્યાં સૌથી વધારે ગરબડ થાય અને તેને રોકવી પડે તેમ છે.

ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં ગંગા નદીના જુદા જુદા ઘાટ પર મોટી સંખ્યામાં અંતિમ સંસ્કાર થાય છે. દેશભરમાંથી લોકો પોતાનાં સ્વજનોના અંતિમસંસ્કાર કરવા માટે ગંગા નદીના કિનારે આવે છે. કોરોનાના રોગચાળામાં લોકો ટપોટપ મરી રહ્યાં છે તેથી ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં ગંગા નદીના કિનારે અંતિમવિધી માટે લવાતા મૃતદેહો વધ્યા છે. અત્યારે લાઈનો લાંબી છે તેથી બધાંના અંતિમસંસ્કાર શક્ય નથી બનતા. તેથી ઘણા લોકો મૃતદેહોને નદીમાં મુકીને જ જતા રહે છે. ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ સરાકરોએ એ સૌથી પહેલાં તો રોકવું પડે અને ક્યાંય પણ મૃતદેહો નદીમાં ના ફેંકાય એવો પાકો બંદોબસ્ત કરવો પડે તેમ છે. આ માટે કોઈ રાજનીતી રમવાની જરુર પણ નથી. કોરોનાના કારણે મોતને ભેટનારા લોકોની સંખ્યામાં મોટો વધારો થયો છે તેથી હાલત એ છે કે સ્મશાન ઘાટ પર ચિતા સળગાવવા માટે હવે લાકડાં પણ ખૂટી પડ્યાં છે. હિંદુઓ અગ્નિસંસ્કાર જ કરે છે, પણ મજબૂરીમાં હિંદુઓ પોતાના રીત-રિવાજો અને પરંપરાઓને છોડીને મૃતદેહોને દફનાવી રહ્યા છે. કાનપુર-ઉન્નાવના ગંગા કાંઠે મોટી સંખ્યામાં આ રીતે મૃતદેહોને દફનાવાય છે. ગંગા કિનારે અત્યાર સુધીમાં એક હજારથી વધુ મૃતદેહો દફનાવી દેવાયા છે એવો દાવો મીડિયાના અહેવાલોમાં થઈ રહ્યો છે. વળી દફનવિધિ માટે ૩ ફુટનુ જ ખોદકામ થઈ રહ્યું હોવાથી ગંગા નદીની જળ સપાટી થોડી વધે એટલે મૃતદેહો પર નાંખેલી માટી ધોવાઈ જાય છે.

જેને કારણે પણ મૃતદેહો નદીમાં તરતા થઈ જાય છે. ગુરુવારે પણ ઉત્તરપ્રદેશમાં ઉન્નાવમાં ગંગા કિનારે દાટી દેવામાં આવેલા ૫૦૦થી વધારે શબ ઉપર આવી જતાં ચકચાર મચી ગઈ હતી. અત્યારે કોરોનાના કારણે મોતને ભેટનારાં લોકોની દફનવિધી મુખ્ય સમસ્યા છે. તેથી નદીમાં તરતી લાશોને રોકવા માટે ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ સરકારે આયોજન કરવા પડે તેમ છે. જો આ બંને સરકારો ગંભીરતા દાખવશે તો જ કરોડો લોકોને કોરોનાનો ચેપથી અને મોતના ખતરાથી બચાવી શકાશે. કોરોના મહામારીને કારણે સર્જાયેલી આ સ્થિતિ ઓછી હોય તેમ હવે દેશમાં ફરી લાખો લોકો બેરોજગાર થયાના અહેવાલો મળી રહ્યા છે. ગરીબી અને બેકારીને કારણે આગામી દિવસોમાં સ્થિતી વધુ વણસશે અને સમસ્યાઓ પણ વધશે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટ અનુસાર ભારતમાં કોરોનાકાળ દરમિયાન બેરોજગારીમાં ભયંકર વધારો થયો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે એપ્રિલ મહિનામાં જ ૭૫ લાખ લોકોએ નોકરી ગુમાવી છે. છેલ્લા ચાર મહિનામાં બેરોજગારીનો આ સૌથી ઊંચો દર છે. જયારે સરકાર પાસે રાહત માટે કોઈ નીતિ હોય એવું જણાતું નથી.

manoj1968@yahoo.ca

RE/MAX
REALTY SERVICES
INC., BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED
#1 RE/MAX
JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com
"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial & Investment in Real Estate
Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com
✔ Mice
✔ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ WASPS and
✔ Hive Removal
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI
24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International
CPMA - ACGP
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

CATERING SPECIAL

$ 7.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.

Quarantine Special Package
$73 Per Day

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

શોવેલ રેડી ટ્રાન્ઝીટ પ્રોજેક્ટ માટે ૧૨ બિલિયન ડોલર ખર્ચાશે

• કોવિડની કટોકટીમાંથી બહાર આવવા માટે આ નિર્ણયો ઐતિહાસિક બની રહેશે

ટોરોન્ટો : કેનેડાના ઈન્ફ્રાસ્ટ્રકચર મિનીસ્ટર કેથરીન મેકકેનાએ મંગળવારે જણાવ્યું હતું કે, ફેડરલ સરકાર ટોરન્ટો અને હેમિલ્ટનમાં ચાર જેટલા 'શોવેલ રેડી' ટ્રાન્ઝીટ પ્રોજેકટસ પાછળ ૧૦.૪ બિલીયન યુએસ ડોલરનો ખર્ચ કરશે. જેમાં ધી ઓન્ટેરિયો લાઈન, સ્કારબોરો રેપિડ ટ્રાન્ઝીટ રીપ્લેસમેન્ટ, ધી ઈગ્લીન્ટન ક્રોસટાઉન એલઆરટી અને યોન્ગે નોર્થ સબવે એકસટેન્શનનો સમાવેશ થાય છે.

આ ભંડોળ દરેક પ્રોજેકટના ખર્ચનો ૪૦ ટકા હિસ્સા જેટલો હશે. જોકે આ બધા પ્રોજેકટ પૂર્ણ થવામાં કમસેકમ ૨૦૨૯ જેટલો સમય લાગશે એમ ઓન્ટેરીયોના ટ્રાન્સપોર્ટેશન મિનીસ્ટર કેરોલિન મુલરોનીએ જણાવ્યું હતું.

ફેડરલ સરકાર ડાઉનટાઉન હેમિલ્ટનમાં લાઈટ રેલ ટ્રાનઝીટ લાઈન માટે પણ ભંડોળ આપશે. જેથી ટીટીસી માટે ઝીરો એમિસન સ્ટ્રીટકાર્ટસ ખરીદી શકાય. જે થન્ડર બે'સ અલ્સ્ટોમ ઓટોમોટીવ પ્લાન્ટમાં તૈયાર થાય છે. આ પ્રોજેકટની વધુ વિગતો ટૂંક સમયમાં જાહેર થશે. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે, કોવિડની કટોકટીમાંથી બહાર આવવા માટે આ નિર્ણયો ઐતિહાસિક બની રહેશે. કેમ કે, એનાથી ટ્રાફિક ભારણ અને વાયુ પ્રદુષણ ઘટશે અને પ્રોજેકટને કારણે હજારો લોકોને રોજગારી પણ મળી શકશે. તેમણે કહ્યું હતું કે, ઝડપી વાહન વ્યવહારને કારણે પ્રવાસનો સમય બચે છે. જે લોકો પોતાના પરિવાર સાથે વિતાવી શકે છે. પ્રદુષણ ઓછું થવાથી આવનારી પેઢીને શુધ્ધ વાતાવરણ પણ મળી શકશે. ઈન્ફ્રાસ્ટ્રકચર મિનીસ્ટરે કહ્યું હતુ કે, ફેડરલ સરકારની આ સહાય શરતી હશે, જે તે પ્રાંતે આ પ્રોજેકટ માટેના બાકીના રોકાણ માટે અને પ્રદુષણ ઘટાડવા માટેની યોજનાઓ દર્શાવવી પડશે. જેની ચર્ચાઓ કદાચ છ માસથી વધુ સમય પણ ચાલી શકે છે.

કેનેડામાં આરોગ્યલક્ષી સાવચેતીના પગલાને કારણે રોજગારીમાં ઘટાડો

કોવિડના ભયને કારણે હોટલ રેસ્ટોરન્ટો બંધ થઈ ગયા

ટોરોન્ટો : સ્ટેસ્ટીકસ કેનેડાના અહેવાલ મુજબ કેનેડાના લેબર માર્કેટની સ્થિતિમાં એપ્રિલ ૨૦૨૧માં ૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો અને એ ૨૦૭૦૦૦ સુધી પહોંચી ગયો હતો.

પ્રાંતોમાં કોવિડ-૧૯ના પ્રસારને નિયંત્રણમાં રાખવા જે આરોગ્યલક્ષી સાવચેતીના પગલાઓ લેવામાં આવી રહ્યા છે, તેને કારણે ઘણાં પ્રતિબંધો અમલમાં છે. ઓન્ટેરિયોમાં સ્ટે એટ હોમના આદેશને કારણે બિનજરૂરી બહાર નીકળવાનું બંધ છે. જયારે કયૂબેકમાં રાત્રિ કરફયુ હોવાથી રાત્રે આઠ વાગ્યા બાદ લોકો બહાર નીકળી શકતા નથી. બ્રિટીશ કોલંબિયામાં પણ ઈન્ડોર ડાઈનીંગ બંધ હોવાથી રેસ્ટોરાં અને બાર બંધ છે. વધુમાં ઘણાં લોકો પોતાના નિયમિત કામના કલાકો કરતા અડધો સમય પણ કામ નથી કરી શકતા, એવા લોકોનો આંક પણ ૨૮૮૦૦૦ સુધી પહોંચી ગયો છે. અને વર્ક ફ્રોમ હોમ કરનારાઓની સંખ્યા પણ એક લાખ જેટલી વધીને કુલ પાંચ મિલીયન જેટલી થઈ છે. કોવિડ-૧૯ મહામારીને કારણે ઈમિગ્રન્ટસને પણ અવળી અસર પડી છે. કેમ કે, તેઓ એવા સેકટરમાં કામ કરે છે, જેને સૌથી વધુ અસર પહોંચી છે. ખાસ કરીને પ્રાઈવેટ સેકટરની કંપનીઓ, ઉદ્યોગો, રીટેલ ટ્રેડ અને ઓકોમોડેશન એન્ડ ફુડ સેકટરને મોટી અસર થઈ છે. આ બધા સેકટર્સને આરોગ્યલક્ષી પગલાઓની મોટી અસર પડી છે. હોટેલ અને ફુડ સેકટરમાં અંદાજે ૫૯૦૦૦ નોકરીઓ એપ્રિલમાં જતી રહી છે. એમાં મોટો હિસ્સો ઓન્ટેરિયો અને બ્રિટીશ કોલંબિયાનો છે. જયાં એપ્રિલના આરંભથી જ બાર અને રેસ્ટરાં બંધ થયા હતા.

ઈન્ફોર્મેશન, કલ્ચર એન્ડ રીક્રિએશન સેકટરમાં ૨૬૦૦૦ લોકોએ નોકરી ગુમાવી છે. રીટેલ ટ્રેડ ઈન્ડસ્ટ્રીમાં પણ અંદાજે ૮૪૦૦૦ લોકોની નોકરી ગઈ છે. જે ઓન્ટેરિયો, અલ્બર્ટા અને કયૂબેકના ઘણા વિસ્તારોમાં આવેલા રીટેલ સ્ટોરની હતી. સાઉથએશિયન કેનેડીયનોમાં બેરોજગારીનો દર વધીને ૧૪ ટકા જેટલો થયો છે. જયારે શ્વેત કેનેડીયનોમાં એ દર ૮ ટકા જેટલો છે.

કપરા સમયમાં સફાઈ કરનાર હ્યુમર ફોર હારમનીના સભ્યોને બિરદાવાયા

ટોરોન્ટો : કોવિડ-૧૯ની મહામારી દરમ્યાન સૌ ભેગા થઈને સરકાર તથા પ્રાંતને નાનુ કામ કરીને પણ સહકાર આપી શકાય. આવા ઉદ્દેશ્ય સાથે જ હ્યુમર ફોર હારમનીએ સફાઈ કાર્ય કર્યું છે. સંગઠન માને છે કે, કોવિડની ગાઈડલાઈનનું પાલન આપણી સૌથી પ્રથમ ફરજ છે. હ્યુમર ફોર હારમોનીના સભ્યોએ જુદા જુદા વિસ્તારોમાં જઈને રસ્તા ઉપર પડેલા હેન્ડગ્લોવઝ અને માસ્ક ભેગા કરીને તેનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવાની કામગીરી કરી છે. આ સભ્યોએ અત્યારના સંજોગોમાં સરકારના નિયમોને આધિન રહીને સામાજીક અંતરનું ધ્યાન રાખી કામગીરી બજાવી છે. જે કામગીરીને ધ્યાનમાં લઈ બ્રામ્પટનના મેયર પેટ્રિક બ્રાઉન અને ઓન્ટેરિયો સરકારના મિનિસ્ટર પ્રબમીત સાકરીયાએ આ ટીમના સભ્યો ડોન પટેલ, પથીક શુક્લા, વિનાયક પટેલ, અશોક પટેલ, પ્રશાંત અમીન, મેહુલ પટેલ, રાકેશ પટેલ, કુંજ પટેલ, ચિરાગ પટેલ, હર્ષ શુક્લ, ફાલ્ગુની પટેલ અને ઉર્શીલા પટેલને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે સરકાર તથા પ્રાંતની કામગીરીને આગળ વધારવા બિરદાવ્યા હતા.

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT
A STEP AHEAD
FSRA # 10252

➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch

5 Yrs Fixed @ 1.60%* High Ratio Only
5 Yrs Variable @ 1.14%* High Ratio Only



Rajesh Khurana, MBA
Principal Broker

Rakesh Patel**
Vice President- Commercial.

Pranay Jani *

Nilesh Tailor *

Tushar Patel*

Bala Shah*

Vijay Rana*

Cell : 416-616-1300

Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President

* Some conditions apply

રાજ્યમાં મ્યૂકરમાઈકોસિસનો આતંક : વધુ ૧૦૦ દર્દી મળ્યા

ગાંધીનગર : કોરોના મહામારી બાદ મ્યૂકરમાઈકોસિસ રોગે માથું ઊંચક્યું છે. ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની બીમારી ધરાવતાં લોકો આ રોગનો વધુ શિકાર થઈ રહ્યા છે. મ્યૂકરમાઈકોસિસ એક રીતે ઉધઈની માફક નાકની અંદરના હાડકાંને કોતરી ખાય છે. તે એક ભયાનક બિમારી છે. મ્યૂકરમાઈકોસિસ એક ફંગસ છે, જે પ્રથમ તબક્કે નાકમાં, બીજા તબક્કે તાળવામાં, ત્રીજા તબક્કે આંખ અને ચોથા તબક્કે મગજ સુધી પહોંચે છે, અત્યારે ત્રીજા અને ચોથા તબક્કે ફંગસ પહોંચે ત્યારે દર્દીઓ હોસ્પિટલ પહોંચે છે. હાલ આ ભયાનક રોગ વચ્ચે સમગ્ર ગુજરાતના મહાનગરોમાંથી એક પછી એક કેસ નોંધાઈ રહ્યા છે.

કોરોનાથી સાજા થયેલા લોકોને આંખ અને નાકમાં દુખાવો થાય તો તાત્કાલિક સારવાર કરાવવી હિતાવહ છે. આ રોગમાં સારવાર માટે વહેલા પહોંચે તો તેવા દર્દીઓમાં મોતનું પ્રમાણ નહિવત્ છે. કોરોના બાદ હવે મ્યુકરમાઈકોસિસે દેખા દેતા દર્દીઓમાં સ્વભાવિકપણે ભયનો માહોલ ફેલાયો છે. આ ફુગના ઈન્જેક્શન પણ મોંઘાદાટ મળે છે અને મોંઘા હોવા ઉપરાંત સરળતાથી મળતા પણ નથી.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે મ્યૂકરમાઈકોસિસ માટે બે અલગ-અલગ વોર્ડ ઊભા કરાયા છે, જેમાં કુલ ૧૧૦ બેડની સવલત ઊભી કરાઈ છે. અલબત્ત, ૧૧૦ પૈકી ૧૦૫ બેડ ભરાઈ ગયા છે. મહેસાણામાં મ્યુકરમાઈકોસિસ વોર્ડ તૈયાર કરાયો છે, હાલ મ્યુકરમાઈકોસિસના ૨૪ દર્દી દાખલ છે. આખા રાજ્યના કુલ મ્યૂકરમાઈકોસિસના કેસ અને શહેરોની સ્થિતિ ઓવરઓલ ભયાનક થવા જઈ રહી છે. વડોદરા મ્યુકર માઈકોસીસના વધુ ૯ દર્દીઓ વધતા અત્યાર સુધીમાં ૨૨ દર્દીઓના મોત થઈ ગયા છે.

સુરત સિવિલ હોસ્પિટલના સ્પેશિયલ વોર્ડમાં ૧૯ મ્યુકરમાઈકોસિસના દર્દીઓ દાખલ કરાયા છે. મ્યુકરમાઈકોસીસના ૯ પોઝિટિવ કેસ, જ્યારે ૧૦ શંકાસ્પદ કેસ સારવાર હેઠળ છે.

રાજકોટમાં ૨૦૦થી વધુ કેસ, સિવિલમાં બે બિલ્ડિંગમાં સુવિધા થઈ

રાજકોટ સિવીલ સર્જન ડો. આર.એસ. ત્રિવેદીએ કહ્યું કે, સિવીલમા રાજકોટ ખાતે ૨૦૦થી વધું દર્દી નોંધાઈ ચૂક્યા છે, જે અમદાવાદ, વડોદરા, સુરત કરતા વધું છે, દર્દીઓની વધતી સંખ્યાને જોતા સિવીલમા ૫૦૦ બેડની વ્યવસ્થા કરવા પોસ્ટ કોવિડ દર્દીઓને કેન્સર હોસ્પિટલમાં જ્યારે ત્યાના દર્દીઓને સમરસમાં ખસેડવાનું વિચારવામા આવ્યું છે. મ્યૂકર માયકોસીસના રોગમા દર્દીઓને દોઢ મહિનો હોસ્પિટલમાં રાખવા પડે છે. આ માટે અમે ટ્રોમા અને ઓપીડી બિલ્ડિંગ તેના માટે અનામત રાખવા પડશે.

દર્દીના મગજ સુધી બ્લેક ફંગસ પહોંચ્યાના બે કેસ સુરતમાં નોંધાયા

મ્યુકોરમાઈકોસિસના કેસમાં મગજ સુધી બ્લેક ફંગસ પહોંચી જવાના ગુજરાતના પ્રથમ ૨ કેસ સુરતમાં નોંધાયા છે. શહેરની સિવિલ, સ્મીમેર અને કિરણ હોસ્પિટલ મળીને કુલ ૧૧૪ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે સુરત સહિત રાજ્યભરના ૭૫ દર્દીઓ સારવાર માટે વેઇટિંગ લિસ્ટમાં હોવાનો સ્થાનિક તબીબોએ મત વ્યક્ત કર્યો છે. મ્યુકોરમાઈકોસિસના દર્દીઓને સાજા કરવા માટે આપવામાં આવતા એમ્ફાથેરાસિન બી ઈન્જેક્શનના ૧૫૦થી ૧૮૦ ડોઝમાં ધ્યાન નહીં રાખવામાં આવે તો કિડનીને મોટું નુકસાન થઈ શકે છે.

રોગથી પીડાતા ૫૦% દર્દીના મોત થાય છેઃ નિષ્ણાંત ડોક્ટરો

મ્યુકરમાઈકોસિસ નામની પેટા બીમારીના દર્દીની સંખ્યા વધતી જાય છે. કે.ડી. હોસ્પિટલના ઈએનટી સર્જન ડો.હાર્દિક શાહે કહ્યું કે ખાસ કરીને ડાયાબીટીસના દર્દીઓએ સુગર મોનિટર કરવું જોઈએ. જ્યારે ડો. અનુજા દેસાઈએ કહ્યું કે આંખ બચાવવા કરતા દર્દીની જિંદગી બચાવવી વધુ અગત્યની છે. જેને દુર્લભ રોગ તરીકે ઓળખવામાં આવતો હતો તે હવે કોવિડ ૧૯માં સામાન્ય છે. મ્યુકરમાઇકોસિસ એ મ્યુકોર્માસાયટ્સ નામની ફૂગથી થાય છે. હાલમાં આ રોગનો મૃત્યુ દર ૫૦% કરતા વધુ છે.

રોગ માટે પણ રસી રામબાણ ઇલાજ છે, ડોક્ટરોનો અભિપ્રાય?

ચહેરા પર ફંગસથી ફેલાઇ રહેલા આ રોગના દર્દીઓની સંખ્યા ચિંતાજનક રીતે ઝડપથી વધી રહી હોય તબીબી આલમમાં પણ ફફડાટ વ્યાપી ચૂક્યો છે. કોરોના થયા બાદ મ્યુકોરમાઇકોસિસથી કેવી રીતે બચી શકાય? શું કરવું? અને શું નહીં કરવું? તેને લઇ ચારે તરફ છવાયેલા ઉદ્વેગ અને ઉચાટ વચ્ચે કોરોનાની રસી જ રામબાણ ઇલાજ હોવાનું નિષ્ણાત તબીબો માની રહ્યા છે. કોરોનાની રસી લેનારા એક પણ દર્દીમાં અત્યાર સુધી આ રોગ જણાયો નથી. તેવું આ રોગના ઇલાજ સાથે સંકળાયેલા તબીબો જણાવી રહ્યા છે.

ગુજરાતમાં વધુ ૧૦,૭૪૨ નાગરિકો કોરોના પોઝિટિવ આવ્યા, ૧૦૯ મોત

ગાંધીનગર : રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રાજ્યના લોકો માટે રાહતના સમાચાર છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડામાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

ગુજરાતમાં હવે પરિસ્થિતિ હવે ધીમે ધીમે થાળે પડી રહી છે. રાજ્યમાં સતત રસીકરણનું કામ ચાલી રહ્યું છે. ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૭૪૨ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૫,૨૬૯ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૫,૯૩,૬૬૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે ૮૧.૮૫ ટકાએ પહોંચી ગયો છે.

અત્યાર સુધીમાં ૧,૪૭,૧૮,૮૬૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. ત્યારે ગઈકાલ સુધીમાં કુલ ૧,૪૫,૬૭,૦૮૯ લોકોનું રસીકરણ કરાયું હતું. જ્યારે આજે કુલ ૧,૫૧,૭૭૨ લોકોનું રસીકરણ કરાયું છે. જેમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટ લાઈન વર્કરનું પ્રથમ ડોઝનું કુલ ૧૮,૫૧,૨૨૫ અને હેલ્થકેર વર્કર અને ફ્રન્ટ લાઈન વર્કરનું બીજા ડોઝનું કુલ ૯,૯૫,૬૯૩ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.

૪૫ વર્ષથી વધુ ઉંમરના પ્રથમ ડોઝનું કુલ ૮૬,૬૦,૬૪૫ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. ૪૫ વર્ષથી વધુ ઉંમરના બીજા ડોઝનું કુલ ૨૭,૯૪,૦૮૪ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૮ થી ૪૫ વર્ષ સુધીના પ્રથમ ડોઝનું કુલ ૪,૧૭,૨૧૪ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૨૨,૮૪૭ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૯૬ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૨૨,૦૫૧ લોકો સ્ટેબલ છે.

કોરોનાને લીધે રાજસ્થાન-ગુજરાત બોર્ડર સીલ

- રાજસ્થાનમાં ૧૪ દિવસનું લોકડાઉન જાહેર થતા બોર્ડર ઉપર આરોગ્યની ટીમો તૈનાત, મુસાફરોના કોરોના રેપીડ ટેસ્ટ બાદ જ પ્રવેશ અપાશે

પાલનપુર : ગુજરાત મહારાષ્ટ્રમાંથી મોટીસંખ્યામાં રાજસ્થાન તરફ જઈ રહેલા યાત્રિકોને ફરજીયાત કોરોના નેગેટિવ રિપોર્ટ ફરજીયાત કરાયો છે જેનેલાઈને બનાસકાંઠાની ગુંદરી,અંબાજી સરહદી છાપરી,અમીરગઢ માવલ,નેનાવા,ખોડા બોર્ડર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યાત્રિકોને રિપોર્ટ મુજબ પ્રવેશ આપયો હતો જેથી ટેસ્ટ રિપોર્ટ વિનાના ઘણા મુસાફરો અટવાયા હતા અનેપરત ફર્યા હતા.

રાજસ્થાનમાં કોરોના સંક્રમણ વધતા રાજસ્થાન સરકારે આજથી ૧૪ દિવસનું લોકડાઉન કરવામાં આવ્યુ છે.જેને લઈને ગુજરાત અને રાજસ્થાનને જાડતી તમામ સરહદો સિલ કરવામાં આવી છે.જેની પાસે આરટીપીસીઆર ટેસ્ટ હોય તેને રાજસ્થાનમાં પ્રવેશ આપવામાં આવે છે અને જો આર ટી પી સી આર ન હોય તો તેમને પરત મોકલી દેવામાં આવે છે.રાજસ્થાનમાં કોરોના સંક્રમણ વધતા રાજસ્થાન સરકારે ૧૪ દિવસના લોકડાઉનનો નિર્ણય કર્યો છે.

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT (INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

કચ્છ-સૌરાષ્ટ્રના દરિયા કાંઠે વાવાઝોડાનો ખતરો : ૧૯મી મેએ ટકરાશે, તંત્ર એલર્ટ

- ઓછું નુકશાન થાય તે માટે એક્શન પ્લાન ઘડાયો

રાજકોટ : કોરોનાની મહામારી વચ્ચે અરબી સમુદ્રમાં ઉદભવી રહેલાં વાવાઝોડાને પગલે ગુજરાત સરકાર એલર્ટ બની છે. ટાઉતે નામનું વાવાઝોડુ કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ટકરાઈ શકે છે તેવી ભીતિને પગલે સરકાર હરકતમાં આવી છે.વાવાઝોડાની સંભાવનાના પગલે સૌરાષ્ટ્ર-કચ્છના તંત્રને એલર્ટ રહેવા સૂચના અપાઇ છે. તા.૧૯મીએ ટાઉતે વાવાઝોડુ ગુજરાતના દરિયાકાંઠે ટકરાઇ શકે છે.

એક બાજુ,કોરોનાના સંક્રમણને ખાળવા સરકાર સક્રિય બની છે ત્યારે બીજી તરફ,અરબી સમુદ્રમાં સાયકલોન સિસ્ટમ ઉદભવી રહી છે. હવામાન વિભાગની આગાહી છેકે, ૧૪મીએ થન્ડરસ્ટોર્મ એક્ટિવિટી શરૂ થશે જેના પગલે ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવી શકે છે. દક્ષિણ અને પશ્ચિમ અરબી સમુદ્રમાં એક પ્રેશર સક્રિય થઇ શકે છે.આ લો પ્રેશર એક્ટિવિટી પર હવામાન નજર રાખી રહ્યુ છે. જયારે તા.૧૬મીએ અરબી સમુદ્રમાં વાવાઝોડુ સક્રિય બને તેવી સંભાવના છે. વાવાઝોડુ સક્રિય થયા બાદ કઇ દિશામાં ફંટાશે તે હાલમાં કહી શકાય તેમ નથી.૧૯મીએ ટાઉતે વાવાઝોડુ ગુજરાતના દરિયાકાંઠે ટકરાશે. ટાઉતે વાવાઝોડાથી ગુજરાતના દરિયાકાંઠે જાન-માલહાનીનું નુકશાન ન થાય તે માટે રાજય સરકારે એકશન પ્લાન ઘડયો છે. રાજય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઇ છે. આ ઉપરાંત દરિયાકાંઠે રહેતાં લોકોને સલામત સ્થળે ખસી જવા અપીલ કરાઇ છે. કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે એનડીઆરએફની ટીમોને તૈનાત કરવામાં આવશે.

તાલાલામાં સિંહે બકરાને છોડાવવા આવેલા યુવાનને આખો ફાડી ખાધો

તાલાલા : તલાવા વિસ્તારમાં શુક્રવારે રાતે માધુપુર ગીર ગામે હિંસક પ્રાણી સિંહે એક યુવાનને ફાડી ખાધો હતો. અન્ય એક ઘટનામાં ધારીના મુંજાણિયા ગામમાં શુક્રવારે રાત્રે કંચનબેન સરોલા નામનાં ૪૫ વર્ષીય મહિલા પતિ સાથે ખેતરમાં કામ કરતાં હતાં ત્યારે અચાનક જ ત્યાં દીપડો આવી ચડયો હતો અને કંચનબેન ઉપર હુમલો કર્યો હતો. કંચનબેનને ઈજા થતાં સારવાર માટે ખસેડાયા છે. તલાલાથી મળતી વિગતો મુજબ માધુપુર ગીરથી ધાવા ગીર ગામે જતા માર્ગ ઉપર રહેતા સલાટ બહાદુરભાઈ જીવાભાઈ (ઉ.વ.૩૫) પશુપાલન પણ કરે છે. તેમણે રહેઠાંણ પાસે કોઢારામાં બાંધેલા બકરાને ઉંચકીને ગત રાતે એક સિહ ત્યાંથી જઈ રહ્યો હતો. આ સમયે ફળિયામાં રહેતો સલાટ યુવાન એકાએક જાગી ગયો હતો. તેથી તેણે પોતાના બકરાને બચાવવા માટે બૂમાબૂમ કરવા સાથે સિંહને લાકડા મારવા પ્રયાસ કર્યો હતો. જો કે, આ સમયે સિંહે યુવાન ઉપર હુમલો કરી દીધો હતો. જે બાદ મોતને ભેટેલા તે યુવાનને સિંહ ઢસડવા માંડ્યો હતો.

અને યુવાનનો દેહ ખાતા ખાતા તે સિંહ તેને કેરીના બગીચા સુધી લઈ ગયો હતો. ઘટના બાદ બીજા દિવસે સવારે બનાવની જાણ તાલાલા ગીર ખાતેની વન વિભાગને થઈ હતી.

રાજકોટ પ્રાણી સંગ્રહાલયમાં સાપે ડંખ મારતા સિંહણ ઋત્વીને હાલત અતિગંભીર

રાજકોટ : રાજકોટમાં મહાપાલિકા સંચાલિત પ્રાણી સંગ્રહાલયમાં સિંહોના વિશાળ પાંજરામાં ઘસી આવેલા અત્યંત ઝેરી નાગ કોબ્રાએ ઋત્વી નામની સિંહણના પૂછડી પાસે જોરદાર ડંખ મારતા સિંહ બેભાન હાલતમાં ગંભીર બની ગઈ છે અને તેની તાકીદે સારવાર હાથ ધરાઈ છે. આજે સિંહના પાંજરાની ઝૂ સ્ટાફ દ્વારા રાબેતામૂજબ મુલાકાત લેતા સિંહણ બેભાન હાલતમાં જોવા મળી હતી અને તેને સોજો આવી ગયો હતો. આમ સર્પદંશ મોડી રાત્રિના થયાનું અને શરીરમાં ઝેર પ્રસરી ગયાનું અનુમાન થઈ રહ્યું છે. ઝૂ સત્તાવાળાઓએ સિંહઅને આઈસોલેટ કરીને તેને એન્ટીસ્નેક વેનમથી સારવાર શરૂ કરાઈ છે. રાત્રિના ઝૂ સૂત્રા અનુસાર તેની હાલત સ્થિર છેત આમ તો હૈદ્રાબાદમાં સિંહોને કોરોના પોઝીટીવ આવ્યા બાદ પ્રાણીઓમાં કોરોના ન થાય તે માટે સાવચેતી રખાય છે.

ભાવનગરમાં ભાણીને વાડીમાં લઈ જઈ ખાટલા સાથે બાંધી મામા દ્વારા દુષ્કર્મ

- મામાએ સગીરાને કોઈને કહીશ તો કુંવામાં ફેંકી દેવાની ધમકી પણ આપી

ભાવનગર : આજકાલ મહિલાઓ પર શારીરિક અને માનસિક ત્રાસની ઘટનાઓ વધતી જાય છે, ત્યારે ભાવનગર તળાજાના દાઠા પોલીસ મથકમાં દયાળ ગામના ઈસમ વિરુદ્ધ સગીરા સાથે બે વખત દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. બળાત્કારી ઈસમ સગીરાનો કૌટુંબિક મામો થતો હોવાનું પોલીસ તપાસમાં ખુલતાં પોલીસે તેની અટક કરી હતી. દાઠા પોલિસ મથકમાં સગીરાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું કે, દયાળ ગામે રહેતાં અને સંબંધમાં કૌટુંબિક મામા ભાવેશ ચૌહાણે ફરિયાદી સગીરાને અમરેલી વિસ્તારમાં ખેતમજૂરી કામે લઈ જઈ વાડીમાં મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. તે સમયે મામાએ સગીરાને કોઈને કહીશ તો કુંવામાં ફેંકી દેવાની ધમકી પણ આપી હતી. તો, ગતરોજ સગીરા એકલી જતી હોય તે સમયે મામાએ ઓરડીમાં લઈ જઈ ખાટલા સાથે બાંધી દઈ બીજી વખત દૂષ્કર્મ આચર્યું હતું. એ સમયે સગીરાએ બૂમાબૂમ કરતાં તેણીના વાલી સહિતના આવી ગયા હતા. બનાવને લઈ તળાજા સર્કલ પો.ઈ.રાઠવાએ મામા ભાવેશ ચૌહાણની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તીર્થધામ શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં એક વર્ષથી ધમધમી રહેલો સેવાયજ્ઞ

ભાવનગર : શાસ્વત તીર્થ પાલિતાણામાં શંત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા કોવિડની મહામારી દરમિયાન છેલ્લા એક વર્ષથી સેવાયજ્ઞા ધમધમી રહ્યો છે. અત્રે ઓકસીજનની ૩૦૦ બોટલ પુરી પાડવામાં આવી હતી. પાલિતાણા પંથકના જરૂરીયાતમંદ દર્દીઓ માટે હરહંમેશ કાર્યરત શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા કોરોનાની મહામારી વચ્ચે એક વર્ષથી સિનિયર મેનેજર મનુભાઈ શાહના માર્ગદર્શન હેઠળ પાલિતાણા પંથકના ૯૦૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ગામડાઓમાં કાઢાનું વિતરણ કરાયુ હતુ. કોરોનાના દર્દીઓને બે સમય ભોજનની વ્યવસ્થા તેમજ આઈસોલેશન સેન્ટરમાં વિવિધ ગામડાઓમાં ૨૦ ઓકસીજન બોટલ્સ આપવામાં આવી અને ભવિષ્યમાં વધુ જરૂર પડે તો પણ આપવામાં આવશે તેવુ પેઢીના મેનેજર દ્વારા જણાવાયુ હતુ.

રેમડેસિવિરના કાળાબજાર : જામનગરની જી.જી.હોસ્પિટલના તબીબની અટકાયત

જામનગર : અમદાવાદ શહેરમાં ઈન્જેક્શનની કાળાબજારી કરવાના કેસમાં સોલા પોલીસે જામનગરની જી.જી. હોસ્પિટલના એક તબીબી વિદ્યાર્થીની અટકાયત કરી છે. સોલા પોલીસે અગાઉ છ ઈન્જેક્શન સાથે જય શાહની ધરપકડ કરી હતી. જેની પૂછપરછમાં સુરતના બે ડોકટરનું નામ ખુલ્યા બાદ તેમની ધરપકડ કરાઈ હતી. જામનગરની હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોકટર પાસેથી ઈન્જેક્શન મેળવ્યા હોવાનું બહાર આવતા પોલીસે તેની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે.

અમદાવાદમાં એસજી હાઈવે પર આવેલા કારગિલ પેટ્રોલપંપ પાસેથી પોલીસે જય શાહ નામના યુવક પાસેથી ૬ રેમડેસીવીર ઈન્જકેશન સાથે ધરપકડ કરી પૂછપરછ કરતા સુરતના ડો. મિલન સુતારીયા અને કીર્તિ દવે અને જુહાપુરાની રુહી પઠાણનું ખુલવા પામ્યું હતું. પોલીસે સુરતના બે ડોક્ટર અને એક અમદાવાદની મહિલા નર્સની ધરપકડ કરી હતી. તપાસ દરમ્યાન જામનગરની જી.જી. હોસ્પિટલના ડો. ધીરેન બલદાણિયા પાસેથી આઠ હજાર રૂપિયામાં ખરીદી કર્યા હોવાનું બહાર આવતાં સોલા પોલીસે તેની જામનગરમાંથી અટકાયત કરી છે. સુરતના આરોપી ડો. કીર્તિ અને ડો. ધીરેન બંને સાથે ભણતા હતા ત્યારની ઓળખાણ હતી. જામનગરની જી.જી. હોસ્પિટલમાં રેડિયોલોજી વિભાગમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતા આરોપી ડો. ધીરેન બલદાણીયાએ આ એક ઈન્જેક્શન ડોક્ટર કીર્તિ દવેને ૮ હજારમાં વેંચ્યા હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું છે.

અમેરિકાથી સૌરાષ્ટ્ર પટેલ સમાજ ૭ લાખ ડોલરના ઓક્સિજન મશીન મોકલશે

રાજકોટ : ગુજરાત સહિત દેશમાં કોરોના મહામારીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. હાલ આવા વિદેશીઓની સહાયથી ગામડા ગામડે કોવિડ સેન્ટરો ઉભા થયા છે. ઓક્સિજનના મશીનો વિદેશોમાંથી મોકલવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રના પાટીદાર સમાજના લોકો કોરોનામાં ગુજરાતીઓને મનમૂકીને દાન આપ્યું છે. સૌરાષ્ટ્ર પટેલ કલ્ચર સમાજ – અમેરિકાએ ગુજરાતના ગામડાઓમાં કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજનના મશીનો મોકલવાનું નક્કી કર્યું છે. માત્ર ૪ જ દિવસમાં ૫ કરોડ (૬,૮૦,૦૦૦ ડોલર)નું દાન ભેગું કરી નાંખ્યું હતું, અને ૧૦૦થી વધુ ઓક્સિજન મશીન અને અન્ય મેડિકલ સાધન સામગ્રી ખરીદી લીધી હોવાના સમાચાર મળી રહ્યા છે.

સોમનાથ મંદિરે વિશેષ શૃંગાર સાથે ૭૧મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

વેરાવળ : સોમનાથ મંદિરના ૭૧મા સ્થાપના દિવસની મંગળવારે સાદગીભરી ઊજવણી પ્રસંગે વિશેષ શૃંગાર અને દીપમાલા સાથેમહાદેવની પૂજા કરવામાં આવી હતી. તા.૧૧ મે, ૧૯૫૧ના દિવસે પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે ગર્ભગૃહનું ઉદ્ઘાટન કર્યું હતું. સમુદ્રમાં શણગારેલી બોટ રાખી, ૨૧ તોપોની સલામી સાથે ભક્તોએ જય સોમનાથના નાદ સાથે મંદિર પર ધ્વજા ફરકાવી હતી. સોમનાથ મંદિરના નિર્માણ પાછળ મહત્ત્વની ભૂમિકા અદા કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના મહાનુભાવોને યાદ કરવામાં આવ્યા હતા. મંદિર પરિસરમાં આવેલી સરદારની પ્રતિમાને વંદન કરી પુષ્પાંજલી આપવામાં આવી હતી. વિશ્વ આખું કોરોના મહામારીથી મુક્ત બને એ માટે મહામૃત્યુંજય મંત્ર જાપ કરવામાં આવ્યા હતા.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઇપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ

તારક મહેતા..ના જૂના ટપુ ભવ્ય ગાંધીના પિતાનું કોરોનાથી મોત

હાલમાં આખા ભારતમાં કોરોનાની લહેર ચાલી રહી છે અને લોકો પણ ટપોટપ મરી રહ્યા છે. દરેક જગ્યાએ તંગી જોવા મળી રહી છે. ક્યાંક ઓક્સિજન નથી તો ક્યાંક વેન્ટિલેટર બેડ નથી મળી રહ્યો. ત્યારે સેલેબ્સ પણ કોરોનાની ચપેટમાં આવી રહ્યા છે અને મોત થઈ રહ્યાં છે. હવે સમાચાર આવી રહ્યા છે કે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માનો જૂનો ટપુડો એટલે કે ભવ્ય ગાંધીના પિતા વિનોદ ગાંધીનું કોરોનાને કારણે અવસાન થયું છે. તેઓ છેલ્લાં ૧૦ દિવસ કરતાં પણ વધારે દિવસથી મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં એડમિટ હતા. ભવ્ય ગાંધીએ ૪ વર્ષ પહેલા તારક મહેતા શો છોડી દીધો હતો. તે ૨૦૦૮ માં આ શોમાં જોડાયો હતો અને લગભગ ૯ વર્ષોથી તેનો એક ભાગ હતો.

કોરોના કાળમાં શ્રૃતિ હાસન પણ હવે આર્થિક સંકટમાં

મુંબઇ : કોરોના વાયરસની બીજી લહેર દરમિયાન કમલ હાસનની પુત્રી શ્રુતુ હાસન કામ કરવા તૈયાર છે. તેણે કહ્યું હતું કે તે શૂટિંગ બંધ હોવાથી કામ ન કરી શકતી હોવાથી આર્થિક તંગી અનુભવી રહી છે. શ્રુતિએ એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, મારા માટે કામ પર જવું હવે બહુ જરૂરી બની ગયું છે. ઘરમાં બેસીને મહામારી પુરી થવાની રાહ જોઇ શકુ એમ નથી. હું મારા માતા-પિતા પર નિર્ભર કરી શકુ એમ નથી. મારી ઘરના હપ્તા તેમજ અન્ય બિલ ભરવા માટે કામ પર જવું જરૂરી બની ગયું છે. મારી પાસે માતા-પિતા મદદ કરવા માટે નથી. કોરોના વાયરસ ફેલાયો એ પહેલા મેં એક ઘર ખરીધું છે.હું પરિવારથી અલગ રહું છું. આ કારણે મારે આર્થિક તંગીનો સામનો કરવો પડે છે. હું મારા ઘરના હપ્તા ભરવાના પ્રયાસમાં છે. માસ્ક પહેરીને હું કામ પર જવા તૈયાર છું. મારે જીવનનિર્વાહ ચલાવા માટે કામ પર જવું અગત્યનું છે.

હું ટ્રોલર્સને દૂર ફેંકી દઉ છું: રવિના ટંડન

અભિનેત્રી રવિના ટંડને સોશિયલ મિડીયાના ટ્રોલર્સ બાબતે વાત કરતાંકહ્યું હતું કે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ કેટલાક નેગેટિવ લોકો છે, જે હવે નિર્માતા બની ગયા છે અને એક્ટર્સને પોતાના ઇશારાઓ પર નચાવે છે. રવિનાએ કહ્યું હતું કે સોશિયલ મિડીયાથી થતાં ફાયદાઓનેહું પસંદ કરુ છું, આ એક વરદાન છે. પરંતુ કયારેક નેગેટિવીટી અને ટ્રોલ્સને કારણે તે શ્રાપ બની જાય છે. જ્યાં સુધી એક્ટર્સનો સવાલ છે અમે સતત આવા

ટ્રોલર્સ સામે લડતાં રહીએ છીએ. અમે કેટલાક પબ્લીકેશન્સના માધ્યમથી પણ લડીએ છીએ. આમાંથી કેટલાક ખુબ નેગેટિવ છે, કેટલાક નિર્માતા પણ બની ગયા છે જે એક્ટર્સને પોતાના ઇશારે નચાવે છે. આવા લોકો આસપાસમાં જ હોય છે, હું તેનાથી દૂર રહેવાનું યોગ્ય સમજુ છું. હું ટ્રોલર્સને જવાબ આપવાને બદલે તેને દૂર ફેંકી દઉ છું. પોઝિટિવ વિચારધારા ધરાવતાં લોકોની સાથે જ રહેવું જોઇએ. રવિના હવે કેજીએફ-૨માં જબરદસ્ત ભુમિકામાં જોવા મળશે.



હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, મતમતાંતર, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

બીજા વિશ્વયુદ્ધ બાદ યહૂદીઓ માટે અલગ રાષ્ટ્રના નિર્ણયથી શરુ થયેલો વિવાદ હજી શમતો નથી

જેરુસલેમની હિંસા સમસ્ત દુનિયા માટે ચિંતાજનક

પ્રાસંગિક
ધવલ શુક્લ

ઈઝરાયેલ જેરુસલેમમાં આવેલી અલ અક્સા મસ્જિદ પાસેથી પેલેસ્ટાઈની લોકોને ખસેડવાની કાર્યવાહીથી મોટો વિવાદ થવા સાથે ભડકો થઈ ગયો છે. છેલ્લા ઘણાં દિવસથી જેરુસલેમના આ વિસ્તારમાં ઈઝરાયેલના સુરક્ષા દળો અને પેલેસ્ટાઈની લોકો વચ્ચે હિંસક અથડામણો થઈ રહી છે. જેને કારણે ઘણાં દિવસથી ભારે તંગદીલી વ્યાપી છે. જેરુસલેમની મધ્યમાં આવેલી અલ અકસા મસ્જિદ પાસે યહુદીઓ અને મુસ્લિમ સમૂહો વચ્ચે હિંસક અથડામણો થતા અનેક લોકો ઘાયલ થયા છે. જેમાં સોમવારે રાત્રે ચરમપંથી સંગઠન હમાસે જેરુસલેમ પર રોકેટો દાગ્યા, તે પછી ત્યાં હિંસા વધી ગઈ છે.

હમાસના હુમલાના જવાબમાં ઈઝરાયેલી સેનાએ ગાઝા પટ્ટીમાં હવાઈ હુમલા કરતા તેમાં બાળકો સહિત ઓછામાં ઓછા ૨૦ જણા મૃત્યુ પામ્યા હતા. તમામ વિવાદના મૂળમાં ભૂમધ્ય અને સમુદ્રથી ઘેરાયેલું જેરુસલેમ શહેર છે. જેરુસલેમ યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમ ત્રણેય ધર્મના લોકો માટે અતિ પવિત્ર સ્થળ મનાય છે. ત્રણેય ધર્મોના લોકો વચ્ચે વિભાજિત જેરુસલેમના કેન્દ્રમાં ઓલ્ડ સિટી તરીકે ઓળખાતું પ્રાચીન શહેર છે.

યહૂદી પ્રજાની માન્યતા એવી છે કે, જૂના શહેરમાં આવેલી કોટેલ એટલે કે પશ્ચિમી દીવાલ વૉલ ઓફ ધ માઉન્ટનો અવશેષ મનાય છે. આ પવિત્ર સ્થળની અંદર તેમનું સૌથી પવિત્ર સ્થાન હોલી ઓફ ધ હોલીઝ સ્થિત હતું. યહૂદી પરંપરા પ્રમાણે આ જ સ્થળેથી વિશ્વનું નિર્માણ થયું હતું અને અહીંયા જ પયગંબર ઈબ્રાહિમે પોતાના પુત્ર ઈસહાકની બલિ આપવાની તૈયારી કરી હતી. અનેક યહૂદીઓની માન્યતા છે કે, ડૉમ ઓફ ધ રોક જ હોલી ઓફ ધ હોલીઝ છે. મુસ્લિમોનો વિસ્તાર ઓલ્ડ સીટીમાં સૌથી મોટો છે અને આ વિસ્તારમાં ડૉમ ઓફ ધ રૉક અને અલ અક્સા મસ્જિદ આવેલી છે.

મસ્જિદ અલ અક્સા ઈસ્લામનું ત્રીજું સૌથી પવિત્ર સ્થળ મનાય છે. મુસ્લિમોની માન્યતા એવી છે કે, અહીંયાથી જ મોહમ્મદ પયગંબરે જન્નતની યાત્રા કરી હતી. ખ્રિસ્તી વિસ્તારમાં ચર્ચ ઓફ ધ હોલી સેપલ્કર છે જે દુનિયાભરના ખ્રિસ્તીઓની આસ્થાનું સ્થળ છે. ખ્રિસ્તી પરંપરા અનુસાર આ સ્થળે ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે ચડાવવામાં આવ્યા હતાં. અહીંયાથી જ ઈસુ ખ્રિસ્તનું સ્વર્ગારોહણ થયું હતુ. ચોથો વિસ્તાર આર્મેનિયન લોકોનો છે. આર્મેનિયન લોકો પરંપરાગત રીતે ખ્રિસ્તી જ છે. અહીં આવેલું સેન્ટ જેમ્સ ચર્ચ આર્મેનિયન પરંપરાનું સૌથી પ્રાચીન સ્થળ મનાય છે. જેરુસલેમના વિવાદની શરુઆતમાં બીજા વિશ્વયુદ્ધના અંતે વિજેતા દેશોએ યુદ્ધનો સૌથી વધારે ભોગ બનેલા યહૂદીઓ માટે અલગ રાષ્ટ્ર સ્થાપવાનું નક્કી કર્યું ત્યારથી જ થઇ ગઇ હતી. ૧૯૪૮માં ઈઝરાયેલની સ્થાપના થયા બાદ તુરંત જ જોર્ડને તેના પર હુમલો કરીને જેરુસલેમનો પૂર્વ હિસ્સા પર કબજો જમાવી લીધો હતો. ત્યારપછી ૧૯૬૭માં ઈઝરાયેલ અને આરબ દેશો વચ્ચે થયેલા સિક્સ ડે વૉર નામના યુદ્ધમાં ઈઝરાયેલે પૂર્વ જેરુસલેમ પર કબજો મેળવ્યો હતો. આ સાથે જ ઈઝરાયેલે ઓલ્ડ સિટી ઉપર કબજો જમાવ્યો હતો.

હવે ઈઝરાયેલ આખા જેરુસલેમ ઉપર પોતાનું આધિપત્ય હોવાનો દાવો કરે છે, જેને આરબ દેશો અને યૂ.એન. માન્ય ગણતા નથી. આમ તો ઈઝરાયેલે જેરુસલેમને પોતાની રાજધાની માને છે અને દેશની સંસદ અને વડાપ્રધાનનું અધિકૃત નિવાસસ્થાન પણ પશ્ચિમ જેરુસલેમમાં રચવામાં આવ્યું છે. પરંતુ દુનિયાભરના દેશો વિવાદાસ્પદ જેરુસલેમને ઈઝરાયેલની રાજધાની માનતા નથી. એટલા માટે જ ઈઝરાયેલને માન્યતા આપતા ૮૬ દેશોની એમ્બસી પણ જેરુસલેમમાં નહીં, પરંતુ તેલ અવીવમાં છે. ૧૯૬૭માં પૂર્વ જેરુસલેમ ઉપર કબજો જમાવ્યા બાદ ઈઝરાયેલ આ વિસ્તારમાં ઘણી વસાહતો સ્થાપી ચૂક્યું છે. જેને આંતરરાષ્ટ્રીય કાયદાઓ અનુસાર ગેરકાયદેસર ગણાય છે. પેલેસ્ટાઈન પણ જેરુસલેમને પોતાના ભાવિ રાષ્ટ્રની રાજધાની માને છે. ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વિવાદનું સમાધાન પણ આંતરરાષ્ટ્રીય સ્તરે એ જ ગણવામાં આવે છે કે, ઈઝરાયેલ ૧૯૬૭ પહેલાની સરહદોને માન્ય ગણે. મતલબ કે, ઈઝરાયેલે કબજે કરેલા પ્રદેશમાં પેલેસ્ટાઈનની સ્થાપના થાય. જેરુસલેમમાં ત્રીજા ભાગની વસતી પેલેસ્ટાઈની લોકોની છે. જો કે, શહેરના યહૂદીઓ અને પેલેસ્ટાઈનીઓ વચ્ચે ખાસ વહેવાર નથી. શહેરમાં વસતા આશરે ત્રણ લાખ જેટલા પેલેસ્ટાઈની લોકો પાસે ઈઝરાયેલની નાગરિકતા પણ નથી.

હકીકતમાં ઈઝરાયેલ સરકાર અલ અક્સા મસ્જિદ પાસેથી પેલેસ્ટાઈની લોકોને દૂર કરવાના પગલા લઇ રહી છે. રમઝાનની સૌથી પવિત્ર રાત્રિઓમાંની એક ગણાતી એવી ગત રવિવારની રાત્રે ઈઝરાયેલની પોલીસ અને સ્થાનિક લોકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી.પેલેસ્ટાઈનના દાવા અનુસાર આ અથડામણમાં ૮૦૦થી વધારે પેલેસ્ટાઈનીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આમ પણ પવિત્ર રમઝાન માસ દરમિયાન જેરુસલેમમાં ઈઝરાયેલ સરકારે ભારે સુરક્ષા દળોની તૈનાતી કરતા પેલેસ્ટાઈની લોકો રોષમાં હતાં.

સોમવારે યહુદી લોકો જેરુસલેમ ડેની પરેડ યોજવાના હતાં, જેમાં ભારે હિંસા થવાનો અંદેશો પહેલેથી હતો. વર્ષ ૧૯૬૭માં ઈઝરાયેલ દ્વારા પૂર્વ જેરુસલેમ ઉપર કબજો કર્યાના માનમાં યહુદીઓ મુસ્લિમ વિસ્તારોમાં એક માર્ચ કાઢે છે. પેલેસ્ટાઈની લોકોને લાગે છે કે, તેમને ઉશ્કેરવા માટે જ યહુદીઓ આ માર્ચ કાઢે છે. અગાઉ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ જેરુસલેમમાં નિર્માણ કાર્ય આગળ ધપાવવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આ નિર્માણ કાર્ય એ વિસ્તારમાં થવાનું છે જ્યાં યહુદીઓ અને પેલેસ્ટાઈની લોકો દાવો કરે છે. ઈઝરાયેલ ઉપર આ વિસ્તાર સાથે કોઈ ચેડાં ન કરવાનું ભારે આંતરરાષ્ટ્રીય દબાણ પણ છે. જોકે નેતાન્યાહૂનું કહેવું છે કે, દરેક દેશ પોતાની રાજધાનીમાં નિર્માણ કાર્ય કરે છે અને ઈઝરાયેલને પણ તેની રાજધાનીમાં નિર્માણ કાર્ય કરવાનો અધિકાર છે.

ગત સામવારે જેરુસલેમ ડે હતો તે સમયે પેલેસ્ટાઈની લોકોએ ઈઝરાયેલના સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કર્યો હતો. જેના જવાબમાં ઈઝરાયેલના સુરક્ષા દળોએ ભીડ ઉપર ગ્રેનેડ ફેંકીને સ્થિતિ થાળે પાડવા પ્રયાસ કર્યા હતા. આ મામલામાં ચરમપંથી સંગઠન હમાસે ઝંપલાવતા મામલો મામલો વધુ વણસી ગયો હતો. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે, પેલેસ્ટાઈની ઉગ્રવાદીઓએ રાત્રિ દરમિયાન ૧૫૦થી વધારે રોકેટ દાગ્યાં હતા. જેને ઈઝરાયેલની મિસાઈલ ડિફેન્સ સિસ્ટમે આંતરી લીધાં હતા. હકીકતમાં વર્ષ ૨૦૧૪ બાદ પહેલી વખત જેરુસલેમ પાસે આટલી મોટી સંખ્યામાં રોકેટ દાગવામાં આવ્યાં છે.

પેલેસ્ટાઈનના નેતાઓનું કહેવું છે કે, ઈઝરાયેલ જાણી જોઈને તેમને ઉશ્કેરી રહ્યું છે. આ સાથે જ તેમણે ધમકી આપી છે કે, ઈઝરાયેલે તેમના પવિત્ર સ્થળને નિશાન બનાવ્યું છે અને એનો જવાબ ચોક્કસ મળશે. પેલેસ્ટાઈનનું કહેવું છે કે, ઈઝરાયેલ જેરુસલેમમાં પેલેસ્ટાઈની લોકોનો સફાયો કરી રહ્યું છે. ગુરુવારે ફરી ઈઝરાયલે વળતો જવાબ આપતાં હમાસના ૧૧ કમાન્ડર સહિત ૮૯ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. બે પક્ષે સર્જાયેલા તણાવથી આખી દુનિયા ચિંતામાં છે. કારણ કે, આ હિંસાના પડઘા દુનિયાના અનેક દેશોમાં પડી શકે તેમ છે. યૂ.એન.એ આ મામલે તાત્કાલિક બેઠક બોલાવીને પરિસ્થિતિની ચર્ચા કરી છે. યૂ.એન.ના પ્રસ્તાવમાં ઈઝરાયેલને પેલેસ્ટાઈની લોકોને પોતાના સ્થાનોથી હટાવવાની કામગીરી અટકાવવા પણ અનુરોધ કરાયો છે.

રમઝામ મહિનામાં જ અલ અક્સા મસ્જિદ પાસેથી પેલેસ્ટાઇનીઓને દૂર કરવાના પગલાથી વાત વણસી, હમાસના હુમલા બાદ ઈઝરાયલે વળતો જવાબ આપ્યો

SHARP
INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc CRCIC

CANADA IMMIGRATION

GOOD NEWS FOR RECENTLY GRADUATED STUDENTS INSIDE CANADA

STUDENTS UNDER POST GRADUATION WORK PERMIT WITH IELTS 5 BAND CAN QUALIFIED TO APPLY FOR PERMANENT RESIDENCY RIGHT AWAY !!

AMI MEHTA
IMMIGRATION PRACTIONER

Effective May 6, 2021, Immigration, Refugees and Citizenship Canada (IRCC) will begin accepting applications under the following 3 streams:

20,000	30,000	40,000
applications for temporary workers in health care	applications for temporary workers in other selected essential occupations	applications for international students who graduated from a Canadian institution

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

FIRST COME FIRST SERVE BASIS !!

CONTACT US IMMIDIATELY

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca Website.: www.siis.ca

શું તમે છાતીમાં થતા કફની સમસ્યાથી પરેશાન છો, કરો આ વસ્તુઓનું સેવન

કોરોના વાયરસ વિશ્વભરમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ વાયરસના લક્ષણોમાં ગળું, કફ, શરદી, ઉધરસ વગેરેનો સમાવેશ થાય છે. તેમજ છાતીમાં કફથી શ્વાસની તકલીફ થાય છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને કેટલાક દેશી ઉપાય જણાવીએ છીએ, જેને દૈનિક આહારમાં શામેલ કરીને ખાંસી અને ગળાના કફથી રાહત મળે છે. આ વિશે આજે વધુ વિગતે ચર્ચા કરીશું.

કેળા

શરદી અને ખાંસી આવે ત્યારે લોકો કેળા ખાવાનું બંધ કરે છે. પરંતુ કેળામાં પોટેશિયમ ભરપુર માત્રામાં છે. શરીરમાં પાણીનો અભાવ તેના વપરાશ દ્વારા પૂર્ણ થાય છે. ઉપરાંત, તેમાં હાજર ઈલેક્ટ્રોલાઈટ્સ અને ખનિજો રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. આ સ્થિતિમાં શરદી, ખાંસી અને શરદીમાં તેનું સેવન ફાયદાકારક છે.

અનાનસ

અનાનસનું સેવન કરવાથી કફ અને લાળ દૂર થાય છે. ઉપરાંત, ફેફસાં સાફ થાય છે. આવી સ્થિતિમાં કફની સમસ્યાથી જલ્દી રાહત મળે છે.

લસણ

આદુની જેમ, લસણ પણ ગુણધર્મોથી સમૃદ્ધ છે. તેમાં એન્ટી બેક્ટેરિયલ, એન્ટિ-વાયરલ, એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ છે. તે જ સમયે, આયુર્વેદમાં તેને ઔષધીય સ્વરૂપ માનવામાં આવે છે. દરરોજ લસણની 2-3 કળીઓ ખાવાથી શરદી, ખાંસી અને શરદીથી રાહત મળે છે. ઉપરાંત, રોગ પ્રતિકારક શક્તિ મજબૂત થવામાં મદદ કરે છે

આદુ-તુલસીનો છોડ

આદુ અને તુલસીમાં એન્ટી બેક્ટેરિયલ, એન્ટી વાયરલ વગેરે ગુણ હોય છે. તેને લેવાથી તમને કફથી રાહત મળે છે અને સામાન્ય શરદી, ખાંસીથી પણ મુક્તિ મળે છે. આ રોગપ્રતિકારક શક્તિ વધારે છે. આવી સ્થિતિમાં, રોગોથી સંવેદનશીલ થવાનું જોખમ ઓછું છે. તમે તેને ખોરાક સાથે ભળીને અને ચા બનાવીને અથવા તેનાથી ઉકાળો પી શકો છો. આ માટે, આદુનો 1 ટુકડો અને તુલસીના 2-3 પાંદડા 2 કપ પાણીમાં ઉકાળો. જ્યારે પાણીનો એક ચોથો ભાગ હોય ત્યારે તેને ગાળીને પીવો. આ સિવાય આદુનો 1 ટુકડો ચાવવાથી ગળામાં રાહત મળે છે.

ગોળ

ગોળની તાસીર ગરમ છે. આવી સ્થિતિમાં કફ, ખાંસી વગેરેથી રાહત મળે છે. તમે તેને ચા અથવા ડેઝર્ટમાં ઉમેરીને ખાઈ શકો છો. આ સિવાય શેકેલા ચણા સાથે તેનું સેવન કરવાથી પણ ફાયદો થાય છે.

શું સમયાંતરે પાસવર્ડ બદલતા રહેવું જોઈએ?

પાસવર્ડ એ એક સિક્યુરીટીનું મહત્વનું અંગ છે. એક ઈન્ટરનેટ યુઝર તરીકે સમયાંતરે પાસવર્ડ બદલતા રહેવું જોઈએ. પાસવર્ડના ઘણા પ્રકાર છે. મોટેભાગે લોકો પોતાની જન્મ તારીખ, ગાડી નંબર, મોબાઈલ નંબર, બેંક એકાઉન્ટ નંબર તથા પેટ-નેમ રાખતા હોય છે. કોર્પોરેટ કંપનીમાં દર મહીને પાસવર્ડ બદલવાનો હોય છે જેમાં મોટેભાગે યુઝર્સ મહિનો+વર્ષ (May2021) પાસવર્ડ સેટ કરતા હોય છે. જે સરળતાથી ક્રેક (Easy To Crack) થઈ શકે છે.

યુઝર્સએ જયારે ફરજિયાતપણે પાસવર્ડ બદલવાનો હોય ત્યારે તેમના હાલના પાસવર્ડના અંતમાં એક નંબર અથવા તો સિમ્બોલ જોડે છે. આવું કરવું પણ હિતાવહ નથી. લોકો પાસવર્ડ માટે એક ડાયરી બનાવે છે જેમાં ઈ-મેઈલ, સોસીયલ મીડિયા તથા બેંકને લગતા આઈ.ડી. (ID) અને પાસવર્ડ હોય છે. જે ભવિષ્યમાં તમને હાની પહોંચાડી શકે છે. પાસવર્ડ ને સેવ કરવા માટે ઘણી એપ્લીકેશન પણ હોય છે જે એવો દાવો કરે છે કે તેઓ આપણા યુઝરનેમ અને પાસવર્ડ સુરક્ષિત રાખશે. પરંતુ હકીકતમાં તેવું હોતું નથી અને આવું કરવું પણ હિતાવહ નથી.

એક ઈન્ટરનેટ યુઝર તરીકે 30-90 દિવસના સમયાંતરે પાસવર્ડ બદલવો જરૂરી છે. પરંતુ જો તમે એક એક્ટીવ યુઝર નથી તો તમે 180-360 દિવસના સમયાંતરે પણ પાસવર્ડ બદલી શકો છો. જેમકે તમે ઓનલાઈન ટ્રેન અથવા ફલાઈટનું બુકિંગ કરો છો તો જે-તે વેબસાઈટ પર તમે 180-360 દિવસ દરમ્યાન પાસવર્ડ બદલી શકો પણ જો તમે મહિનામાં બુકિંગ વેબસાઈટનો વારંવાર ઉપયોગ કરતા હોવ તો તમારે 30-90 દિવસ દરમ્યાન પાસવર્ડ બદલી દેવો જોઈએ.

પાસવર્ડની પોલીસી

૧. જો તમે પાસવર્ડ બદલતા હોવ તો તમારો નવો પાસવર્ડ તમારા છેલ્લા ૧૦ પાસવર્ડથી અલગ હોવો જોઈએ.

૨. અમુક ચોક્કસ સમયાંતરે પાસવર્ડ બદલી દેવો જોઈએ.

૩. પાસવર્ડની લંબાઈ ધ્યાનમાં રાખવી ખુબ જરૂરી છે. ઓછામાં ઓછા 8-14 અક્ષર હોવા જોઈએ.

૪. પાસવર્ડ ગુંચવણ ભર્યો પણ તમને યાદ રહે તેવો હોવો જોઈએ. જેમાં કેપિટલ તથા સ્મોલ અક્ષર, સિમ્બોલ અને નંબરનો સમાવેશ થવો જોઈએ.

૫. પાસવર્ડ કોઈની પણ સાથે શેર ન કરવો જોઈએ.

૬. પાસવર્ડ કોઈ વિચારી ન શકે તેવો હોવો જોઈએ.

૭. પાસવર્ડ ડીક્ષનરી નો કોઈ શબ્દ પણ ન હોવો જોઈએ.

@beinghumanmj

ગુજરાતમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનઃ શિક્ષણ વિભાગનો નિર્ણય

ગાંધીનગર : સરકારની કોર કમિટિની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ધો.૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાશે. ગુજરાતના શિક્ષણ વિભાગનો મોટો નિર્ણય હાલમાં લેવામાં આવ્યો છે. તમામ રેગ્યુલર વિદ્યાર્થીઓને પરીક્ષા વગર પાસ કરાશે. ધો.૧૦ના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા નહીં આપવી પડે.

સીએમના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિમાં નિર્ણય કરવામાં આવ્યો છે. રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ધોરણ ૧૦નાં વિધાર્થીઓને માસ પ્રમોશન અપાશે. વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન અપાશે. ૧૦૯૭૭ શાળાના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવશે. અગાઉ ધો.૧૦ની પરીક્ષા સ્થગિત કરાઈ હતી.

રાજ્યની ૧૨૭૬ સરકારી, ૫૩૨૫ ગ્રાન્ટ ઈન એઈડ, ૪૩૩૧ સેલ્ફ ફાઈનાન્સ અને અન્ય ૪૫ શાળાઓ મળી કુલ ૧૦૯૭૭ શાળાઓમાં ધોરણ-૧૦ ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ માસ પ્રમોશન આપવામાં આવશે. રાજ્ય સરકારે ગુજરાતમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ જે તા.૧૦મી મે થી ૨૫મી મે સુધી યોજાવાની હતી તે પ્રવર્તમાન કોરોના સંક્રમણની પરિસ્થિતીમાં મોકૂફ રાખવાનો નિર્ણય ગત તા.૧૫મી એપ્રિલે કરેલો છે હાલમાં સમગ્ર ગુજરાત કોરોના સામે જંગ લડી રહ્યું છે. નોંધનીય છે કે કોરોનાને કારણે અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ઘણા પરિવારે મોભી ગુમાવ્યા છે. જેના કારણે અનેક બાળકો અનાથ થયા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સિવાય કોર કમિટિની બેઠકમાં અનાથ-નિરાધાર થયેલા બાળકો માટે મહત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે.

ભાજપમાં આંતરકલહના સંકેત, પાર્ટીના ટ્વિટર હેન્ડલથી રુપાણીને લાઈક બંધ

ગાંધીનગરઃ ગુજરાત ભાજપમાં પાર્ટી અધ્યક્ષ પાટીલ તથા સીએમ રુપાણી વચ્ચે ઘણાં સમયથી તાલમેલ ન હોવાનુ ચર્ચાતુ રહ્યું છે. એક મહિના પહેલાં જ સુરતમાં રેમડેસિવિર ઈન્જેક્શનની વહેંચણી ભાજપ દ્વારા કરાઈ હતી.

આ કાર્યક્રમથી વિવાદ વધતા મીડિયાએ મુખ્યમંત્રીને સવાલો પુછી નાંખ્યા હતા. આ સમયે રુપાણીએ સી.આર.ને જ આ સવાલનો જવાબ પૂછો તેવું કહી દીધું હતુ.

આ ઉપરાંત અનેક વખતે ગુજરાત ભાજપ સંગઠન અને સરકાર વચ્ચે ખાસ સંકલન ન હોવાનું છતુ થઈ રહ્યું છે. હાલમાં ગુજરાત પ્રદેશ ભાજપના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ @BJP4Gujarat છેલ્લા લાંબા સમયથી જCMOguj કે @Vijayrupanibjpની પોસ્ટ, ઈવેન્ટ કે લાઈવને ટ્વિટ કે રિટ્વિટ કરી રહ્યું નથી. આ બાબત ફરીએકવાર ગુજરાત ભાજપમાં બધુ સમુસુતરુ ચાલી રહ્યુ નથી તેવા સંકેતો આપી રહી છે. છેલ્લે વિજય રૂપાણીએ વેક્સિન લીધી ત્યારે એટલે કે, સવા મહિના પહેલાં પાર્ટીએ રુપાણીને લાઈક કર્યું હતુ.

ખંભાતના MLAનો વીડિયો બનાવી ખંડણી મંગાતા ચકચાર

ખંભાત : ખંભાતના ધારાસભ્ય મહેશકુમાર ઉર્ફે મયુર રાવલ બુધવારે ૧૧:૩૦ કલાકે તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘની ઓફિસે હાજર હતા ત્યારે અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી કોઈએ વોટ્સએપ વીડિયો કોલ કરી એડિટ કરેલો વીડિયો મોકલ્યો હતો. આ શખ્સે ધારાસભ્યને અનેક કોલ કર્યા હતા પણ ફેન રિસીવ ન કરતા મેસેજથી ધમકી આપી હતી. વીડિયો અપલોડ નહીં કરવા માટે વોટ્સએપ મેસેજથી રૂ.૧૫,૫૦૦ની માગણી કરી હતી. તેમજ પરિવારને મોકલવા અને રાજકીય કારકિર્દી ખત્મ કરવા ધમકી આપી હતી. સાઈબર સેલના અધિકારીઓના જણાવ્યા મુજબ વીડિયો કોલ કરી સુંદર યુવતી સામેવાળી વ્યક્તિને મીઠી મીઠી વાતો કરી કપડાં ઉતરાવે છે. બાદમાં આ બીભત્સ વીડિયોને વાઈરલ કરવાની ચિમકી આપી કપડાં ઉતારી નગ્ન થનારી વ્યક્તિ પાસે પૈસાની માંગણી કરવામાં આવે છે. અગાઉ આવા બ્લેકમેઈલિંગના અનેક કેસ આવ્યા છે.

સુરતમાં ૫૦ કરોડનું ઉઠમણું કરનાર વેપારી ડિસ્કાઉન્ટના ખેલમાં પણ માહેર

સુરતઃ ત્રણ દિવસ પહેલા વરાછા હીરા બજારમાંથી રૂા.૫૦ કરોડમાં ઉઠમણું કરીને ફરાર થયેલાં હીરા વેપારીનો કોઈ પત્તો નથી લેણદારોની હાલત કફોડી બની છે.જોકે, એવી વાત બહાર આવી છે કે, હીરા વેપારી બિલ ડિસ્કાઉન્ટનું મોટું કામ કરતો હતો.

તાજેતરમાં મુંબઇમાં ઉઠેલા વેપારીએ માત્ર ૧૫ ટકા ચૂકવવા તૈયારી દર્શાવી હતી

હીરા બજારમાંથી ગાયબ વેપારીનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. કોરોનાને લીધે લેણદારોની હાલત વધુ કફોડી બની છે. હીરા બજારમાં કેટલાક દાનત વગરના તત્વો ઉઠમણા કરવાની તક શોધતા હોય છે. થોડા દિવસ પહેલા મુંબઈ હીરા બજારમાં ઉઠમણું કરનાર વેપારીએ માત્ર ૧૫ ટકા લેણદારોને ચૂકવવાની તૈયારી દર્શાવી હતી.

બહુ મોટી રકમ ગજવે ઘાલ્યા પછી, ઉઠમણું કરનાર હંમેશા લેણદારોની ગરજનો પૂરેપૂરો ફાયદો ઉઠાવતાં હોય છે એવું સંખ્યાબંધ વખત જોવા મળ્યું છે. લેણદારોના હાથમાં કશું આવતું નથી એમ સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં વરાછા હીરા બજારમાંથી ફરાર વેપારીના સબંધીઓ મારફત પત્તો મેળવવા પ્રયાસ ચાલી રહ્યા છે.

૩૬ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂને એક સપ્તાહ લંબાવાયો

ગાંધીનગરઃ ગુજરાતમાં દોઢ મહિનાથી રાજ્યના વિવિધ વિસ્તારમાં લાગુ પ્રતિબંધો કરાયા છે. હવે રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના ૮ મહાનગરો અને ૩૬ શહેરોમાં ૧૫ દિવસથી રાત્રિ કરફ્યૂ ચાલી રહ્યો છે. જેની મુદ્દત લંબાવવાનો નિર્ણય મંગળવારે સાંજે રાજ્ય સરકારે કર્યો હતો. કેટલાંક દિવસોથી કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવા છતાં રાજ્ય સરકાર કોઈ જોખમ લેવા માંગતી નથી. જો કે, રાત્રિના કરફ્યૂના સમયમાં કોઈ વધારો કરાયો નથી. આ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોર કમિટિનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોનાની સ્થિતિ ધીમે ધીમે થાળે પડવા માંડી છે. સરકારના નિર્ણયમાં નાગરિકો, નાના-મોટા વેપારીઓના સહયોગને કારણે જ કેસોની સંખ્યા ૧૪,૫૦૦થી ઘટાડી ૧૧ હજાર સુધી કરવામાં સફળતા મળી છે.

અમદાવાદમાં વાઈફ સ્વેપિંગ માટે પરિણીતા પર દબાણ થતા ફરિયાદ

અમદાવાદઃ વર્ષ ૨૦૦૯માં અમદાવાદમાં રહેતા યુવકના લગ્ન મહેસાણા નજીક આવેલા એક ગામની યુવતી સાથે થયા હતા. લગ્ન સમયે યુવકના પરિવારના સભ્યએ યુવતીના માતા-પિતા પાસેથી પૈસાની માગણી કરી હતી. તેથી યુવતીના પિતાએ વરરાજાના પરિવારના સભ્યોને કરિયાવર સાથે પૈસા આપ્યા હતા. ત્યારબાદ પતિ કંઈ કામધંધો કરતો ન હોવાને કારણે પતિ, જેઠ અને નણંદ તે યુવતીને કહેતા હતા કે, તું પરણીને આવી છે એટલે તારે બધાને કમાઈને ખવડાવવું પડશે. આ ઉપરાંત પરિણીતાને પિયરથી વધુ પૈસા લઈ આવવા માટે દબાણ કરાવા માંડ્યું હતુ. ૨૦૧૩માં પરિણીતા અને તેનો પતિ નાઈજીરિયામાં નોકરી કરવા માટે ગયા હતા ત્યાં પણ પતિએ પૈસાની માંગણી કરી હતી. વર્ષ ૨૦૧૫માં પરિણીતા ગર્ભવતી થતા સાસરે આવી તે પછી સાસરિયાઓએ ફરી હેરાનગતિ ચાલુ કરી હતી. ફરિયાદમા જણાવ્યા પ્રમાણે આ સમયે તો તેના જેઠે પરિણીતા પાસે સેક્સની માગણી કરી હતી. તેથી નારાજ પરિણીતાએ ફોન કરીને આ બાબતે પતિને વાત કરી હતી. આ સમયે પતિએ તેના ભાઈને ઠપકો આપવાને બદલે ઘરમાં રહેવું હોય તો આ બધું સહન કરવું પડશે તેવું સ્પષ્ટ જણાવ્યું હતુ. વર્ષ ૨૦૧૭માં સસરાનું મોત થતાં પરિણીતાનો પતિ અમદાવાદ આવી પહોંચ્યો હતો. જે પછી પતિ અને જેઠ બંનેએ પરિણીતાને વાઈફ સ્વેપિંગ કરવા માટે દબાણ કર્યુ હતું.

કોરોનાકાળમાં રંગીલા સુરતીઓ ૩.૭૭ લાખ લિટર પરમીટવાળો દારૂ પી ગયા

સુરતઃ મહામારી વચ્ચે સુરતીઓનો દારૂ પ્રત્યેનો પ્રેમ ઓછો થતો હોય તેમ જણાતું નથી. છેલ્લા ૪ મહિનાઓમાં પાંચ વાઈન શોપ પરથી દારૂના વેચાણની વિગતો મેળવાઈ તો તમને અચંબો લાગશે તેટલો દારુ સુરતીઓ પી ગયા છે. જો કે, તેમાં ગેરકાયદે વેચાણ થયેલા દારુનો જથ્થો ઉમેરવામાં આવે તો ખુદ સરકાર પણ ચોકી ઉઠે તેમ છે. સુરતીઓએ ૪ મહિનામાં હેલ્થ પરમીટ થકી ૩.૭૭ લાખ લિટર દારૂ પીધો હોવાનું બહાર આવ્યું છે. સુરતમાં જાન્યુઆરી મહિનામાં પરમીટ ધારકોએ ૮૦ હજાર લિટર દારૂ મેળવ્યો હતો. જયારે ફેબ્રુઆરીમાં ૯૫ હજાર લિટર અને એપ્રિલ મહિનામાં તો ૧,૦૨,૦૦૦ લિટર દારૂ પરમીટધારકોએ ખરીદ્યો હતો. એટલે છેલ્લા ચાર મહિનાના સમયમાં હેલ્થ પરમીટ થકી સુરતીઓ ૩.૭૭ લાખ લિટર દારૂ પી ગયા છે.

આ સમયગાળો એવો છે કે, સુરતમાં પણ આંશિક લોકડાઉન લાગુ છે. તેથી માર્કેટ બંધ રખાયું છે અને આવશ્યક ચીજવસ્તુઓ સિવાય કોઈચીજવસ્તુનું વેચાણ થઈ રહ્યું નથી. ત્યારે સુરતના લાલ ગેટ વિસ્તારમાં હેલ્થ પરમીટની વાઈન શોપ ખુલ્લી જોવા મળી છે. સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં રાજ્યમાં દારૂની પરમીટ આપવાનું બંધ કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ નવા નિયમો લાગુ કરાયા હતા. જેમાં પરમીટ આપવાની શરૂઆત કરાઈ છે. સુરતમાં ચાર મહિનાના સમયમાં જ ૨૦૦ પરમીટ વધી છે.

ગુજરાતી સાહિત્યકાર ડો. રશીદ મીરનું ૭૦ વર્ષની વયે નિધન

વડોદરાઃ ગુજરાતી સાહિત્ય જગતને સમૃદ્ધ બનાવવામાં અમૂલ્ય ફાળો આપનાર સાહિત્યકાર ડો.રશીદ મીરનું ૭૦ વર્ષની વયે કિડનીની બિમારીને કારણે નિધન થયું છે. ગુજરાતી ગઝલ સમ્રાટ તરીકે ઓળખાતા ડો.રશીદ મીરના ઘણાં ગઝલ સંગ્રહો, વિવેચન પુસ્તકો તેમજ શોધ નિબંધો પ્રકાશિત થયાં છે. પરંતુ એમ.એસ.યુનિવર્સિટીમાંથી ગુજરાતી ગઝલ પર પહેલી-વહેલી પી.એચ.ડી કરી તેમને ગુજરાતી સાહિત્ય જગતમાં પોતાની એક આગવી ઓળખ બનાવી હતી. ડો.રશીદ કમાલુદ્દીન મીરનો જન્મ ઈ. સ.૧૯૫૦માં ૧ જુનના રોજ ખેડા જિલ્લાના બાલાશિનોર પાસેના પડાલ ગામે થયો હતો. પરંતુ વર્ષોથી તેઓ વડોદરામાં સ્થાયી થયાં હતા. તેમણે બાલાશિનોરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાંથી બી.એનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ૧૯૭૫માં નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ પટેલ કોલેજમાંથી એમ.એ અને ઈ.સ.૧૯૮૦માં એમ.એસ.યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી પૂર્ણ કરી હતી.

સુરત રહેતા માતા-પિતાને લેવા પુત્રએ અમેરિકન સ્ટેટ આર્મીનું પ્લેન મોકલ્યું

સુરત : મિડલ ઈસ્ટના સાઈપ્રસમાં રહેતાં ગુજરાતી ડોક્ટરે કામરેજના સેવણીમાં રહેતા પોતાના માતા-પિતાને ત્યાં બોલાવવા માટે સ્પેશિયલ ફ્લાઈટ મોકલી હોવાનો કિસ્સો સોમવારે સુરતમાં નોંધાયો હતો. સુરત એરપોર્ટ ખાતેથી મળતી માહિતી પ્રમાણે, કોરોનાના વધતાં કહેર વચ્ચે ઘરડા માતા-પિતા તેની ઝપટમાં નહીં આવે તે હેતુથી ગુજરાતી ડોક્ટરે સાયપ્રસના લનાર્કા ઈન્ટરનેશનલ એરપોર્ટથી એક સ્પેશિયલ ચાર્ટર્ડ ફ્લાઈટ સુરત મોકલી હતી. જે સોમવારે સવારે ૯.૦૫ સુરત એરપોર્ટ પર આવીને ૨ પેસેન્જર રણછોડ પટેલ અને સવિતા પટેલને લઈને પરત લનાર્કા એરપોર્ટ

જવા માટે ૧૦.૫૨ કલાકે ઉપડી ગઈ હતી. એરપોર્ટ પર આવેલું ગલ્ફ સ્ટ્રીમ-૪ કક્ષાનું લક્ઝુરિયસ વિમાન એક સમયે અમેરિકન સ્ટેટ આર્મી દ્વારા ઉપયોગમાં આવતું હોવાની માહિતી પણ સુરત એરપોર્ટ ખાતેથી મળી છે. સ્પેશિયલ ફ્લાઈટ મોકલનાર ગુજરાતી ડોક્ટરની માહિતી એરપોર્ટ ખાતેથી મળી શકી હતી નહીં.

મણિનગરમાં કોરોનાના દર્દીએ બારીમાંથી લગાવી મોતની છલાંગ

અમદાવાદઃ ઉત્તરાખંડના નૈનીતાલનો યુવક પત્ની સાથે સગાના ઘરે આવ્યો હતો. જે કોરોનામાં સપડાતા ચાર દિવસથી મણિનગરની ન્યુ લાઈફ હોસ્પિટલમાં દાખલ હતો ઉત્તરાખંડમાં નૈનીતાલ ખાતે રહેતા પરમજીત અમરેશભાઈ વિશ્વાસ (ઉ.વ.૩૬) મણિનગરમાં રહેતા પોતના સગાના ઘરે પત્ની સાથે આવ્યા હતા. જ્યાં કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવતા મણિનગર વિસ્તારમાં જયહિંદ ચાર રસ્તા પાસે આવેલી ન્યું લાઈફ કોવિડ હોસ્પિટલમાં ગત તા, પમી રોજ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.યુવક કોરોનાના કારણે માનસિક રીતે ભાંગી પડયો હતો જેને લઈને ગઈકાલે બપોરે ૩.૩૦ વાગે હોસ્પિટલના ત્રીજા માળેની બારીમાંથી કૂદકો માર્યો હતો નીચે પટકાતા શરીરે ગંભીર ઈજા થતાં સ્થળ પર મરણ પામ્યા હતા. આ ઘટના અંગે મણિનગર પોલીસે અકસ્માતે મોત નોધી વધુ તપાસ મણિનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ, સી.બી ગોસ્વામી ચલાવી રહ્યા છે.

સરકારની બેદરકારીથી જ કોરોના કેસ-મોત વધ્યા : કોંગ્રેસ

- કોંગ્રેસના પ્રદેશ પ્રમુખે મોડાસા સાર્વજિનક કોવિડ હોસ્પિટલની મુલાકાત લીધી
- અંતરિયાળ જિલ્લામાં ૭ વર્ષથી આરોગ્ય ક્ષેત્રે તંત્રની બેદરકારી, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે સરડોઈ ખાતે સદ્‌ગતને શ્રધ્ધાંજલી અર્પી

અરવલ્લી : અરવલ્લી જિલ્લામાં બેડ,ઓકસીજન,રેમડેસીવર ઈન્જેકશન સહિતની દવા અને અન્ય સુવિધાઓના અભાવથી મોતનો આંકડો ઉંચકાયો છે. ત્યારે વધતા જતાં સંક્રમણના ચોંકાવનારા આંકડાને લઈ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમીત ચાવડા એ મોડાસા ખાતેની કોવીડ-૧૯ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને દર્દીઓને હિંમત આપી જલદી સ્વસ્થ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. જયારે આ અગ્રણીએ રાજયની નિષ્ફળ સરકાર સામે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે કોરોના કરતા સરકારના ગેરવહીવટ થી નિષ્ક્રયતાથી અને બેદરકારીથી વધુ મોત નીપજયા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમીત ચાવડા એ મંગળવારના રોજ મોડાસા ખાતેની કોવીડ-૧૯ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

તેઓની આ મુલાકાત ટાણે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સહિતના અગ્રણીઓ જોડાયા હતા.કોવીડ-૧૯ હોસ્પિટલની મુલાકાત દરમ્યાન પ્રદેશ પ્રમુખે સારવાર મેળવી રહેલ દર્દીઓને હિંમત સાથે જલ્દી સાજા થઈ જાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. હોસ્પિટલ મુલાકાત બાદ પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા એ તંત્ર સામે ઢીલી નીતી બદલ સરકારની ઝાટકણી કાઢી હતી.અને કોરોના કરતા સરકારના ગેરવહીવટ, નિષ્ક્રિયતા અને બેદરકારી થી વધુ મોત થયા હોવાનું જણાવ્યું હતું. જિલ્લામાંથી મોટાપ્રમાણમાં દર્દીઓ આ ટ્રસ્ટ સંચાલીત હોસ્પિટલમાં સારવાર માટે આવતા હોવાનું પ્રદેશ પ્રમુખે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં બેડ ઓછા છે,જિલ્લાના ઘણા દર્દીઓને સારવાર માટે હિંમનગરની સીવીલ હોસ્પિટલ જવાનો વારો આવે છે.પરંતુ લાંબી રઝળપાટ બાદ કેટલાક દર્દી મોતને ભેટી રહયા છે. જિલ્લાની સ્થાપનાના ૮ વર્ષ પછી પણ સરકાર આરોગ્ય ક્ષેત્રે ગંભીર બેદરકારી દાખવી છે અને આજે જિલ્લામાં સીવીલ હોસ્પિટલના અભાવે જરૂરતમંદ દર્દીઓને ટ્રસ્ટ સંચાલીત આ હોસ્પિટલમાં સારવાર મેળવવી પડી રહી છે. આરોગ્ય કેન્દ્રો, કેર સેન્ટરોમાં બેડ છે. પરંતુ ઓકસીજન નથી, દવા, ઈન્જેકશન રેમડેસીવર અને ઓકસીજનનો સપ્લાય ઓછો છે.

અમીત ચાવડાએ સરડોઈ ગામે દિવંગત નરેન્દ્રસિંહ પુવાર ને શ્રધ્ધાંજલી પાઠવી હતી. અને પિતાના મોત બદલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર સહિત પરીવારજનોને દિલાસો પાઠવ્યો હતો.

રાજકોટના ૭૯ પૈકી ૪ પાલિકા સભ્યએ કોરોના માટે ગ્રાંટ વાપરી

રાજકોટ : રાજકોટ મહાપાલિકાના ભાજપના નગરસેવકોની કરની અને કથનીમા હાથી ઘોડાના ફરક હોવાનું વધુ એક વખત કોરોનાના કપરા કાળમા ગ્રાંટ રોગચાળામા મદદ રૂપ થવા નહિ આપીને પુરવાર કરી દીધું છે.

ખુદ મુખ્યમંત્રી રૂપાણીએ ધારસભ્યોની ગ્રાંટ કોરોનાની સહાયમા આપવા માટે જાહેરાત કરી છે ત્યારે તેમના હોમટાઉનમા ભાજપના ૬૮ નગરસેવકોએ તેમની ગ્રાંટ આપી નથી પણ કોંગ્રેસના ૪ નગરસેવકોએ પોતાની ગ્રાંટના ૫૦ ટકા રકમ રૂ.૧૦ લાખ કોરોનાની સારવાર માટે ફાળવી દીધી હતી.

રાજકોટ જિલ્લા પંચાયતના ૨૫ ભાજપના સદસ્યોએ પોતાની સ્વભંડોળની ગ્રાંટ કોરોના માટે સાધન સહાય ખરીદવા આપી દીધી છે. કોંગ્રેસના ૧૧ સભ્યોએ પણ ગ્રાંટ કોરોના માટે આપી દઈ મહામારીમા લોકોને મદદ કરવા પ્રયાસ કર્યો હતો. રાજકોટ જિલ્લા પંચાયતની જેમ રાજકોટ મનપામા પણ ભાજપનું શાસન છે ૬૮ નગરસેવકો છે છતા ગ્રાંટ કોરોના માટે ફાળવી નથી. જે તે વખતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ જણાવ્યું હતું કે, અમે ગ્રાંટ મામલે ઝડપથી નિર્ણય લઈશું પણ આજ દિવસ સુધી આવો કોઈ નિર્ણય કરાયો નથી.

ખાતરના ભાવ વધતાં રાજ્યમાં ખેડૂતોના માથે રૂ. ૧૨૦૦ કરોડનો આર્થિક બોજ

- દક્ષિણ ગુજરાતના ખેડૂતોના ખિસ્સામાંથી ૫૦૦ કરોડ, દેશભરના ખેડૂતો પાસેથી રૂા.૨૦ હજાર કરોડ ખંખેરાશે

સુરત : કોરોનાનો ફટકો તો હજુ ખેડુતો સહન કરી જ રહ્યા છે ત્યાં વધારમાં ખાતરના અસહય ભાવ વધારો ઝીંકાતા દેશના ખેડુતોને વર્ષે ૨૦ હજાર કરોડ રૂપિયાનો, ગુજરાતના ખેડુતોને ૧૨૦૦ કરોડનો અને દક્ષિણ ગુજરાતના ખેડુતોને ૫૦૦ કરોડનો વધારોનો બોજો પડનાર છે. જેને પગલે ખેડૂતોએ કેન્દ્રીય નાણાંમંત્રી પાસે ખેડૂતો માટે રૂા.૨૦

હજાર કરોડનું પેકેજ આપવા માંગણી કરી છે.

કોરોનાની મહામારી વચ્ચે ખેડુતો માટે એક દુ:ખદ સમાચાર આવ્યા હતા કે અગાઉ ઈફકો કંપની એ ખાતરના ભાવ વધારી દીધા બાદ તાજેતરમાં જ અન્ય કંપનીઓએ પણ ખાતરના ભાવમાં રૂા.૭૦૦ સુધીનો વધારો કર્યો છે. જેથી ખેડતોની કમર તૂટી જશે. કોટન એસોસીએશન અને ખેડુત અગ્રણી જયેશ પટેલ (દેલાડ) કેન્દ્રય નાણામંત્રીને રજુઆત કરી હતી કે છેલ્લા એક વર્ષમાં કોરોનાની માઠી અસર ખેડુતોને સવિશેષ થઈ છે. દેખરેખના અભાવે પાકનું ઉત્પાદન ઓછુ થયું, યોગ્ય બજારનો પ્રશ્ન ઉભો થયો છે, પાક સંગ્રહના પ્રશ્નને લીધે ખેડુતોની આવક પર અવળી અસર થઈ છે. સાથે જ પરિવારની માંદગી અને સભ્ય કે સ્વજન ગુમાવ્યાનો રંજ પણ છે. આવા સમયે ખાતરના ભાવમાં અસહ્ય વધારો ખેડૂતોને પરવડે તેમ નથી.

ગુજરાતમાં હવે નહીં રહે પાણીની સમસ્યા સરકાર દ્વારા 'હર ઘર જલ' યોજનાની જાહેરાત

- ગ્રામીણ વિસ્તારોમાં નળ દ્વારા પાણીના ૧૦ લાખ જોડાણો આપવા રાજ્ય સરકારના લક્ષ્યાંક

ગુજરાતમાં રુપાણી સરકારે આગામી બે વર્ષમાં હર ઘલ જલ યોજના સાકાર કરવાની નેમ વ્યક્ત કરી છે. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુરુવારે પેયજલ અને સાફસફાઈ વિભાગના સચિવની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં સરકારે રાષ્ટ્રીય સમિતિ સમક્ષ જલ જીવન અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માટે એની વાર્ષિક યોજના રજૂ કરી દીધી હતી. રુપાણી સરકારે યોજના રજૂ કરતા જ જણાવ્યું હતુ કે, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સેચ્યુરેશન પ્લાન ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્ય સરકારે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં નળ દ્વારા પાણીના ૧૦ લાખ જોડાણો આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ માટે તૈયાર કરાયેલી યોજનાને સાકાર કરવાની દીશામાં સરકાર પાસે નક્કર આયોજન છે. અત્યાર સુધી ગુજરાતમાં ૫ જિલ્લા, ૩૧ તાલુકા અને ૮,૨૪૨ ગામડાઓને 'હર ઘર જલ' જાહેર કરી દેવાયા છે.

વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ગુજરાતને શ્રેષ્ઠ કામગીરી બદલ જેજેએમ અંતર્ગત રૂ. ૧૦૦ કરોડની પર્ફોર્મન્સ ઈન્સેન્ટિવ ગ્રાન્ટ મળી છે. તેનો ઉપયોગ હવે 'હર ઘર જલ'માં કરાશે. ૨૦૨૨-૨૩ સુધીમાં રાજ્યમાં ૯૩ લાખથી વધારે ગ્રામીણ ઘરોને આ યોજનામાં સમાવીને લાભ અપાશે. છેલ્લા દોઢ વર્ષમાં આ અભિયાન અંતર્ગત ૧૨ લાખ જોડાણો અપાયા છે. રાજ્ય સરકારે અનુસૂચિત જાત/અનુસૂચિત જનજાતિનું પ્રભુત્વ ધરાવતા વિસ્તારો, એસએજીવાય ગામડાઓ વગેરેને પ્રાથમિકતા આપી તે વિસ્તારમાં કામ કરવાની નેમ અને કટિબદ્ધતા રાખી છે.

ગુજરાતમાં રસીકરણ ઝડપી બનાવવા ૧૬.૬૦ લાખથી વધુ ડોઝ ફાળવાશે

ગાંધીનગર : ગુજરાતમાં છેલ્લાં એક મહિનામાં કોરોનાના આડેધડ સંક્રમણને કારણે સ્થિતિ સતત વણસી રહી હતી. આ દરમિયાન દવા, ઈન્જેકશન તથા ઓક્સિજનની અછત જેવી સમસ્યા આરોગ્ય સુવિધા માટે પડકારરુપ રહી હતી. બીજી તરફ સ્મશાનઘાટ પર પણ કતારની સ્થિતિ અને કલાકો સુધીના વેઈટીંગને કારણે આમજનતામાં સરકાર સામેનો આક્રોશ સતત વધતો રહ્યો હતો. જો કે, પાંચ દિવસથી કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ જોખમ પુરેપુરુ ટળ્યું ન હોવાથી સરકાર રાજ્યમાં વેક્સીનેશન કાર્યક્રમને ગતિ સાથે આગળ ધપાવવા માંગે છે. રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરેલા જવાબમાં કહ્યું હતુ કે, હાલમાં રાજ્ય પાસે વેક્સિનના ૧૪,૮૯,૬૧૦ ડોઝનો સ્ટોક ઉપલબ્ધ છે. જેમાં કોવિશીલ્ડના ૧૨,૪૯,૫૯૦ અને કોવિક્સનના ૨,૪૦,૦૨૦ ડોઝ છે. રાજ્યમાં ૩.૨૪ કરોડ લોકો ૧૮ થી ૪૪ વર્ષ વચ્ચેના લોકોની ઉંમરના છે. જેમાં આ વયજૂથના લોકોને સાત મહાનગરપાલિકા અને ૩ જિલ્લામાં વેકસીન આપવાનુ શરુ કરાયું છે. પહેલી મેથી નવ મે દરમિયાન રાજ્ય સરકારે કોવિશીલ્ડના ૨૧.૪૮ લાખ અને કોવેક્સિનના ૨.૪૯ લાખ ડોઝ મેળવ્યા છે.

સૌરાષ્ટ્રના ત્રણ ગામોમાં હજી સુધી કોરોનાની એન્ટ્રી થઈ નથી

ગીર : ગુજરાતમાં કોરોનાની બીજી લહેરથી લાખથી પણ વધુ લોકો સંક્રમિત થયા છે. સરકાર અને વહિવટી તંત્ર ફરી લોકોને ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવા અને વેક્સીનેશન કરાવવા અપીલ કરી રહ્યું છે. ત્યારે હજી પણ અનેક ગામો એવા છે કે જ્યાં હજી સુધી કોરોનાએ દસ્તક દીધી નથી. હાલમાં સૌરાષ્ટ્રના ૩ ગામો અકાળા (ગીર), ભાખરવડ અને ડમરાળામાં કોરોનાએ હજી એન્ટ્રી કરી ન હોવાનું જાણવા મળ્યું છે. લોકોએ વાયરસના સંક્રમણથી બચવા વાડી વિસ્તારમાં જ રહેણાંક બનાવી દીધા છે. આ વખતે સૌરાષ્ટ્રમાં પણ કોરોનાને કારણે ગંભીર સ્થિતિનું નિર્માણ થયું હતુ. જોકે, આવા સંજોગોમાં પણ અનેક ગામના લોકોએ રાખેલી સતર્કતા તેમના માટે લાભદાયી રહી છે. કોરોનાની બીજી લ્હેરના અંત સુધીમાં સૌરાષ્ટ્રના અનેક ગામોમાં કોરોના પ્રવેશી શક્યો નથી. જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના ડમરાળા, માળિયા તાલુકાના અકાળા (ગીર) અને ભાખરવડ ગામમાં એકપણ કેસ ન હોવાનું સરપંચોએ જણાવ્યું છે.

મોડાસા BAPS દ્વારા ઓક્સિમીટર, પાંચ ઓક્સિજન, કોન્સન્ટ્રેટરનું દાન

મોડાસા : શ્રી બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થા સંચાલીત મોડાસાના શ્રી સ્વામીનારાયણ મંદિર દ્વારા ૧૫ લાખની કિંમતના ઓકસીજન મશીનોનું દાન કરાયું હતું. મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ તેમજ અન્ય કોવીડ હોસ્પિટલોને અપાયેલ ૮ ઓકસીજન કોન્સન્ટ્રેટર અને ૧૬ પલ્સ ઓકસોમીટર મશીનના આ દાનને ટ્રસ્ટ મંડળ,તંત્ર અને અગ્રણીઓ દ્વારા બીરદાવાયું હતું. વિશ્વભરમાં કોરોનાની મહામારી એ માજા મૂકી છે. ચારેકોર સંક્રમણ વધ્યું છે. અરવલ્લી જિલ્લામાં વધતા જતાં સંક્રમણ સામે જરૂરતમંદોને બેડ,દવા,ઈન્જેકશન કે ઓકસીજન પણ સમયસર મળતા નથી. આ જરૂરી સેવાઓ પૂરી પાડવામાં તંત્રનો પનો ટૂંકો પડી રહયો છે. ત્યારે સેવાભાવી સંસ્થાઓ આ કપરાકાળમાં વ્હારે આવી રહી છે. પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજ અને પૂજા મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આંતર રાષ્ટ્રીય સ્તરે આધ્યત્મિક તથા સેવાકીય પ્રવૃત્તીઓમાં સદા અગ્રેસર બીએપીએસ સ્વામી નારાયણ સંસ્થા દ્વારા આ કોવીડ કાળમાં પણ ઠેરઠેર સેવા અપાઈ રહી છે.

યાત્રાધામ અંબાજી મંદિર ૧૮મે સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે

અંબાજી : કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે સરકારની ગાઈડલાઈન મુજબ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠા જિલ્લા કલેકટર આનંદ પટેલે તા. ૧૨ મે-૨૦૨૧ સુધી અંબાજી મંદિર અને તેને સંલગ્ન ધામક સંસ્થાઓ યાત્રિકો માટે બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. અગાઉના નિર્ણય બાદ ટ્રસ્ટ દ્વારા એક વીક ની મુદતનો વધારો કરી અંબાજી મંદિર તા.૧૮ મે-૨૦૨૧ સુધી દર્શનાર્થીઓ માટે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભટ્ટજી મહારાજ દ્વારા પૂજન, અર્ચન તથા ધામક વિધિ વિધાન રાબેતા મુજબ કરવામાં આવશે. દર્શનાર્થીઓ એ હજુ રાહ જોવી પડશે. વધુમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત મૂળ શક્તિપીઠ ગબ્બર મંદિર, અંબિકા વિશ્રામ ગૃહ, જગદજનની પથિકાશ્રમ (હોલી ડે હોમ) તથા અંબિકા ભોજનાલય પણ તા.૧૮/૦૫/૨૦૨૧ સુધી બંધ કરવામાં આવે છે. વિરમપુરના આ કોવિડ હેલ્થ સેન્ટરમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ઓક્શિજનની ૧૬ જમ્બો બોટલ દર્દીઓની સારવાર માટે ભેટમાં આપવામાં આવી છે.

ગોધરામાં આડા સંબંધના વહેમમાં પતિએ પત્નીનું માથું કાપી શરીરના ટુકડા કરી દીધા

પંચમહાલ : પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના એરંડી ગામના રહીશ અને મોરવા હડફ તાલુકાના કડાદરા ગામેથી ગુમ થયેલા પતિ-પત્નીની શોધખોળ કરતા હત્યાનો બનાવ સામે આવ્યો હતો. આડા સંબંધને લઈને પતિએ જ પત્નીની હત્યા કરી લાશને જંગલમાં નાંખી ફરાર થઈ જવા પામ્યો છે. પોલીસ દ્વારા ફરાર પતિની અટકાયત કરી સમગ્ર બનાવનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

ગોધરા તાલુકાના એરંડી ગામે રહેતા અને જિલ્લા સેવા સદન ગોધરા ખાતે કરાર આધારીત પટાવાળા તરીકે નોકરી કરી પોતાનું ગુજરાન ચાલવતા શૈલેષભાઈ શકરાભાઈ માલીવાડના લગ્ન મોરવા હડફના કડાદરા ગામની સંગીતાબેન બામણીયા સાથે થયા હતા. તા ૨ મેં ના રોજ શૈલેષભાઈ અને તેની પત્ની સંગીતાબેન બાઈક ઉપર મોરવા હડફના કડાદરા ગામે સંગીતાબેનના પિયરમાં ગયા હતા. ૭ મેંના રોજ શૈલેષભાઈ અને સંગીતા બાઈક ઉપર એરંડી ગામે પરત જવા નીકળ્યા હતા. પરંતુ પતિ-પત્ની બંને ઘરે ના પહોચતાં પરિવારજનો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી પણ તેઓનો પત્તો ના મળતા સંગીતાબેનના પિતાએ મોરવા(હ) પોલીસ મથકે પતિ-પત્નીની ગુમ થયાની ફરીયાદ નોધાવી હતી.

મોરવા (હ) પોલીસે ફરીયાદ નોધાતાં તપાસ કરીને શૈલેષભાઈ માલીવાડને મોબાઈલ લોકેશનના આધારે અમદાવાદ-ઈડર ની બસમાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસે પુછપરછ કરતાં શૈલેષે જણાવેલ કે સંગીતાબેનને લઈને મેહુલીયા ગામના જંગલમાં લઈ ગયો હતો. જયાં ધારીયાથી સંગીતાબેનનું ગળું કાપીને ધડ અલગ કરી દીધું હતું. શૈલેષે તેની પત્નીની લાશના ધડ, માથું તેમજ પહેરેલા કપડાંને જંગલમાં અલગ-અલગ જગ્યાએ સંતાડી દીધા હતા.

તરસાલીમાં એક જ પરિવારના 3 સભ્યોનો કોરોનાએ ભોગ લીધો

વડોદરા : તરસાલી સુશેન રીંગરોડ પરની ઓલપાડ સોસાયટીમાં રહેતા મનોહરભાઈ કે.સોની કોઠી વિસ્તારના એક શો રૂમમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા.અને તેમના પત્ની કોમલબેન હાઉસવાઈફ હતા.તેમને એક પુત્રી પૂજા હતી.ગત એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમાં મનોહરભાઈની તબિયત બગડી હતી.શરૂઆતમાં તેમણે ફેમિલી ડોક્ટરની દવા લીધી હતી.પરંતુ,ત્રણ દિવસ સુધી તેઓની તબિયત નહી સુધરતા છેવટે કોરોનાનો રિપોર્ટ કઢાવ્યો હતો.અને રિપોર્ટ પોઝિટિવ આવતા તેઓને સારવાર માટે વારસિયા રીંગરોડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે૧૩ મી એપ્રિલે દાખલ કરવામાં આવ્યા હતા.બે દિવસ પછી તેમના પત્ની અને પુત્રીની પણ તબિયત બગડતા સારવાર માટે દાખલ કરવાની ફરજ પડી હતી.પરંતુ,ખાનગી હોસ્પિટલમાં જગ્યા નહી મળતા સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.સયાજી હોસ્પિટલમાં દાખલ થયાના બે દિવસમાં જ પુત્રીનું મોત થયુ હતું. અને તેના બે દિવસ પછી તા.૧૯ મી ના રોજ કોમલબેનનું મોત થયુ હતુ. અને ૨૭ મી તારીખે મનોહરભાઈનું મોત થયુ હતુ. કોરોનાના કારણે ત્રણ સભ્યોનો એક પરિવાર મોતના ખપ્પરમાં હોમાઈ ગયો છે.

નડિયાદના નાટ્ય, સંગીત અને જાણીતા સાહિત્યકાર હરીશ ઠાકરનું અવસાન

નડિયાદ : નડિયાદના વતની તથા ગુજરાતભરમાં જાણીતા કલાકાર હરીશ ઠાકરનું અવસાન થયું છે. સંગીત, નાટય, સાહિત્ય જેવી જુદી જુદી વિદ્યાઓમાં હરીશ ઠાકરે

ઉમદા પ્રદાન કર્યું છે. શહેરની અનેક કલાસંસ્થાઓ સાથે સંકળાયેલા રહીને તેમણે યોગદાન આપ્યું છે. લતા મંગેશકર, ઉષા મંગેશકર, અલકા યાજ્ઞિક અને વંદના વાજપાઈ જેવાં પ્રસિદ્ધ સંગીતકલાકારો સાથે તેઓ કામ કરી ચૂક્યાં હતાં. નડિયાદની સ્ત્રીમિલન અને સ્ત્રીનિકેતન જેવી સંસ્થાઓના સ્થાપક તરીકે તેઓ નગરજનોમાં લોકચાહના ધરાવતા હતા. કલા ક્ષેત્રે તેમના પ્રદાન માટે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે તેમનું સન્માન પણ થયું હતું.

નડિયાદમાં મુસ્લિમ સમાજે ૧૩ હિંદુ કોરોના મૃતકોની અંતિમક્રિયા કરી

- વિરપુરમાં અંતિમવિધિમાં કોઈ ન આવતા RSSના કાર્યકરોએ ૬ મૃતકોના અંતિમ સંસ્કાર કર્યા

નડિયાદ : નડિયાદ અને આસપાસમાં ૧૩ જેટલા હિન્દુ કોરોના મૃતકોને મુસ્લિમ સમાજસેવકોએ અગ્નિસંસ્કાર આપીને કૌમી એકતાનું ઉદાહરણ પૂરું પાડયું હતું, તો વિરપુર અને આસપાસમાં અંતિમવિધિ કરવા કોઈ હાજર ન હોય તેવા ૬ જેટલા કોરોના મૃતકોને સ્વયંસેવકો દ્વારા અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા છે. તાજેતરમાં જ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં એક રિટાર્યડ આર્મી અધિકારીના ૬૫ વર્ષના પિતા સારવાર લઈ રહ્યા હતા. હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું. પરિવારજનો પણ કોરોના પોઝિટિવ હોવાને કારણે કોઈ અંતિમવિધિ કરી શકે તેમ ન હતું. તેમના પુત્રએ શહેરમાં સમાજસેવા કરતા સોહિલભાઈ રઢુવાળાનો સંપર્ક કર્યો હતો અને સ્થિતિ જણાવી હતી. સોહિલભાઈ નડિયાદ અને આસપાસમાં ચિશ્તિયા ફાઉન્ડેશન ચલાવે છે અને સમાજસેવાના કામ કરે છે. તેઓ ફાઉન્ડેશનના સભ્યો સાથે એક એમ્બ્યુલન્સ લઈને હોસ્પિટલમાં હાજર થઈ ગયા હતા અને કોરોના મૃતકને લઈને સ્મશાને પહોંચ્યા હતા. નડિયાદ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલા બોકડ સ્મશાનગૃહમાં કોરોના મૃતકની અંતિમવિધિ થઈ રહી છે.

રાજકીય આગેવાનો અને સામાજિક સંસ્થાઓ દ્વારા ખેડામાં ૨.૨૫ કરોડનું દાન

નડિયાદ : ખેડા જિલ્લામાં કોરોનાના વધતા સંક્રમણ સામે લડવા દાન-અનુદાનની સરવાણી વહેતી થઈ છે. સોમવારે રાજકીય આગેવાનો અને સામાજિક સંસ્થાઓએ સવા બે કરોડ રૂપિયા જેટલું ભંડોળ કોરોના સારવાર માટે જાહેર કર્યું છે. સોમવારે નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈ અને ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણ દ્વારા તેમની ગ્રાન્ટ નડિયાદની હોસ્પિટલોને અર્પણ કરવામાં આવી હતી. આ રકમમાંથી ઓક્સિજનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે. નડિયાદની એન.ડી.દેસાઈ હોસ્પિટલ અને મહાગુજરાત હોસ્પિટલમાં આ રકમોનું દાન કરવામાં આવ્યું છે. નડિયાદની મહાગુજરાત હોસ્પિટલમાં ૧૫૦ જેટલા બેડને ઓક્સિજન પૂરો પડી રહે તેવો પ્લાન્ટ કાર્યરત કરવા માટે કુલ ૬૦ લાખ રૂપિયા જેટલી રકમનો ચેક આજે અર્પણ કરવામાં આવ્યો હતો.

ઇસ્લામ ધર્મ અનુસાર શું માનવીનું તેના મૃત્યુ પછી ચક્ષુદાન કે તેના અન્ય અવયવોનું દાન કાયદેસર છે ?

ભાગ-૨

સૌ પ્રથમ આપણે વીસમી સદી તથા એકવીસમી સદીના મુસ્લિમ ધર્મ ગુરૂઓના મંતવ્યો જોઈએ કે તેઓ આ વિષે શું કહે છે ? આ વિષેની લંબાણપૂર્વક છણાવટ કરતું ૧૦૦ પૃષ્ઠનું એક પુસ્તક ''ઇસ્લામી દ્રષ્ટિએ આંખોનું દાન'' ગુજરાતી ભાષામાં ૧૯૮૬માં પાકિસ્તાનના શહેર કરાચીમાં પ્રગટ થયેલ છે. તે પુસ્તકમાં અસંખ્ય મુસ્લિમ ધર્મગુરૂઓના ''ફતવાઓ'' (રાજાજ્ઞા-સત્તાધીશનો આદેશ) આપવામાં આવેલ છે. અહિં આ લેખમાં એ સર્વે ''ફતવાઓ'' પ્રગટ કરવાનો અવકાશ તથા ઉદ્દેશ નથી, પરંતુ અહિં આ ટૂંકા લેખમાં તેના ખુલાસાઓ અને એ શરતો આપવામાં આવેલ છે, જે શરતોને આધિન ઇસ્લામ ધર્મ અનુસાર એક મુસ્લિમ પોતાની મરજીથી અને પોતાની ઇચ્છા અનુસાર પોતાના મૃત્યુ પછી પોતાના શરીરના અવયવોનું દાન માવજાતના કલ્યાણ તથા ફાયદા કાજે કરી શકે છે.

આ વિષેના જુદા જુદા દેશોના મુસ્લિમ ધર્મગુરૂઓના ''ફતવાઓ''નો સાર આ પ્રમાણે છે :-

૧. ઇસ્લામી દેશો સઉદી અરેબીયા, મિસર તથા જોર્ડનની સરકારના ઉચ્ચ ધાર્મિક અભ્યાસીઓ અને ધર્મ ગુરૂઓએ માનવીના મૃત્યુ પછી તેની મરજી અને ઇચ્છા અનુસાર માનવ જાતના કલ્યાણ, ફાયદા તથા અન્ય માનવીનો જીવ બચાવવા કાજે તેના શરીરના અવયવોના



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

દાનને અમુક શરતોને આધિન ઇસ્લામ ધર્મ અનુસાર કાયદેસર ગણાવેલ છે.

૨. પાકિસ્તાનની ઘણી ધાર્મિક સંસ્થાઓ જેને ''દારૂલ ઉલુમ (જ્ઞાનનું રહેઠાણ) કહેવામાં આવે છે, તેમના મોવડીઓનો પણ ઉપર પ્રમાણેનો અભિપ્રાય છે.

૩. પાકિસ્તાન દેશની સરકારી ''ઇસ્લામ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ'' (ઇસ્લામી સંશોધન સંસ્થા)નો પણ ઉપર પ્રમાણેનો અભિપ્રાય છે.

૪. પાકિસ્તાન તથા ભારતના અન્ય ધાર્મિક અભ્યાસીઓ તથા ધર્મગુરૂઓનો પણ ઉપર પ્રમાણેનો અભિપ્રાય છે.

આ વિષેની શરતો, જે સર્વે ધર્મ ગુરૂઓએ ગણાવેલ છે, તે આ પ્રમાણે છે :-

૧. માનવી પોતાની મરજી અને

ઈસ્લામની આરસી
કાસિમ અબ્બાસ

ઈચ્છા અનુસાર તથા કોઈ પણ પ્રકારના દબાણ વિના પોતે લેખિત પરવાનગી આપતો હોય કે તેના મૃત્યુ પછી તેના શરીરના અવયવોનો ઉપયોગ માનવજાતના કલ્યાણ તથા ફાયદા કાજે કરવામાં આવે. તે ઉપરાંત તેના વાલીની અને અગર તેનો કોઈ વાલી ન હોય તો સત્તાધીશ અધિકારીની મંજુરી પણ જરૂરી છે.

૨. માનવીના મૃત્યુ પછી તેની લેખિત ઈચ્છા અનુસાર તેના મૃત શરીરમાંથી તેના અવયવો કાઢવાનું કાર્ય તબીબી ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા થાય, અને આ કાર્યનો ઉદ્દેશ જરૂરતની ભુમિકાએ જ માનવ જાતના કલ્યાણ અને ફાયદા કાજે જ હોવો જોઈએ. એટલે કે આ અવયવોને આવા અવયવોથી વંચિત માનવીને લગાડવામાં આવે અથવા તો આ અવયવો તબીબી જ્ઞાનના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આપવામાં આવે એ ધ્યાનમાં રાખતા કે માનવજાતના કલ્યાણ કાજે તબીબી જ્ઞાન મેળવવાનો આ એક જ વ્યવહારૂ માર્ગ છે, અને માનવીના શરીરના અવયવોના અભ્યાસ વગર તબીબી જ્ઞાન ખરા અર્થમાં મેળવવું શક્ય ન હોય.

૩. જે જીવંત માનવીને મૃત્યુ પામેલા માનવીના શરીરના અવયવો તેની લેખિત પરવાનગીથી લગાડવામાં આવે તે જીવંત માનવી ખરેખર તે અવયવોનો જરૂરતમંદ હોય, અને તેની શારીરિક વહીવટ ક્રિયાની સલામતીનો આધાર તે અવયવો મેળવવા પર હોય.

૪. મૃત્યુ પામેલા માનવીના શરીરના અવયવો કાઢતા સમયે તે વાતને લક્ષમાં રાખવી જરૂરી છે કે તેના શરીર પર કોઈ અસામાન્ય કુરૂપતા ઉત્પન્ન ન થાય.

૫. મૃત્યુ પામેલા માનવીના શરીરના અવયવોના બદલે કોઈ ભૌતિક વળતર ન લેવામાં આવે તથા અન્ય કોઈ ભૌતિક લાભ દ્રષ્ટિ સમક્ષ ન હોય.

૬. આ કાર્યને ''જરૂરત''ની સીમા સુધી જ મર્યાદિત રાખવું જોઈએ.

હવે આપણે જોઈએ કે મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં માનવજાતના જીવને બચાવવા તથા જે વસ્તુઓ મુસ્લિમો માટે ગેરકાયદેસર (હરામ) છે, તેને જરૂરતની ભુમિકાએ ક્યારે કાયદેસર (હલાલ) તરીકે ઉપયોગમાં લઈ શકાય છે તે વિષેના અમુક બોધવચનો જોઈએ.

ક્રમશઃ

સ્પૂતનિક રસી ભારત આવી, જુલાઈ મહિનાથી વેક્સિનેશન

- **રશિયાથી સિમિત પુરવઠો ભારત પહોંચ્યો, આગામી સપ્તાહે વેચાણ માટે ઉપલબ્ધ હશે, ભારતમાં જુલાઈથી વેક્સિનનું ઉત્પાદન કરાશે**

નવી દિલ્હી : ભારતને આગામી સપ્તાહે કોરોના સામે જંગમાં વેક્સિન તરીકે ત્રીજુ હથિયાર મળી શકે છે. આગામી સપ્તાહે ભારતમાં રશિયામાં બનેલી સ્પૂતનિક વેક્સિન ઉપલબ્ધ થઈ શકે છે. નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે જણાવ્યુ કે, સ્પૂતનિક વેક્સિન ભારત પહોંચી ચુકી છે. મને તે જણાવતા ખુશી થઈ રહી છે અને આશા છે કે તે આગામી સપ્તાહે માર્કેટમાં હાજર થશે. અમને આશા છે કે રશિયાથી જે સીમિત સપ્લાય આવી છે, તે આગામી સપ્તાહે વેચાણ માટે ઉપલબ્ધ થશે. પોલે કહ્યુ કે, આ વેક્સિનનો અન્ય જથ્થો આવશે. તેમણે કહ્યું કે, ભારતમાં જુલાઈથી સ્પૂતનિક વેક્સિનનું ઉત્પાદન પણ શરૂ થવાનું છે. ભારતમાં સ્પૂતનિક વેક્સિનના ૧૫.૬ કરોડ ડોઝ તૈયાર કરવામાં આવશે. હાલ દેશમાં અત્યાર સુધી આશરે ૧૮ કરોડ કોરોના વેક્સિન આપવામાં આવી ચુકી છે. અમેરિકામાં સૌથી વધુ ૨૬ કરોડ ડોઝ લાગ્યા છે. ભારત કોરોના રસીના મામલામાં ત્રીજા સ્થાને છે. પોલે કહ્યુ કે, અમને ખુશી છે કે દેશમાં ૪૫ વર્ષથી વધુ ઉમરના એક તૃતિયાંશ લોકોને કોરોનાનું સુરક્ષા કવચ આપી દેવામાં આવ્યું છે. ૪૫ કે તેનાથી વધુ ઉમરના ૮૮ ટકા લોકોના કોરોનાને કારમો મોત થયા છે. તેવામાં આ ઉમર વર્ગના લોકોનું રસીકરણ જરૂરી હતું અને તેના પર પહેલા ફોકસ કરવામાં આવ્યું છે. તો સ્વાસ્થ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલે કહ્યુ કે, દેશમાં ૧૮૭ જિલ્લામાં કોરોનાના કેસોમાં છેલ્લા બે સપ્તાહથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ઉત્તર પ્રદેશ, દિલ્હી જેવા રાજ્યોમાં પોઝિટિવિટી રેટ ઓછો થયો છે. આ સિવાય બિહારમાં સ્થિતિ સુધરી છે અને એક્ટિવ કેસોની સંખ્યા એક લાખથી ઘટી ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે બહાર પાડેલા આંકડા મુજબ દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૩,૬૨,૭૨૭ લાખ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૩૭,૦૩,૬૬૫ પર પહોંચ્યો છે. જેમાંથી ૧,૯૭,૩૪,૮૨૩ દર્દીઓ રિકવર થયા છે. જ્યારે ૩૭,૧૦,૫૨૫ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. કોરોનાના કારણે એક દિવસમાં ૪૧૨૦ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ સાથે કુલ મોતનો આંકડો ૨,૫૮,૩૧૭ પર પહોંચ્યો છે. એક દિવસમાં જો કે ૩,૫૨,૧૮૧ દર્દીઓએ કોરોનાને માત પણ આપી છે.

મોદી જી-૭ સમિટમાં ભાગ લેવા બ્રિટન જશે નહીં

દેશમાં હાલની કોરોના વાયરસની સ્થિતિને કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જૂન મહિનામાં બ્રિટનમાં યોજાનારી જી-૭ સમિટમાં ભાગ લેવા જશે નહીં. પીએમ મોદીને બ્રિટીશ વડા પ્રધાન બોરિસ જ્હોનસન દ્વારા આ વર્ષે ૧૧ – ૧૩ જૂન વચ્ચે કોર્નવેલમાં યોજાનારી જી-૭ સમિટમાં વિશેષ આમંત્રણ અપાયું હતું. પીએમ મોદીની આ યાત્રા રદ થવાની જાણકારી સરકારે મંગળવારે આપી.જ વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, "બ્રિટનનાં વડા પ્રધાન બોરીસ જ્હોનસન દ્વારા જી-૭ માટે પીએમ મોદીને આપેલા વિશેષ આમંત્રણની પ્રશંસા કરે છે."

યુપીના ઉન્નાવમાં ૧૬ સરકારી ડોક્ટર્સના સામૂહિક રાજીનામા

- **રાજીનામુ આપનારા ડોક્ટર્સ અલગ-અલગ સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર અને પ્રાથમિક સ્વાસ્થ્યના પ્રભારી છે**

નવી દિલ્હી : કોરોના સંકટ વચ્ચે ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં ૧૬ સરકારી ડોક્ટર્સે સામૂહિક રાજીનામુ ધરી દીધું છે. રાજીનામુ આપનારા ડોક્ટર્સ અલગ-અલગ સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર (સીએચસી) અને પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર (પીએચસી)ના પ્રભારી છે. તેમણે જિલ્લા પ્રશાસન અને સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ ખોટી રીતે વાત કરતા હોવાનો આરોપ લગાવ્યો હતો. પ્રશાસનના તાનાશાહીવાળા વલણ અને વિભાગીય ઉચ્ચ અધિકારીઓના અસહયોગના કારણે ઉન્નાવના ૧૬ પીએચસી અને સીએચસી પ્રભારીઓએ પોતાના પદેથી સામૂહિક રાજીનામુ ધરી દીધું છે. સીએમઓ ડૉ. આશુતોષ ન મળવાના કારણે તેમણે ડેપ્યુટી સીએમઓ ડૉ. તન્મય કક્કડને પોતાનું રાજીનામુ સોંપ્યું છે. રાજીનામુ આપનારા ડોક્ટર્સના કહેવા પ્રમાણે કોરોના વચ્ચે તેઓ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક પોતાની જવાબદારીઓ બજાવી રહ્યા છે તેમ છતાં પ્રશાસનિક અધિકારીઓએ દંડાત્મક આદેશ જાહેર કરીને તાનાશાહી વલણ અપનાવ્યું છે.

સેન્ટ્રલ વિસ્ટાની ફોટોગ્રાફી પર પ્રતિબંધ

નવી દિલ્હી : દેશ દોઢ વર્ષથી કોરોના મહામારીનો સામનો કરી રહ્યો છે અને છેલ્લા એક મહિનામાં કોરોનાની બીજી લહેરે ભારે વિનાશ વેર્યો છે. દેશમાં ઓક્સિજન, વેન્ટિલેટર સહિત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ભારે અછત છે.

દેશના સ્મશાનોમાં કોરોના દર્દીઓના શબોના અગ્નિદાહથી આકાશમાં સતત ધૂમાડા થઈ રહ્યા છે. આવા સમયમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ડ્રીમ પ્રોજેક્ટ એવા રૂ. ૨૦ હજાર કરોડનો સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૩ની ડેડલાઈનમાં પૂરો કરવાની ઊતાવળ છે. મોદીના નવા રાજમહેલ જેવા સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં વ્યસ્ત છે તેની ભારે ટીકા થઈ રહી છે. સ્મશાનમાં સળગી રહેલી સંખ્યાબંધ ચિતાઓ અને સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના ફોટો સાથે મૂકીને મોદી સરકારના માથે બરાબરનાં માછલાં ધોવાઈ રહ્યાં છે અને લોકોમાં ભારે આક્રોશ છે. આ માહોલમાં મોદી સરકારે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટની બહાર બેરીકેડ્સ મૂકીને ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરવા પર પ્રતિબંધ મૂકતાં બોર્ડ લગાવી દેતાં નવો વિવાદ ખડો થઈ ગયો છે. આ વિસ્તારને હાઈ સીક્યુરિટી ઝોન ગણાવીને પ્રોજેક્ટમાં કામ કરતા લોકો સિવાયનાં લોકોના સંકુલમાં પ્રવેશ પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. લોકો સવાલ કરી રહ્યાં છે કે, મોદી સરકારે એવું તે શું છૂપાવવાનું છે કે ફોટા-વીડિયો લેવા પર પ્રતિબંધ મૂકી દેવાયો છે ? સૂત્રોના મતે, પ્રોજેક્ટના ફોટા મૂકીને આ મુદ્દો સળગતો ના રખાય એટલે આ પગલું ભરાયું છે. સોશિયલ મીડિયા પર એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશની ગરીબ જનતા માટે કામ કરવાના બદલે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ બનાવી દુનિયામાં પોતાની વાહવાહી કરાવવામાં જ વધુ રસ છે.

રાજસ્થાનમાં વહુ સાથે લફરું ધરાવતા સસરા દ્વારા પોતાના દીકરાની હત્યા

જેસલમેર : રાજસ્થાનના જેસલમેરના આસ્કાન્દ્રા ગામની આ ઘટનામાં પોલીસે આરોપી સસરાની સાથે વહુની પણ ધરપકડ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વહુએ પોતાના પતિના મર્ડરમાં સસરાને મદદ કરી હતી. આરોપીએ પોતાના દીકરાને કરંટ આપીને મોતને ઘાટ ઉતાર્યો હતો.

આ હત્યા ૧૫ દિવસ પહેલા થઈ હતી. જેને અકસ્માતમાં ખપાવી દેવાનો પ્રયાસ થયો હતો. મૃતક હીરાલાલને તેની પત્ની પારલીએ ૨૫મી એપ્રિલે રાત્રે ઊંઘની દવાઓ ભેળવીને લીંબુનું શરબત આપ્યું હતું. જેને પીધા બાદ બેહોશ થઈ ગયેલા હીરાલાલને તેના પિતા મુકેશ કુમાર અને તેની પત્નીએ ભેગા મળીને કરંટ આપીને મોતને ઘાટ ઉતાર્યો હતો. બીજા દિવસે સવારે જ ઉતાવળમાં તેની અંતિમવિધિ કરી દેવામાં આવી હતી.

જિલ્લા એસપી અજય સિંઘના જણાવ્યા અનુસાર, ૬મેના રોજ મૃતકના ભાઈ ભોમરાજે તેના ભાઈના મોત અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મૃતક હીરાલાલની અંતિમવિધિ ૨૬મી એપ્રિલે કરી દેવાઈ હતી. તે વખતે ફરિયાદીના પિતરાઈએ બોડીના ફોટા લીધા હતા. જેમાં તેના શરીર પર દાઝ્યાના નિશાન દેખાતા હતા. આ નિશાન પર શંકા વ્યક્ત કરતાં તેણે પોલીસ ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ શરુ કરી દાટી દેવામાં આવેલી બોડીને બહાર કાઢીને તેનું પીએમ કરાવ્યું હતું. હીરાલાલની પત્નીની પણ પોલીસે પૂછપરછ શરુ કરી હતી. જેમાં તેનો રોલ શંકાસ્પદ જણાયો હતો. આખરે પોલીસે કડકાઈથી પૂછપરછ કરતાં હીરાલાલની પત્નીએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

આગ્રામાં રેપના આરોપીએ પીડિતાના ભાઇ-પિતાને મારી વીડિયો બનાવ્યો

- **૧૦ લોકોનું ટોળુ રેપ પીડિતાના ભાઈ અને પિતા પર તુટી પડયું : ત્રણની ધરપકડ, સાત ફરાર**

આગ્રા : ઉત્તર પ્રદેશનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં રેપ પીડિતાના પિતા અને ભાઈને આરોપીઓ દ્વારા ઢોર માર મારવામાં આવી રહ્યો છે. આ ઘટના આગરાની હોવાનું જાણવા મળ્યું છે. ઘટના બાદ પોલીસે આરોપીઓની શોધખોળ કરી છે.

આગ્રાના એસપી બોત્રે રોહન પ્રમોદે જણાવ્યું હતું કે પિતાની ઉમર ૪૫ વર્ષ અને પુત્રની ૨૦ વર્ષની છે. બન્નેને ઘાયલ અવસ્થામાં સરોજની નાઈડુ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હુમલામાં કુલ ૧૦ લોકો સામેલ હતા, જેમાંથી ત્રણની ધરપકડ કરી લેવાઈ છે અને અન્ય સાતની શોધખોળ ચાલી રહી છે.

આ ઘટના કમલાનગર પોલિસ સ્ટેશન વિસ્તારના બાલકેશ્વર ઘાટ પાસેની છે. તપાસમાં સામે આવ્યું છે કે જે હુમલાખોરો છે તેમાં રેપના આરોપી રાહુલ અને જોગેન્દરનો પણ સમાવેશ થાય છે. આ આરોપીઓ જામિન પર છુટયા હતા. અને આયોજન પૂર્વક રેપ પીડિતાના પિતા અને ભાઈ પર હુમલો કર્યો હતો.

પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદથી આઠના મોત, ઉત્તરાખંડમાં વાદળ ફાટ્યું

કોલકાતા/હિમાચલ પ્રદેશ : પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પરિણામો બાદ રાજકીય વાતાવરણ શાંત પડી રહ્યું છે, ત્યારે હવામાનમાં અચાનક પલ્ટો આવ્યો છે. પાટનગર કોલકાતા સહિતના રાજ્યના દક્ષિણી વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ ત્રાટકતાં આઠ લોકોના મોત નીપજ્યા હતા. દરમિયાનમાં ઉત્તરાખંડના ટિહરી જિલ્લાના દેવ પ્રયાગ વિસ્તારમાં વાદળ ફાટતાં બે મ્યુનિસિપલ ઈમારતો સહિત અનેક દુકાનોને નુકસાન થયું હતુ. જોકે કોઈ જાનહાનિના અહેવાલ નથી. હવામાન ખાતાએ જણાવ્યું હતુ કે, કોલકાતા, હાવરા, નોર્થ ૨૪ પરગણા, નાદિયા, મુર્શિદાબાદ, બાંકુરા, પુરબા બર્ધમાન, પશ્ચિમ મદિનાપુર, બિરભૂમ અને પુરુલિયા જિલ્લામાં વિજળીના કડાકાની સાથે ૫૪ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. કોલકાતાના અનેક વિસ્તારોમાં પાણી ભરતા ટ્રાફિકની રફતાર ઘટી ગઈ હતી.

અરબ સાગરમાંથી ૧૬ મેના રોજ ત્રાટકશે ચક્રવાત : IMDની ચેતવણી

કેરળ : ભારતના હવામાન વિભાગએ મંગળવારે એક ચેતવણી જાહેર કરી છે, જે સૂચવે છે કે અરબ સમુદ્રમાં ૧૬ મેના રોજ ચક્રવાત રચાયું છે. જો તેમ થાય તો, તે ઉત્તર હિંદ મહાસાગર ક્ષેત્રમાં બનનારૂ ૨૦૨૧ નું પહેલું ચક્રવાત હશે અને મ્યાનમારએ તેને 'ટૂકટા' નામ આપ્યું છે. આ ક્ષેત્રમાં સાયક્લોજેનેસિસ માટે મે માં મહાસાગરની સ્થિતી ગંભીર છે.

આઈએમડીએ લક્ષદ્વીપ, કેરળ, કર્ણાટક અને તમિલનાડુમાં ૧૬ મેથી ગુરુવાર સુધી મધ્યમ વરસાદની ચેતવણી આપી છે. વરસાદ મુખ્યત્વે પ્રેસર સિસ્ટમની રચના અને તેની તીવ્રતાને કારણે થશે. આ વાવાઝોડાંથી ૧૪ મેની સવારે દક્ષિણ-પૂર્વ અરબ સાગરમાં નીચા દબાણવાળા ક્ષેત્રની રચના થવાની શક્યતા છે. તે ૧૬ મેની આસપાસ પૂર્વ-મધ્ય અરબ સાગરમાં તીવ્ર વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરી શકે છે અને ઉત્તર પશ્ચિમમાં આગળ વધી શકે છે. આ વાવાઝોડાનાં કારણે ૧૪ મેની સવારે લક્ષદ્વીપ, માલદિવના વિસ્તારોમાં ગુરૂવારથી ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની સાથે વરસાદ પડી શકે છે. ૧૫ મેના રોજ, આ વિસ્તારોમાં તેની ગતિ ૬૦ થી ૭૦ કિમી પ્રતિ કલાક સુધીની હોઈ શકે છે. તે જ સમયે, ૧૬ મેના રોજ, લક્ષદીપ વિસ્તારમાં પવનની ગતિ પ્રતિ કલાક ૮૦ કિલોમીટર સુધી પહોંચી શકે છે.

બંગાળમાં હિંસા બાદ BJPનાં તમામ ૭૭ ધારાસભ્યોને X, Y અને Z કેટેગરીની સુરક્ષા

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી થયેલી રાજકીય હિંસાની વચ્ચે, કેન્દ્ર સરકારે ભાજપનાં ૬૧ ધારાસભ્યોને સીઆઈએએફની એક્સ કેટેગરીની સુરક્ષા પૂરી પાડી છે. ચૂંટણી દરમિયાન પણ બીજેપીના ઘણા નેતાઓને વીઆઈપી સુરક્ષા હતી. આ અંગે લોકોએ કહ્યું કે કેન્દ્ર સરકારે બીજેપીના નેતાઓ અને કાર્યકરો પર થઈ રહેલા હુમલાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. આ સાથે, જ બીજેપીના તમામ ૭૭ ધારાસભ્યોની સુરક્ષા કેન્દ્રીય સુરક્ષા દળોને સોંપવામાં આવી છે. નવા આદેશમાં બીજેપીના ૬૧ ધારાસભ્યોને આ એક્સ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે, જ્યારે સોમવારે વિપક્ષના નેતા તરીકે ચૂંટાયેલા શુભેન્દુ અધિકારીને પહેલેથી જ ઝેડ કેટેગરીની સુરક્ષા મળી છે. અન્ય ચાર બીજેપી નેતાઓને વાય કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે.

૧૮ રાજ્યોમાં કોરોનાના કેસ ઘટ્યા, ૧૧ પ્રદેશમાં વધ્યા

નવી દિલ્હી : આરોગ્ય મંત્રાલયે મંગળવારે મીડિયાને સંબોધન કરતાં કહ્યું કે દેશનાં ૧૮ રાજ્યોમાં નાઇટ કર્ફ્યુ-લોકડાઉન જેવા નિયંત્રણોનાં કારણે કેસોમાં ઘટાડો થવા માંડ્યો છે. જો કે, ૧૧ રાજ્યોમાં કોરોના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે, જે ચિંતાનો વિષય છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, ઝારખંડ, તેલંગાણા, ચંદીગઢ, લદાખ, દમણ અને દીવ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, આંધ્રપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, છત્તીસગઢ, બિહાર અને ગુજરાતમાં દૈનિક કોરોનાનાં નવા કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર કર્ણાટક, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, પંજાબ, આસામ, જમ્મુ-કાશ્મીર, ગોવા, હિમાચલ પ્રદેશ, પુડુચેરી, મણિપુર, મેઘાલય, ત્રિપુરા, નાગાલેન્ડ અને અરૂણાચલ પ્રદેશમાં દરરોજ નવા કેસ વધી રહ્યા છે. આરોગ્ય મંત્રાલયે કહ્યું કે દેશમાં ૧૩ રાજ્યો એવા છે જ્યાં ૧ લાખથી વધુ એક્ટિવ કેસ છે. ૬ રાજ્યોમાં

૫૦,૦૦૦ થી ૧ લાખની વચ્ચે એક્ટિવ કેસોની સંખ્યા રહે છે. ૧૭ રાજ્યો એવા છે જ્યાં ૫૦,૦૦૦થી ઓછા એક્ટિવ કેસ છે.

કોરોના સામે રક્ષણ માટે રસી જરુર શોધાઇ છે પણ આ વાઇરસ સામેની ચોક્કસ કારગર દવા કોઇ નથી શોધાઇ. જ્યારે બીજી તરફ ગોવા સરકારે એક દવાને કોરોના દર્દીઓને આપવાની મંજૂરી આપી દીધી છે. જેને પગલે હવે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહેવુ પડયું છે કે આ દવાનો ઉપયોગ ન કરવો જોઇએ કેમ કે તેની ટ્રાયલમાં પણ કોઇ જ અસર નથી જોવા મળી. આ દવાનું નામ આઇવરમેક્ટિન છે. ડબલ્યુએચઓના મુખ્ય વૈજ્ઞાનિક ડો. સૌમ્યા સ્વામીનાથને એક ટ્વિટ કરીને કહ્યુ હતુ કે, કોઈ પણ દવાનો ઉપયોગ કરતા પહેલા તેની સુરક્ષા અને તેનો દર્દી પર કેવો પ્રભાવ પડે છે તે જાણવુ જરુરી છે. ડબલ્યુએચઓ ક્લિનિકલ ટ્રાયલને છોડીને કોવિડની સારવાર માટે આઈવરમેક્ટિનના ઉપયોગ માટે પરવાનગી આપતુ નથી.

ડો. સ્વામીનાથને જર્મનીની દિગ્ગજ હેલ્થકેર કંપનીના એક જુના નિવેદનને ટ્વિટ સાથે શેર કર્યુ હતુ. જેમાં કહેવાયુ હતુ કે, વૈજ્ઞાનિકો કોરોનાની સારવારમાં આઈવરમેક્ટિનની સુરક્ષા અને તેની અસરની જાણકારી મેળવવા માટેના સંશોધનનો અભ્યાસ કરી રહ્યા છે.

રાજસ્થાન વિદેશથી વેક્સિન મંગાવશે, સરકારે લગાવી ગ્લોબલ ટેન્ડર પર મહોર

રાજસ્થાનની ગેહલોત સરકારે કોરોનાની બીજી લહેરની ચેઇન તોડવા માટે લોકડાઉન જેવા આકરા પગલા ભર્યા છે અને હવે વેક્સિનેશન અભિયાનમાં કોઇ પણ પ્રકારની અડચણ ન આવે તે માટે ગ્લોબલ ટેન્ડર પર મહોર મારી દીધી છે. આશરે 3 કલાક સુધી ચાલેલી કેબિનેટની બેઠક બાદ આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રદેશમાં કોરોના વેક્સિનની તંગી દૂર કરવા ગેહલોત સરકારે હવે પોતે જ વેક્સિનની ખરીદી કરવાની તૈયારી કરી લીધી છે. વેક્સિન મામલે મુખ્યમંત્રી અશોક ગેહલોતની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠક આશરે 3 કલાક સુધી ચાલી હતી અને તેમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠક દરમિયાન કેબિનેટે ગ્લોબલ ટેન્ડર કાઢવા અંગે મંથન કર્યું હતું જેમાં જલ્દી જ ગ્લોબલ ટેન્ડર બહાર પાડીને વેક્સિનની ખરીદી કરવામાં આવે જેથી લોકોને વેક્સિન ઉપલબ્ધ કરાવીને આ મહામારીથી મુક્ત કરી શકાય તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો

ભારત બાયોટેકને રથી ૧૮ વર્ષના બાળકો પર ટ્રાયલની મંજૂરી

ભારત હાલ કોરોના વાયરસની બીજી લહેરનો સામનો કરી રહ્યું છે. આ સાથે જ વેક્સિનેશનનું કામ પણ ચાલી રહ્યું છે. નિષ્ણાતોને એવી શંકા છે કે જો કોરોનાની ત્રીજી લહેર આવશે તો તેમાં બાળકો પણ પ્રભાવિત થશે. તેના અનુસંધાને એક ખૂબ જ મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. કોરોના વેક્સિન સાથે સંકળાયેલી સબ્જેક્ટ એક્સપર્ટ કમિટી (જીઈઞ)એ મંગળવારે ભારત બાયોટેકની કોવેક્સિનની રથી ૧૮ વર્ષની ઉંમરના બાળકો પર ટ્રાયલ માટે ભલામણ કરતા મંજૂરી મળી ગઇ છે.

પીએમ કેર ફંડમાંથી ખરીદેલા ૮૦માંથી ૭૧ વેન્ટિલેટર ખરાબ, બે કલાક ચાલી બંધ થયા

પીએમ કેર ફંડ્સ અંતર્ગત મંગાવવામાં આવેલા વેન્ટિલેટરની ગુણવત્તાને લઇને સવાલ ઉઠવા લાગ્યા છે. ગત વર્ષે પીએમ કેર ફંડ્સમાંથી પંજાબને આપવામાં આવેલા વેન્ટિલેટરનો એક મોટો જથ્થો ઉપયોગમાં લીધા વગરનો જ પડ્યો છે. જેની પાછળ વેન્ટિલેટરની ખરાબ ગુણવત્તાનું કારણ આપવામાં આવી રહ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વેન્ટિલેટર થોડો સમય કામ આપ્યા બાદ બંધ થઇ જાય છે. ફરીદકોટના ગુરુ ગોવિદ સિંહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં આપવામાં આવેલા ૮૦ વેન્ટિલેટરમાંથી ૭૧ વેન્ટિલેટર ખરાબ છે. આ વેન્ટિલેટર્સ AgVa Healthcare દ્વારા પીએમ કેર ફંડ અંતર્ગત આપવામાં આવ્યા હતા. મેડિકલ કોલેજના ડૉક્ટરોના કહેવા પ્રમાણે આ વેન્ટિલેટરની ગુણવત્તા ખરાબ છે અને ઉપયોગ સમયે ૧-૨ કલાકમાં જ તે બંધ થઇ જાય છે. ડોક્ટરોના જણાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવેલા આ વેન્ટિલેટરની ગુણવત્તા પર વિશ્વાસ મુકી શકાય તેમ નથી.

મહારાષ્ટ્રમાં ૧ જૂન સુધી લોકડાઉન

મુંબઈ : દેશમાં ચાલી રહેલી કોરોના વાયરસની બીજી લહેરને ઘાતક બનતી અટકાવવા માટે ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન સહિતના રાજ્યોમાં નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. હવે કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે મહારાષ્ટ્ર સરકારે ૧ જૂન સુધી રાજ્યમાં લોકડાઉન લંબાવવાનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા આ સાથે ગાઈડલાઈન્સ પણ જાહેર કરી છે, જેમાં મહત્વના દિશાનિર્દેશ કરવામાં આવ્યા છે. જૂના નિયમોની સાથે કેટલાક નવા નિયમો પણ જોડવામાં આવ્યા છે જેથી કોરોના વાયરસની ચેઈનને તોડી શકાય. મહારાષ્ટ્રમાં આવનારા તમામ લોકોએ આરટી-પીસીઆર નેગેટિવનો રિપોર્ટ લઈને આવવું જરૂરી બની રહેશે. જે રિપોર્ટ મહારાષ્ટ્રમાં એન્ટ્રી કર્યાના ૪૮ કલાક પહેલાનો જ હોવો જોઈએ. નવા નિયમ પ્રમાણે દેશના કોઈ પણ ખુણામાંથી આવનારા લોકોએ પોતાની સાથે આરટી-પીસીઆર નેગેટિવનો રિપોર્ટ લઈને આવવું પડશે.

ઓક્સિજનના અભાવે ગોવા, આંધ્ર અને તેલંગણામાં કુલ ૪૪ કોરોના દર્દીનાં મોત

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટમાં એવા દાવા કરતી આવી છે કે રાજ્યોમાં ઓક્સિજનની અછત નથી ઉભી થવા દીધી અને હવે બધુ સલામત સ્થિતિમાં ચાલી રહ્યું છે. જોકે હકીકત અલગ સામે આવી રહી છે. દેશમાં ઓક્સિજનની અછત પૂર્ણ નથી થઇ, ગોવામાં સરકારી હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે માત્ર ચાર જ કલાકમાં ૨૬ કોરોના દર્દીના મોત નિપજ્યા છે. જ્યારે આંધ્ર પ્રદેશમાં પણ એક સરકારી હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે માત્ર ૧૦ જ મિનિટમાં ૧૧ કોરોના દર્દીઓના મોત નિપજ્યા હતા. જ્યારે હૈદરાબાદમાં પણ સાત લોકોએ જીવ ગુમાવ્યો હતો. ખુદ ગોવાના મુખ્ય મંત્રી પ્રમોદ સાવંતે સ્વિકાર કર્યો હતો કે ગોવા મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ (જીએમસીએચ)માં પરોઢે બેથી ચાર વાગ્યાના સમયે ઓક્સિજન ન મળવાથી કોરોના વોર્ડમાં કોરોનાની સારવાર લઇ રહેલા ૨૬ દર્દીઓના મોત નિપજ્યા હતા. જોકે સાથે તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ગોવામાં ઓક્સિજનની અછત નથી.

પંજાબને ઓક્સિજન આપવા ગુજરાતને કેન્દ્રનો આદેશ

ગુજરાતને પોતાનો ઓક્સિજનના ફાંફા પડી રહ્યા છે ત્યારે કોરોના સંક્રમણથી કફોડી સ્થિતિમાં મુકાયેલા પંજાબને ૨૦ મેટ્રિક ટન ઓક્સિજન આપવાનો આદેશ કેન્દ્ર દ્વારા ગુજરાતને અપાયો છે. પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહે આ પહેલા કેન્દ્ર સરકારને કહ્યુ હતુ કે, પંજાબમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે રાજ્ય પાસે ઓક્સિજનની કમી છે. એ પછી હવે કેન્દ્ર સરકારે પંજાબને વધારાનો ૨૦ ટન ઓક્સિજન આપવાનો આદેશ આપ્યો છે. આ ઓક્સિજન રોડ માર્ગે ટેન્કરો થકી પંજાબ લઇ જવાશે.

ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં ગંગાકિનારે દફન ૫૦૦ લાશ બહાર આવતાં ચકચાર

ઉત્તરપ્રદેશમાં ઉન્નાવમાં ગંગા કિનારે દાટી દેવામાં આવેલ ૫૦૦થી વધારે શબ ઉપર આવી જતાં ચકચાર મચી ગઇ છે. અહેવાલો અનુસાર રાત્રે ભારે વરસાદના કારણે ગંગામાં પાણીનું સ્તર વધી ગયું હતું. કાંઠા પર દાટવામાં આવેલી લાશો પાણીના દબાણના કારણે બહાર આવી ગઇ હતી. લોકોને જાણ થતાં લોકો ઊમટી પડયાં હતાં અને તંત્રને પણ જાણ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર ઘટનાસ્થળે પહોંચેલા અધિકારીઓએ લાશોનો નિકાલ કરવાના બદલે તેના પર માટી નાખીને તેને ઢાંકી દેવાનો પ્રયાસ કર્યો હોવાનો લોકો આરોપ મૂકે છે. કેટલાક અધિકારીઓએ દલીલ કરી હતી કે લાશો એટલી બધી સડી ગઇ હતી કે તેને કાઢવી શક્ય ન હતી તેથી તેના પર માટી નાખી દેવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર મોટાભાગની લાશો કેસરી કપડામાં વીંટાળેલી હતી. હાલમાં તેમાં કોઇ કામગીરી થાય તેમ નથી. એક અધિકારીએ જણાવ્યું હતું કે જો અમે લાશોને બહાર કાઢીએ તો તેને કારણે કદાચ કાયદો અને વ્યવસ્થાની મુશ્કેલી પણ સર્જાઇ શકે છે.

જેની જવાબદારી છે, તેઓ ક્યાંય છુપાઇને બેઠા છે : રાહુલ ગાંધી

દેશમાં કોરોનાની લહેરનો સામનો કરી રહ્યો છે. આ દરમિયન ક્યાંક ઓક્સિજનની ઉણપ છે, તો ક્યાંક દવાઓની અછત છે. કેટલાક રાજ્યોમાં કોરોનાની રસીની અછતના સમાચાર પણ આવી રહ્યા છે. આ બધા વચ્ચે કોગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે કેન્દ્ર સરકારે પાયાની સમસ્યાઓનું અત્યાર સુધી નથી સામાધાન નથી કરી શકી. રાહુલ ગાંધીએ કહ્યું કે વારંવાર દુખદ સમાચાર આવી રહ્યા છે. પાયાની સમસ્યાઓનું હજુ સુધી સમાધાન નથી થઇ શક્યું. આ મહામારીમાં કેન્દ્ર સરકારની ક્રુરતા આપણા દેશના લોકો ક્યાં સુધી સહન કરશે? જેમની જવાબદારી છે તેઓ ક્યાંક સંતાઇને બેઠા છે.

કોરાના સંકટ વચ્ચે મહારાષ્ટ્રમાં મ્યુકોરમાઈકોસીસના ૨૦૦૦ કેસ

કોરોના વાયરસની તાજી લહેરે સૌ કોઇને ગભરાવી દીધા છે. દેશમાં અત્યારે પણ કોરોનાના ૩૦ લાખથી વધારે એક્ટિવ કેસ છે. આ મહામારી વચ્ચે વધુ એક બીમારીએ મુશ્કેલી લાવી દીધી છે. એ છે મ્યુકોરમાઈકોસીસની બીમારી. કોરોનાના લક્ષણોની વચ્ચે દર્દીઓમાં મ્યુકોરમાઈકોસીસના લક્ષણ જોવા મળી રહ્યા છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોમાં આની અસર સૌથી વધારે છે. લગભગ ૫૦ ટકા દર્દીઓના જીવ જઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યારે મ્યુકોરમાઈકોસીસના લગભગ ૨૦૦૦થી વધારે એક્ટિવ કેસ સામે આવ્યા છે, જેણે રાજ્ય સરકારની ચિંતાને વધારી દીધી છે. અત્યારે જે હૉસ્પિટલોની સાથે મેડિકલ કૉલેજ એટેચ છે, ત્યાં મ્યુકોરમાઈકોસીસના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.

ભારતે કોરોના ખતમ હોવાનું માની અનલોક કરી ભૂલ કરી : યુએસ

અમેરિકાના ટોચના ડોકટર અને વ્હાઇટ હાઉસના મેડિકલ એડવાઇસર ડો.એન્થની ફોસીએ અમેરિકાના સાંસદો સાથે એક બેઠક યોજી હતી. જેમાં તેમણે કહ્યુ હતુ કે, ભારતે કોરોના મહામારી ખતમ થઇ ગઇ હોવાનુ ખોટુ અનુમાન લગાવ્યુ હતુ.દેશને સમય પહેલા અનલોક કરી દીધો હતો. આ જ કારણ છે કે, અત્યારે ભારતની સ્થિતિ બહુ ખરાબ છે.કોરોનાની બીજી લહેર ભારતને પ્રભાવિત કરી રહી છે. દેશના સંખ્યાબંધ રાજ્યો ઓક્સિજન, વેન્ટિલેટર, દવાઓ અને બેડની અછત સામે ઝઝૂમી રહ્યા છે. ડો.ફોસીએ કહ્યુ હતુ કે, ભારતે માની લીધુ હતુ કે, સમય પહેલા જ ભારતમાં બધુ અનલોક થવા માંડ્યુ હતુ અને તેના કારણે સંક્રમણ ફેલાયુ હતુ અને હવે તે ખતરનાક સાબિત થઇ રહ્યુ છે.

ભારતમાં બિનજરૂરી પ્રવાસ કરવાનું ટાળો : ઈયુ

પેરિસ : યુરોપિયન યુનિયન દ્વારા તાજેતરમાં જ વિવિધ દેશોના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા હતા અને સર્વાનુમતે નક્કી કરાયું છે કે, સભ્ય દેશો પોતાના નાગરિકોને ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી. આ એડવાઈઝરી પ્રમાણે યુરોપિયન યુનિયનના સભ્ય દેશોના નાગરિકોને ભારતનો બિનજરૂરી પ્રવાસ ન કરવા જણાવાયું છે. તેમાં જણાવાયું છે કે, ભારતમાં વાઈરસના નવા વેરિઅન્ટના કારણે સ્થિતિ વણસેલી છે અને તેનો ચેપ યુરોપમાં ન ફેલાય તે કારણે થોડો સમય વિદેશ પ્રવાસ ઉપર મર્યાદા લાવવા જણાવાયું છે. ઉલ્લેખનીય છે

કે, WHO દ્વારા B.1.617.2 કોરોના વેરિઅન્ટને ચિંતાજનક અને ભયાનક ગણાવવામાં આવ્યા બાદ યુરોપના દેશોએ પોતાના નાગરિકોને સાવચેતી રાખવા જણાવ્યું છે. યુરોપના દેશોને ભારતના પ્રવાસ ઉપર ઈમર્જન્સી બ્રેક લગાવવા અપીલ કરાઈ છે.મહત્ત્વની વાત એ છે કે, ગત અઠવાડિયે જ યુરોપિયન યુનિયનના સભ્ય દેશો દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે, ત્યાં જૂન મહિનાથી ટ્રાવેલ ઉપરના પ્રતિબંધો હળવા કરવામાં આવશે. ખાસ કરીને જે દેશોમાં કોરોનાની સ્થિતિ કાબૂમાં છે તેવા દેશોમાંથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પણ ચાલુ કરવામાં આવશે. આ દરમિયાન ભારત અંગે વિશેષ ચેતવણી આપવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે, યુરોપના નાગરિકોએ ત્યાં જવાનું ટાળવું અને ભારતના નાગરિકોને પણ બિનજરૂરી પ્રવાસ માટે પરવાનગી આપતા પહેલાં ચકાસણી કરી લેવી.

સેચેલ્સમાં ચીની વેક્સિન લીધા બાદ પણ કેસો વધ્યા

કોરોના સામેના જંગમાં વેક્સિનને સૌથી વધુ અસરકારક હથિયાર માનવામાં આવી રહ્યું છે. જોકે, કેટલાક નાના દેશોમાં મોટા ભાગના લોકોને વેક્સિન આપવામાં આવી હોવા છતાં ત્યાં કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે. સેચેલ્સમાં મેરી નેઈગ એક કોલ સેન્ટરમાં કામ કરે છે અને તે વેક્સિન લેવા માટે આતુર હતી. આ ટચૂકડા દેશમાં મોટા ભાગના લોકોની જેમ માર્ચમાં તેને પણ ચીનની સિનોફાર્મ વેક્સિન આપવામાં આવી હતી. બાદમાં તેને લાગ્યું કે વેક્સિન લીધા બાદ હવે તેને કોરોના થઈ શકશે નહીં.

યુએસમાં ૧૨થી ૧૫ વર્ષના બાળક માટે ફાઈઝર રસીને મંજૂરી

કોરોના કાળની અંદર ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશને(એફડીએ) સોમવારે એક મહત્વનો નિર્ણય લીધો છે. એફડીએ દ્વારા ૧૨થી ૧૫ વર્ષના બાળકો માટે ફાઇજર-બાયોએનટેકની રસીને ઇમરજન્સી વપરાશ માટેની મંજૂરી આપી છે. એફડીએના અધિકારી જેનેટ વુડકૉકે આ નિર્ણયને કોરોના મહામારી સામેની લડતમાં મહત્વપૂર્ણ ગણાવ્યો છે.

લક્ઝમબર્ગ સરકાર સાથેના ટેક્સ વિવાદનો અંત આવ્યોઃ એમેઝોનની જીત

બ્રસેલ્સ : યુરોપિયન યુનિયનને આંચકો આપતા કોર્પોરેટ ટેક્સના એક કેસમાં કોર્ટે એમેઝોનની તરફેણમાં ચુકાદો આપ્યો છે. ૩૦ કરોડ ડોલરના ટેક્સ કેસમાં અંતે યુરોપિયન યુનિયનની હાર થઈ છે અને એમેઝોનનો વિજય થયો છે. ઉલ્લેખનીય છે કે યુરોપિયન યુનિયનની એક્ઝિક્યુટીવ બ્રાન્ચે ૨૦૧૭માં યુએસ ઓનલાઈન રીટેલર એમેઝોનને લક્સેમબર્ગને ૨૫ કરોડ યુરો(૩૦ કરોડ ડોલર)નો ટેક્સ ચુકવવવાનો આદેશ આપ્યો હતો. જો કે આજે યુરોપિયન યુનિયનની જનરલ કોર્ટે જણાવ્યું હતું કે યુરોપિયન કમિશન એમેઝોન પર નાખવામાં ટેક્સ યોગ્ય છે તે પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યું હોવાથી એમેઝોનની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો છે. આ દરમિયાન કોર્ટના ચુકાદાનું સ્વાગત કરતા એમેઝોને જણાવ્યું છે કે અમારુ પહેલાથી જ વલણ રહ્યું છે કે જે તે દેશના નિયમોનું પાલન કરવું. અમને આનંદ છે કે કોર્ટે ટેક્સનો આ મુદ્દો સ્પષ્ટ કરી દીધો. હવે અમે ગ્રાહકોને વધુ સારી સેવા આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકીશું. યુરોપિયન યુનિયને લક્સેમબર્ગના સંદર્ભમાં આપેલ ચુકાદો એમેઝોનની બે કંપનીઓ એમેઝોન ઈયુ અને એમેઝોન યુરોપ હોલ્ડિંગ ટેકનોલોજી સાથે સંકળાયેલ હતો.

૨૦૨૭ પહેલા જ ભારતની વસ્તી ચીન કરતા પણ ઘણી વધી જશે : નિષ્ણાતો

- યુએનના ૨૦૧૯ના અંદાજ મુજબ, ચીનની વસ્તી ૧.૪૩ અબજ જ્યારે ભારતની ૧.૩૭ અબજ નોંધાઈ

બેઈજિંગ : યુએને અગાઉ અંદાજ મૂક્યો હતો કે ૨૦૨૭ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધી જશે. જો કે ચીનના વસ્તી ગણતરી કરનારાઓના જણાવ્યા મુજબ ૨૦૨૭ પહેલા જ ભારતની વસ્તી ચીન કરતા વધી જશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ચીનમાં જન્મ દર ઘટયો છે.

૨૦૧૯ના યુએનના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતની વસ્તીમાં ૨૭.૩ કરોડનો વધારો થશે. આ અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૦૨૭ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધી જશે. જો કે ચીનના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ભારતની વસ્તી ૨૦૨૭ સુધીમાં નહીં પણ તે પહેલા જ ચીન કરતા વધી જશે.

યુનાઈટેડ નેશન્સના આંકડા મુજબ ૨૦૧૯માં ભારતની વસ્તી ૧.૩૭ અબજ જ્યારે ચીનની વસ્તી ૧.૪૩ અબજ હતી. ઉલ્લેખનીય છે કે ચીનમાં દર દસ વર્ષે વસ્તી ગણતરી કરી તેના આંકડા જાહેર કરવામાં આવે છે. મંગળવારે જારી કરાયેલા આંકડા મુજબ ચીનની વસ્તી ૧.૪૧ અબજ છે. ચીને જારી કરેલા વસ્તી ગણતરીના આંકડામાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે આગામી વર્ષથી ચીનની વસ્તીમાં ઘટાડો થવાની શક્યતા છે. ચીનના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ચીનમાં કામ કરી શકે તેવી ઉંમરના લોકોની સંખ્યા ઘટશે જ્યારે વૃદ્ધોની સંખ્યા વધશે જેના કારણે મજૂરોની તંગી સર્જાશે અને વપરાશમાં ઘટાડો થશે.

વાનકુંવર ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર થયેલા ગોળીબારમાં મોતને ભેટનારની ઓળખ થઈ

- મૃતક શખ્સ કોઈ ગેંગ સાથે સંકળાયેલો હોવાની આશંકા

ટોરોન્ટો : રોયલ કેનેડીયન માઉન્ટેડ પોલીસ (આરસીએમપી)એ વાનકુંવર ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર રવિવારે બપોરે ત્રણ વાગ્યે થયેલા ગોળીબારમાં માર્યા ગયેલા વ્યકિતની ઓળખ કરી લીધી હોવાનું જણાવ્યું હતું. એરપોર્ટના ડીપાર્ચર ટર્મનિલ નજીક ૨૮ વર્ષીય કારમાન ગ્રેવાલ નામના વ્યકિત ઉપર ગોળીબાર થયો હતો અને એનું મૃત્યુ ઘટના સ્થળે જ થયું હોવાનું નજરે જોનારા સાક્ષીઓએ જણાવ્યું હતું. મરનાર વ્યકિત પોલીસ માટે જાણીતો હતો. કેમકે એ ગેંગ સાથે સંકળાયેલો હોવાની પોલીસને આશંકા છે. આરસીએમપીના આસિસ્ટન્ટ કમિશનર ડવેઈન મેકડોનાલ્ડે કહ્યું હતું કે, સામાન્ય લોકો માટે આ બાબત ચિંતાનો વિષય છે. પરંતુ અમે ૨૪ કલાક આવી પ્રવૃતિ ઉપર ધ્યાન આપી રહ્યા છીએ. આ ગેંગસ્ટારનેને પકડી લઈને સ્થિતિ તાળે પાડવા પ્રયાસો જારી છે. ભરબપોરે બનેલી હાલની ગોળીબારની ઘટનાથી પ્રવાસીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ૫૮ વર્ષીય સિમોન ચેલીફોકસે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, એ ટર્મીનલની નજીકની બારી પાસે બેઠી હતી. તે સમયે ત્યાં અચાનક ગોળીબારનો અવાજ સાંભળી તેણી ઘડીભર તો સ્તબ્ધ થઈ ગઈ હતી. એ બ્રિટીશ કોલંબિયામાં એના પિતાની સ્ટ્રોક બાદની સર્જરી માટે આવી હતી અને પોતાના ઘરે વ્હાઈટહોર્સ જવા માટે એરપોર્ટ પર આવી હતી. આરસીએમપી સમક્ષ સોમવારે અનેક સવાલો ઉભા થયા હતા. કેમ કે, શંકાસ્પદ હુમલાખોરો ભાગી છૂટવામાં સફળ થયા હતા.

કાબુલમાં શિયાઓ પર આતંકી હુમલો શાળા પાસે બોબ વિસ્ફોટ, ૩૦નાં મોત

- રોષે ભરાયેલા સ્થાનિક લોકોનો એમ્બ્યુલન્સ અને હેલ્થ વર્કરો પર પથ્થરમારો

કાબુલ : અફઘાનિસ્તાનના પશ્ચિમ કાબુલમાં એક શાળા પાસે થયેલા બોંબ વિસ્ફોટમાં વિદ્યાર્થીઓ સહિત કુલ ૩૦ લોકોનાં મોત થયા છે તેમ અફઘાન સરકારના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું છે. તાલિબાને આ હુમલાને વખોડી કાઢીને આ હુમલાની જવાબદારી સ્વીકારવાનો ઈનકાર કર્યો છે.

અફઘાનિસ્તાનના ગૃહ મંત્રાલયના પ્રવક્તા તારિક એરિયનના જણાવ્યા અનુસાર સૈયદ અલ શહદા સ્કૂલ પાસે આ વિસ્ફોટ થયો હતો. આ હુમલો એવા વિસ્તારમાં કરવામાં આવ્યો છે જેમાં શિયાઓની વસ્તી વધારે છે. આ વિસ્ફોટને કારણે રોષે ભરાયેલા લોકોએ એમ્બ્યુલન્સ અને હેલ્થ વર્કરો પર પથ્થરમારો કર્યો હતો તેમ અફઘાનિસ્તાનના આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા ગુલાન દસ્તગીર નાઝારીએ એક નિવેદનમાં જણાવ્યું છે. તેમણે બચાવ કામગીરીમાં સહકાર આપવાની અપીલ કરી હતી. નજીકની જ હોસ્પિટલમાં ૨૦ લોકોના મોત મૃતદેહો લાવવામાં આવ્યા હતાં.

સિંગાપોરમાં શખ્સે માસ્ક ન પહેરવા બદલ ગુજરાતી મહિલાને લાત મારી

સિંગાપોર : સિંગાપોરમાં માસ્ક ન પહેરવા બદલ ૫૫ વર્ષીય ગુજરાતી મૂળની મહિલા સામે એક શખ્સે વેશીય ટિપ્પણી કરી હતી કે અને લાત મારી હતી. આ મહિલા માસ્ક વગર રસ્તા પર ઝડપથી ચાલી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. પીડિત મહિલાની પુત્રી પરવીન કૌરના જણાવ્યા અનુસાર પ્રાઇવેટ ટયુટર તરીકે કામ કરતી હિદોચા નીતા વિશ્ણુભાઈ સવારે ઝડપથી ચાલી રહી હતી ત્યારે તે એક શખ્સ તેમની પાસે આવ્યો હતો અને તેમને માસ્ક નાક ઉપર પહેરવા જણાવ્યું હતું. મીડિયાના જણાવ્યા અનુસાર નીતા ચોઆ તુ કાંગ ડ્રાઇવ પાસે ચાલી રહી હતી ત્યારે બસ સ્ટોપ પાસે એક શખ્સ તેમની પાસે આવ્યો હતો. કૌરે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર જણાવ્યું હતું કે આ શખ્સે તેમની પાસે આવીને કહ્યું કે તે ઝડપથી ચાલી રહી છે પણ તમને માસ્કની ચિંતા નથી.

અમેરિકામાં સૌથી મોટો સાયબર એટેક, ઈમર્જન્સી જાહેર કરવી પડી

- સાયબર એટક પછી કટોકટી જાહેર કરવી પડયાની દુનિયાની પહેલી ઘટના

ન્યૂયોર્ક : અમેરિકામાં પેટ્રોલિયમનું પરીવહન કરતી પાઈપલાઈન કંપની પર સાયબર એટેક થયો છે. સાયબર હુમલો એટલો બધો ગંભીર છે, કે પ્રેસિડેન્ટ બાઈડેને અમેરિકામાં ઈર્જન્સી જાહેર કરી દીધી છે. સાયબર હુમલા પછી ઈમર્જન્સી જાહેર થઈ હોય એવો આ જગતનો પ્રથમ કિસ્સો છે. કોલોનિયલ પાઈપલાઈને શનિવારે કહ્યું હતું કે તેના સર્વર પર રેન્સમવેર હુમલો થયો છે, જેને પગલે બધી જ પાઈપલાઈનો મારફત પેટ્રોલિયમ પેદાશોનું પરીવહન અટકાવી દેવાની ફરજ પડી છે. પોતાને ડાર્ક સાઈડ તરીકે ઓળખાવતી એક ક્રિમિનલ ગેન્ગે સાઈબર હુમલો કરીને કંપનીનું સર્વર ઠપ્પ કરી દીધું છે અને ખંડણીની માગણી કરી છે. અમેરિકામાં ધ કોલોનિયલ પાઈપલાઈન કંપનીનું નેટવર્ક ૮૮૫૦ કિ.મી. લાંબુ છે અને તે ટેક્સાસ અને ન્યૂ જર્સી વચ્ચે ૧૦ રાજ્યો મારફત પેટ્રોલ અને અન્ય ઈંધણનું પરીવહન કરે છે. કંપની ગલ્ફ કોસ્ટમાંથી ઈંધણ ઉત્તર-પૂર્વ સુધી પુરું પાડે છે. કંપની રોજના ૨૫ લાખ બેરલ પેટ્રોલિયમનું પરીવહન કરે છે. અમેરિકાના અનેક રાજ્યોમાં કંપની પાઈપલાઈન મારફત પેટ્રોલિયમ અને અન્ય ઈંધણ પુરા પાડવામાં આવે છે.

રશિયાના કઝાનની શાળામાં ગોળીબાર, ૮ વિદ્યાર્થીઓ સહિત ૧૩ લોકોનાં મોત

મોસ્કો : રશિયાના મુસ્લિમ બહુમતી ધરાવતાં શહેર કઝાનમાં એક શાળામાં આડેધડ ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૩ લોકોનાં મોત થયાં હતાં અને અન્ય ઘણા લોકો ગંભીર રીતે ઘવાયા હોવાના અહેવાલો છે. રશિયાના ઈમર્જન્સી સર્વિસિસ મંત્રાલયે જણાવ્યું હતું કે મંગળવારે બે અથવા તેથી વધારે બંદૂકધારીઓએ શાળા પર ગોળીઓનો વરસાદ વરસાવ્યો હતો. હુમલાની જાણ થતાં સુરક્ષાદળોએ ઘટનાસ્થળે પહોંચીને બે હુમલાખોરોને ઠાર કર્યા હતાં. ચાર માળની આ શાળાના ત્રીજા માળ પરથી બે બાળકોને કૂદતા જોવાયા હતાં. આ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે જેમાં દેખાય છે કે શાળા નંબર ૧૭૫માં ભારે ગોળીબાર થઈ રહ્યો છે. કેટલીક રશિયન એજન્સીઓએ દાવો કર્યો છે કે બે કિશોર બંદૂકધારીઓ આ હુમલા માટે જવાબદાર છે તો બીજી તરફ કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે.

કોરોના સંક્રમિત થયા તો ટીમની બહાર: BCCIની ચેતવણી

વિશેષ ચાર્ટર્ડ પ્લેનની વ્યવસ્થા કરાશે નહીં : બોર્ડ સુરક્ષિત બાયો-બબલને પ્રાધાન્ય આપશે

નવી દિલ્હી : ઇંગ્લેન્ડના પ્રવાસ પહેલાં બીસીસીઆઇએ ખેલાડીઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી દીધી છે કે જો તમે ટીમમાં પુનરાગમન કરો છો અને કોરોના સંક્રમિત છો તેવું જાણવા મળશે તો પોતે ટીમની બહાર થઈ ગયા છે તેવું તમારે સમજી લેવાનું રહેશે. બીસીસીઆઇએ ઇંગ્લેન્ડના પ્રવાસ માટે પસંદ કરાયેલા તમામ ખેલાડીઓને જણાવ્યું છે કે જ્યારે પોતાના ઘરેથી મુંબઇ એકત્ર થશો ત્યારે તમારો કોરોના ટેસ્ટ નેગેટિવ હોવો જરૂરી છે. જો તમારો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવશે તો તમે ટીમની બહાર થઈ જશો અને તમારા માટે કોઇ વિશેષ ચાર્ટર્ડ પ્લેનની વ્યવસ્થા કરવામાં આવશે નહીં. ભારતીય ટીમના ફિઝિયો યોગેશ પરમારે પણ તમામ ખેલાડીઓને તેઓ મુંબઇ આવે તે પહેલાં પોતપોતાના ઘરે આઇસોલેટેડ થઈ જાય તેવી સલાહ આપી છે. સુરક્ષિત બાયો-બબલને બોર્ડ પ્રાધાન્ય આપશે.

બોર્ડની ટીમ ખેલાડીના ઘરે જઇને કોરોના ટેસ્ટ કરશે

કોરોનાની મહામારી વચ્ચે ઘણા ભારતીય ખેલાડીઓ વેક્સિનનો પ્રથમ ડોઝ લઇ ચૂક્યા છે. ઇંગ્લેન્ડ જતા પહેલાં તમામ ખેલાડીઓએ પ્રથમ ડોઝ લઇ લેવાનો છે. ખેલાડીઓ માટે બીસીસીઆઇએ એક વિશેષ રાહત કરી આપી છે. બોર્ડની ટીમ પ્રત્યેક પ્લેયરના ઘરે જઇને તેમનો કોરોના ટેસ્ટ કરશે જેમાં આરટી-પીસીઆર પણ સામેલ છે. બીસીસીઆઇના મેનેજર તમામ ખેલાડીઓને ઘરે મેડિકલ ટીમ મોકલશે. આગામી કેટલાક દિવસમાં તમામ ખેલાડીઓના કોરોના ટેસ્ટ કરાશે. બીસીસીઆઇ હાલમાં બ્રિટિશ સરકારના હેલ્થ ડિપાર્ટમેન્ટની સૂચનાઓની રાહ જોઇ રહ્યું છે.

બોર્ડ કોઇ જોખમ લેવાના સહેજ પણ મૂડમાં નથી

બીસીસીઆઇના એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ ખેલાડીઓને ચેતવણી આપી દેવામાં આવી છે કે જો તેઓ કોરોના પોઝિટિવ હશે તો તેમને ટીમમાંથી બહાર કાઢી મૂકવામાં આવશે અને તેમના માટે કોઇ વિશેષ પ્લેનની વ્યવસ્થા કરવામાં આવશે નહીં.

વેક્સિન લેવાનો પણ બોર્ડે આગ્રહ કર્યો

બીસીસીઆઇએ ટીમના સભ્યોને આગ્રહ કર્યો છે કે તેઓ કોવિશીલ્ડનો પ્રથમ ડોઝ જરૂર લઇ લે અને પછી બોર્ડ તેમના બીજા ડોઝની વ્યવસ્થા ઇંગ્લેન્ડમાં કરશે. ઇંગ્લેન્ડમાં એસ્ટ્રાઝેનેકા વેક્સિન ઉપલબ્ધ છે જે કોવિશીલ્ડનું બીજું સ્વરૂપ છે.

સિંગાપોર ઓપન રદ, સાઇના-શ્રીકાંતની ઓલિમ્પિકની આશાને મોટો ફટકો પડ્યો

નવી દિલ્હીઃ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશને કોરોના વાઇરસ સાથે સંકળાયેલા પ્રવાસ સંબંધી પ્રતિબંધોના કારણે સિંગાપોર ખાતે ટોક્યો ઓલિમ્પિક માટેની છેલ્લી ક્વોલિફાઇંગ ઇવેન્ટ રદ કરતાં ભારતની સાઇના નેહવાલ અને કિદામ્બી શ્રીકાંતની આશાઓ ઉપર પાણી ફરી વળ્યું છે. ટૂર્નામેન્ટના આયોજકોએ સિંગાપોર ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટને પડતી મૂકી છે. આ ટૂર્નામેન્ટ દ્વારા રેસ ટૂ ટોક્યો રેન્કિંગ માટે પોઇન્ટ આપનારી છેલ્લી ટૂર્નામેન્ટ હતી. ફેડરેશને જણાવ્યું હતું કે તમામ ખેલાડીઓ, કર્મચારીઓ તથા સ્થાનિક લોકોની હેલ્થ અને સુરક્ષા સાથે સંકળાયેલાં હિતોને ધ્યાનમાં રાખીને ટૂર્નામેન્ટને રદ કરવામાં આવે છે. તમામ પ્રતિસ્પર્ધીઓને સુરક્ષિત માહોલ આપવાના તમામ પ્રયાસ કરવામાં આવ્યા હતા.

ઇંગ્લેન્ડના ખેલાડીઓ આઇપીએલની બાકીની મેચોમાં રમશે નહીં : ઇસીબી

ન્યૂઝીલેન્ડના પ્લેયર્સ પણ બાકીની મેચો નહીં રમે

લંડનઃ બીસીસીઆઇ ભલે આઇપીએલના બાકીના તબક્કાની મેચો રમાડવા માટે તમામ પ્રયાસ કરી રહ્યું હોય પરંતુ ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે (ઇસીબી) ઇન્ટરનેશનલ ક્રિકેટના પક્ષમાં પોતાનો નિર્ણય જણાવીને કહ્યું હતું કે ઇંગ્લેન્ડના ખેલાડીઓ આઇપીએલની બાકીની મેચોમાં રમે તેવી નહિવત્ સંભાવના છે. ઇંગ્લેન્ડના મેન્સ ક્રિકેટ ડાયરેક્ટર એશ્લે જાઇલ્સે જણાવ્યું હતું કે અમે ઇંગ્લેન્ડની મેચોમાં ઇંગ્લિશ ખેલાડીઓને સામેલ કરવાની યોજના ઘડી રહ્યા છીએ.

ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે જાહેરાત કરી હતી કે તેના ખેલાડીઓ આઇપીએલની બાકીની મેચોમાં રમશે નહીં. આ અહેવાલના બીજા જ દિવસે બુધવારે ન્યૂઝીલેન્ડના ખેલાડીઓના રમવા અંગે પણ પ્રશ્નાર્થ થયો છે. સપ્ટેમ્બર મહિનામાં ન્યૂઝીલેન્ડની ટીમ પાકિસ્તાન સામે યુએઇમાં રમવાની છે જેના કારણે સનરાઇઝર્સ હૈદરાબાદનો નવો સુકાની કેન વિલિયમ્સન, મુંબઇ ઇન્ડિયન્સનો ટ્રેન્ટ બાઉલ્ટ સહિત ઘણા કિવિ ખેલાડીઓ આઇપીએલના બાકીના ભાગમાં રમી શકે તેમ નથી.

કારકિર્દીની ૧૦૦૦મી મેચમાં પોડોરોસ્કા સામે સંઘર્ષ બાદ સેરેનાનો પરાજય

રોમઃ અમેરિકાની દિગ્ગજ ખેલાડી સેરેના વિલિયમ્સ માટે ટેનિસ કોર્ટ ઉપરનું પુનરાગમન સફળ રહ્યું નહોતું અને તેને કારકિર્દીની ૧૦૦૦મી ટૂર મેચમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ક્લે કોર્ટ ઉપર રમાતી રોમ (ઇટાલિયન) ઓપન ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં આર્જેન્ટિનાની નાદિયા પોડોરોસ્કા સામે બે કલાક સંઘર્ષ કર્યો હોવા છતાં સેરેનાનો ૭-૬, ૭-પથી પરાજય થયો હતો. ચાલુ વર્ષના ઓસ્ટ્રેલિયન ઓપન બાદ સેરેના પ્રોફેશનલ ટેનિસ રમી નથી. પરાજય બાદ સેરેનાએ જણાવ્યું હતું કે ક્લે કોર્ટ ઉપર પ્રથમ મુકાબલો હંમેશાં મુશ્કેલ રહેતો હોય છે. મારે કદાચ વધારે પ્રેક્ટિસ મેચોની જરૂર છે. ગયા વર્ષની ચેમ્પિયન રોમાનિયાની સિમોના હાલેપને ઇજાના કારણે વિશ્વની ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત એન્જલિક કેબર સામેનો મુકાબલો પડતો મૂકવો પડ્યો હતો.

HONEST - DEDICATED - TEAMWORK

KHARODIA REAL ESTATE
www.kharodiarealestate.com

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...Its that Simple!

ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે

અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો

You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

Stunning Condo With Extra Ordinary Features With Private Dining Room, Private Theater, Party Room, Outdoor Pool, & Tanning Area. Best Location, Minutes To Hwy 40, Scarborough Town Centre, Centennial College, University Of Toronto. Banks, Convenience Stores Etc... Ideal For Investors And 1st Time Buyers Could Be Purchased With 5% Down Payment. Don't Miss The Opportunity To Buy And Rent Or Live Next To U Of T (Scarborough) / Centennial College.

Mattamy Built Semi Detached Home In Rouge Community. Beautiful 3 Bedrooms + 4 Washrooms. Hardwood Floor In Main And 2nd Floor. With Oak Stairs. Modern Kitchen With Quartz Counter Top And S/S Appliances, Open Concept. Step To Brookside School. 24 Hours Ttc, Mall Plaza, Highways And Places Of Worship.Extras:S/S Fridge. S/S Stove , S/S Dishwasher And S/S Washer/Dryer, 2 Gd Openers And Elf And A/C Unit. California Shutters.Must Certified Deposit Cheque.Attached Schedule B And Form 801 With All The Offers. Custom Built W/In Closet In Master Bdrm

NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS

CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.

Use The Advantage of a Team,
Because...Teamwork Makes Your Dreams Work !

Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE*

BRAND POWER &
INNOVATIVE TECHNOLOGIES
TO GET YOUR HOME RECOGNIZED!

2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303

AIR MILES TRAVEL MORE OFTEN
MASTERS ruby
©TM Trademarks of AIR MILES International Trading B.V. used under license by LoyaltyOne Inc. and Century 21 Canada Limited Partnership

Grand Centurion Office

Shamim & Amin Kharodia
Sales Representatives
info@kharodiarealestate.com
647.501.6786 SHAMIM I 647.308.2941 AMIN

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

CLUB CERAMIC

Lapoto Finish

Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com

Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508

તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત **$595** એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com